
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

વ્યવહારમાં ફેરફાર જણાય ત્યારે જ વ્યકિતને શંકા કરવાનું મન થાય છે...

# અબતક ®

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૯-૩-૨૦૨૬, સોમવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




### યુદ્ધની ઘાતક અસરઃ શેરબજાર લોહી લુહાણઃ રૂપિયો પણ પડીને પાદર

# સેન્સેક્સમાં ૧૭૫૦ પોઈન્ટનો કડાકોઃ ડોલર સામે રૂપિયો ૫૬ પૈસા તૂટ્યો

## સોના - ચાંદીના ભાવમાં પણ ઘટાડોઃ રોકાણકારોમાં ભારે ફફડાટ

**અબતક, રાજકોટ**

ઈરાન - ઈઝરાયેલ - અમેરિકા વચ્ચે ચાલતું ભીષણ યુધ્ધ દિન-પ્રતિદિન ભયાનક વળાંક લઈ રહ્યું છે. યુધ્ધ કયારે પુર્ણ થશે તે નકકી કરવું મુશ્કેલી બની રહ્યું છે. યુધ્ધના કારણે ક્રુડ બેરલના ભાવમાં એક જ દિવસમાં ૨૨ ટકાનો તોતીંગ ઉછાળો નોંધાતા આજે વિશ્વભરના શેરબજાર પડીને પાદર થઈ ગયા હતા. ભારતીય શેરબજાર પણ લોહી લુહાણ થઈ ગયું છે. સેન્સેક્સમાં ૧૭૫૦ થી વધુ અને નીફટીમાં ૫૪૦ પોઈન્ટથી વધુનો કડાકો બોલી ગયો હતો. અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો ૫૬ પૈસા તુટયો હતો. બુલીયન બજારમાં પણ મંદીનો માહોલ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં હજી બજાર તુટે તેવી દહેશત હાલ દેખાય રહી છે.

વિશ્વભરના શેરબજારોમાં આજે ભારે કડાકો બોલી ગયો છે. ભારતીય શેરબજાર ઉઘડતા સપ્તાહે પડીને પાદર થઈ ગયું હતું. સેન્સેક્સે આજે ૭૭ હજારની સપાટી તોડી હતી આજે સેન્સેક્સ ઈન્ટ્રાડેમાં ૭૬૪૨૪.૫૫ ની નીચલી સપાટીએ આપી ગયો હતો. જયારે ઉંચકાયને ૭૭૩૩૩.૮૫ નીફટી એ આજે ઉઘડતી બજારે ૨૪૦૦૦ ની સપાટી તોડી હતી. નીફટી આજે ૨૩૬૯૭.૮૦ ની નીચલી સપાટીએ સરકી જવા પામી હતી.

જયારે ઉપલી સપાટી ૨૩૯૫૯.૭૦ રહેવા પામી હતી. બેન્ક નીફટીમાં ૨૩૭૫ પોઈન્ટનો ઘટાડો



જોવા મળ્યો હતો. નીફટી મીડકેપ ૧૦૦ પણ ૧૮૦૦ થી વધુ પોઈન્ટ પટકાયો હતો. આજે મહામંદીમાં એમસીએકસ ઈન્ડીયા અને કોલ ઈન્ડિયા એમ બે જ કંપની ગ્રીન ઝોનમાં કામકાજ કરતા નજરે પડતા હતા. બાકીની તમામ કંપની અને સેકટરલ ઈન્ડેકસના ભાવ તુટયા હતા. બુલિયન બજારમાં પણ મંદી રહેવા પામી હતી. સોના અને ચાંદીના ભાવ તુટયા છે. અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૫૬ પૈસા તુટયો હતો.

છેલ્લા ઘણા સમયથી શેરબજારમાં એકધારી મંદી જોવા મળી રહી છે. ખાડી યુધ્ધની હવે ભારત પર પણ અસર થવા માંડી છે. ક્રુડ બેરલમાં તોફાની ઉછાળાના કારણે વિશ્વભરના શેર બજારો તેટ્યા છે. રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૭૬૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૭૧૫૭ અને નિફટી ૫૫૩ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૮૯૭ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. અમેરિકી ડોલર ૫૬ પૈસાના ઘટાડા સાથે ૯૨.૩૨ પર ટ્રેડ કરી રહ્યો છે.

ક્રૂડના ભાવો વધતા જોવા મળી રહ્યા છે. આવનારા દિવસોમાં જો સ્થિતિ વકરશે તો વધારે ઉછાળો ક્રુડ અને ગેસમાં જોવા મળશે.એફઆઈઆઈ માલ વેચી રહી છે. બજારને સુધરતા અને થાળે પડતા એકાદ કવાર્ટર લાગી શકે છે.૨૦૨૬-૨૭ ના પહેલા કવાર્ટરના પરિણામો કેવા આવે છે તે શેરબજાર માટે ખૂબ જ મહત્વના સાબિત થશે. ઉપરાંત આગામી ત્રણ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ અને એસ.આઈ.પી નો ઈન્ફલો કેવો રહે છે તે પણ અગત્યનું સાબિત થશે.

યુદ્ધની સ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળશે અને અછત પણ સર્જાઈ શકે છે. આવી સ્થિતિમાં શેરબજાર ને ટકવું મુશ્કેલ થશે. મોંઘવારી પર પણ અસર પડશે. કંપનીઓના પરિણામો પર પણ પ્રતિકૂળ અસર જોવા મળશે. ખાસ કરીને એક્સપોર્ટર્સની હાલત

(અનુ. આઠમા પાને)

### યુદ્ધના વાદળો વિકાસની તકો ભારત તરફ ખેંચી લાવ્યા!

# ગલ્ફ અસુરક્ષિત થતા વિશ્વની ટોચની કંપીનીઓ ૨૭૦ બિલિયન ડોલરના ડેટા સેન્ટરો ભારતમાં સ્થાપશે

## માઈક્રોસોફ્ટ અને એમેઝોન સહિતની કંપનીઓ દુબઈ, અબુધાબી અને ઓમાનથી ડેટા સેન્ટરનો વર્કલોડ ભારતમાં ખસેડવાની તૈયારીમાંઃ મુંબઈ, ચેન્નઈ અને હૈદરાબાદ જેવા શહેરો તેમની પ્રથમ પસંદગી

### ડેટા સેન્ટર પર હુમલાની વ્યાપક અસર

ડ્રોન હુમલા બાદ મધ્ય પૂર્વમાં એડબ્લ્યુએસની ૨૫ જેટલી સેવાઓ સંપૂર્ણ ખોરવાઈ ગઈ હતી અને અન્ય ૩૪ સેવાઓની ગુણવત્તામાં ઘટાડો જોવા મળ્યો હતો. ડેટા સેન્ટર્સ પર થયેલા આ હુમલાઓની સીધી અસર મધ્ય પૂર્વના દેશોની બેન્કિંગ સિસ્ટમ, શેરબજાર અને એવિએશન ઓપરેશન પર પડી હતી, જેના કારણે ભારે આર્થિક નુકસાન અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### ડેટા સેન્ટર ક્ષેત્રે ૨૭૦ બિલિયન ડોલરના રોકાણ આવશે

ભારતમાં વૈશ્વિક કંપનીઓ ઉપરાંત રિલાયન્સ, અદાણી, ટાટા અને એલએન્ડટી જેવા ગ્રુપ્સે ડેટા સેન્ટર ક્ષેત્રે અંદાજિત ૨૭૦ બિલિયન ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ જંગી રોકાણને પગલે આગામી ૫ થી ૭ વર્ષમાં દેશની કુલ ડેટા સેન્ટર કેપેસિટી ૧.૪ ગીગાવોટથી વધીને ૧૦ ગીગાવોટ સુધી પહોંચવાનો અંદાજ છે, જે ભારતને વૈશ્વિક ડેટા હબ બનાવશે.

### ભારતની પસંદગી પાછળ ભૌગોલિક કારણ પણ જવાબદાર

ભારત અને સિંગાપોર પાસે પૂર્વ તરફના ડેટા ટ્રાન્સફર માટે અત્યંત મજબૂત સબસી કેબલ નેટવર્ક ઉપલબ્ધ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને અસ્થિરતાના માહોલ વચ્ચે ભારત ભૌગોલિક રીતે વધુ શાંત અને સુરક્ષિત સ્થાન હોવાથી, તેમજ લેટન્સીની સમસ્યા ન હોવાથી કંપનીઓ ભારત પર પસંદગી ઉતારી રહી છે.

### ભારતમાં ડિઝાસ્ટર રિકવરી પ્લાન અને સરપ્લસ સપ્લાય પણ ઉપલબ્ધ

મધ્ય પૂર્વના ડેટા સેન્ટર્સમાં આશરે ૧ ગીગાવોટની કેપેસિટી છે, પરંતુ સુરક્ષાના જોખમને કારણે ક્લાયન્ટ્સે તેમના 'ડિઝાસ્ટર રિકવરી પ્લાન' અમલમાં મૂક્યા છે. ભારતમાં છેલ્લા ૧૨ થી ૧૫ મહિનામાં ડેટા સેન્ટર્સની કેપેસિટીમાં નોંધપાત્ર વધારો થયો હોવાથી અહીં સરપ્લસ સપ્લાય ઉપલબ્ધ છે, જે આ કટોકટીના સમયે વૈશ્વિક કંપનીઓની ડેટા સ્ટોરેજની જરૂરિયાત પૂરી પાડવા સક્ષમ છે.

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિને પગલે વૈશ્વિક ટેક જાયન્ટ્સ તેમની મહત્વપૂર્ણ ડેટા સિસ્ટમ્સને સુરક્ષિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. માઈક્રોસોફ્ટ અઝ્યોર અને એમેઝોન વેબ સર્વિસિસ જેવી મોટી ક્લાઉડ કંપનીઓ પશ્ચિમ એશિયા (દુબઈ, અબુ ધાબી અને ઓમાન)માંથી પોતાના ડેટા સેન્ટરનો વર્કલોડ ભારત અને સિંગાપોર જેવા વધુ સુરક્ષિત દેશોમાં શિફ્ટ કરવાની યોજના બનાવી રહી છે.

ગત ૨ માર્ચના રોજ સંયુક્ત આરબ અમીરાતમાં એમેઝોન વેબ સર્વિસિસના બે ડેટા સેન્ટર અને બહેરીનમાં એક ડેટા સેન્ટર પર ડ્રોન હુમલા થયા હતા. આ હુમલાઓને કારણે સ્થાનિક બેન્કિંગ એપ્સ, દુબઈ અને કુવૈતની એરપોર્ટ કામગીરી તેમજ યુએઈ શેરબજારને ભારે અસર પહોંચી હતી અને ટેકનિકલ ખામી સર્જાતા કામગીરી અટકાવવી પડી હતી. આ ઉપરાંત, ઈરાનના તેહરાનમાં પણ માઈક્રોસોફ્ટના ડેટા સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યું હોવાના અહેવાલો છે.

આ સંકટને ટાળવા માટે કંપનીઓ તાત્કાલિક ધોરણે મુંબઈ, ચેન્નઈ, હૈદરાબાદ અને કોચી જેવા ભારતીય શહેરોમાં કેપેસિટી શોધી રહી છે, જેથી કરીને બેન્કિંગ અને અન્ય ક્રિટિકલ વર્કલોડને કોઈપણ અડચણ વિના ચાલુ રાખી શકાય. ભારત ભૌગોલિક રીતે અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ મજબૂત હોવાથી કંપનીઓ માટે તે શ્રેષ્ઠ વિકલ્પ બની રહ્યું છે. લેટન્સી (ડેટા પ્રોસેસિંગની સ્પીડ) સારી રહે તે માટે ભારતીય શહેરોની પસંદગી કરવામાં આવી રહી છે.

પુણે સ્થિત ડેટા સેન્ટર કંપની ઈએસડીએસ સોફ્ટવેર સોલ્યુશન્સના મેનેજિંગ ડિરેક્ટર પિયુષ સોમાણીના જણાવ્યા અનુસાર, મધ્ય પૂર્વ ૧ ગીગાવોટની ડેટા સેન્ટર ક્ષમતા સાથે એક મહત્વપૂર્ણ ક્લાઉડ રિજિયન છે. પરંતુ યુદ્ધના ભણકારા વાગતા જ મોટા ક્લાયન્ટ્સે તેમના ડિઝાસ્ટર રિકવરી પ્લાન સક્રિય કરી દીધા છે. ભારત અને સિંગાપોર પાસે આઈટી વર્કલોડ માટે મજબૂત સબસી કેબલ નેટવર્ક છે, જે ડેટા ટ્રાન્સફરને અત્યંત ઝડપી અને સુરક્ષિત બનાવે છે.

વર્તમાન ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને જોતા, કામચલાઉ ડેટા શિફ્ટિંગ માટે ભારત એક વધુ શાંત અને સુરક્ષિત સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. ભારતમાં હાલમાં પૂરતા

(અનુ. આઠમા પાને)

# સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો તોફાની આરંભ

### ભારતીયોની સુરક્ષા માટે અમે કટિબદ્ધ, ઊર્જા ક્ષેત્ર પર સરકારની નજર મિડલ ઈસ્ટ યુદ્ધ અંગે જયશંકરનું નિવેદન

વિદેશ મંત્રી એસ. જયશંકર ઈરાન યુદ્ધ પર રાજ્યસભામાં નિવેદન આપી રહ્યા છે. જયશંકરે ગૃહમાં માહિતી આપી હતી કે, ''ભારત આ વિસ્તારમાં સાર્વભૌમત્વનું સમર્થક છે અને અમારું માનવું છે કે કોઈપણ સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ''. તેમણે કહ્યું કે, ગલ્ફ રિજનમાં એક કરોડ ભારતીયો રહે છે અને તેમની સુરક્ષા અંગે સીસીએસની બેઠકમાં પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.વિદેશ મંત્રીએ આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને અમે સતત તેમના સંપર્કમાં છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે અમે જાન્યુઆરીમાં જ અમારા નાગરિકોને ચેતવણી આપી હતી કે તેઓ જેટલી વહેલી તકે સ્વદેશ પરત ફરે.

સરકાર ઊર્જા ક્ષેત્રની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ભારતીય ગ્રાહકોની જરૂરિયાતો અમારી પ્રાથમિકતા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જાના ભાવમાં થતા ફેરફાર પર અમે ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

તેહરાન,યુએઈ, દુબઈ અને બહેરીનમાં સ્થિત અમારા રાજદ્વારીઓ ભારતીય લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. ભારતીયોને પરત લાવવા માટે અમે ઘણી કોમર્શિયલ ફ્લાઇટ્સનું સંચાલન કર્યું છે. અત્યાર સુધીમાં ૬૭ હજાર ભારતીયો પરત ફરી ચૂક્યા છે. ખાડી દેશોમાં ફસાયેલા અન્ય તમામ ભારતીયોને પાછા લાવવા માટે પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.

### લોકસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્તઃ અનેક મુદે વિપક્ષ આક્રમક મૂડમાં

**અબતક, રાજકોટ**

આજથી સંસદના બજેટ સત્રના આ બીજો તબક્કો શરૂ થયો છે.જે તોફાની બની રહેવાની પૂરી શક્યતા છે.આજે લોકસભામાં સ્પીકર ઓમ બિરલાને હટાવવાની માંગણી કરતી વિપક્ષની દરખાસ્ત અંગે ચર્ચા થશે. પશ્ચિમ એશિયામાં ચાલુ થયેલા સંઘર્ષ, રશિયન ક્રૂડ



ઓઈલની ખરીદી માટે ટ્રમ્પની પરવાનગી, પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન જેવા મુદ્દા પણ છવાઈ જવાની શક્યતા છે. ખાડી યુદ્ધમાં ભારતના વલણ અંગે આજે ગૃહમાં વિદેશ મંત્રી જવાબ આપશે.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારા પછીની અંતિમ યાદીમાં ૬૦ લાખ મતદારોનો નામ કમી કરવાનો મુદ્દો પણ ગૃહની કાર્યવાહીને તોફાની બની હતી. કેટલાંક વિપક્ષી નેતાઓએ સ્પીકર બિરલા સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની નોટિસ આપી છે. વિપક્ષ ગૃહની કાર્યવાહીમાં પક્ષપાત કરતાં હોવાનો તેમનો આક્ષેપ પણ કર્યો છે. સ્પીકરે કોંગ્રેસના સભ્યો સામે કેટલાંક ખોટા દાવા કર્યા હોવાની પણ વિપક્ષની ફરિયાદ છે.

અવિશ્વાસ દરખાસ્તની નોટિસની તારીખથી બિરલાએ ગૃહની કાર્યવાહીથી પોતાને અલગ કરી લીધા હતાં. લોકસભા સચિવાલયે કહ્યું હતું કે તેઓ આ દરખાસ્તનો કોઈ નિર્ણય થયા પછી ગૃહમાં પરત આવશે. અગાઉ શનિવારે બિરલાને સમર્થન આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે તેઓ બંધારણ અને સંસદીય લોકશાહીના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છે.

અવિશ્વાસની નોટિસ ઉપરાંત ઈરાન પર યુએસ-ઈઝરાયલ હુમલાઓ અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલ સપ્લાયમાં વિક્ષેપ પડ્યો છે અને કિંમતોમાં વધારો થયો છે. આ મુદ્દે પણ ગૃહમાં ચર્ચા થવાની ધારણા છે. વિપક્ષ

(અનુ. આઠમા પાને)

### યુદ્ધે ઈંધણને ભડકે બાળ્યું

# ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરને પારઃ સૌથી મોટો આયાતકાર દેશ ભારતમાં જ ભાવ વધારો થવાની સંભાવના નહિવત

## મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ, સાડા ત્રણ વર્ષ બાદ ક્રૂડ ઓઈલની કિંમત ૧૦૦ ડોલરને પાર થઈઃ ૧૫૦ ડોલરે આંબશે

**અબતક, નવી દિલ્હી**

મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જંગી ઉછાળો આવ્યો છે અને સાડા ત્રણ વર્ષમાં પહેલીવાર ઓઈલની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલની સપાટીને વટાવી ગઈ છે. જો કે ભારત આયાતી દેશ હોવા છતાં હજુ પણ ઈંધણના ભાવ વધ્યા નથી.

યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાંથી થતા ઉર્જા ઉત્પાદન અને શિપિંગ રૂટ પર ભારે અસર પડી છે, જેના પરિણામે દુનિયાભરમાં ઓઈલની




સપ્લાય ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ક્રૂડ ઓઈલના વધતા ભાવો અંગે એક આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, ''વિશ્વ શાંતિ માટે આ બહુ નાની કિંમત ચૂકવવી પડી રહી છે. જ્યારે ઈરાનના પરમાણુ ખતરાનો સંપૂર્ણ નાશ થઈ જશે ત્યારે ટૂંકા ગાળા માટે વધેલા ઓઈલના ભાવમાં ઝડપથી ઘટાડો નોંધાશે. માત્ર મૂર્ખ લોકો જ આનાથી અલગ વિચારી શકે.'' ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા ઈરાન સામેની કાર્યવાહીમાં કોઈ બાંધછોડ કરવાના મૂડમાં નથી.

ઓઈલના ભાવોના આંકડાઓ પર નજર કરીએ તો, આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત ૯ ટકાથી વધુ ઉછળીને ૧૦૧.૧૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. જ્યારે યુએસ બેન્ચમાર્ક વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ તો શુક્રવારના બંધ ભાવથી લગભગ ૧૬ ટકા વધીને ૧૦૭.૦૬ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું છે. આ અગાઉ છેલ્લે જૂન અને જુલાઈ ૨૦૨૨માં ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલરની સપાટીને પાર ગયું હતું. માત્ર છેલ્લા એક અઠવાડિયામાં જ અમેરિકી ક્રૂડના ભાવમાં ૩૬ ટકા અને બ્રેન્ટ ક્રૂડમાં


(અનુ. આઠમા પાને)

# યુદ્ધ વચ્ચે આયાતુલ્લાના પડછાયા સમાન મોજતબાએ ઈરાનનું સુકાન સંભાળ્યું

## કટ્ટરપંથી વિચારધારા ધરાવતા મોજતબા પશ્ચિમી જગત માટે પડકારરૂપ થવાની શક્યતા

**અબતક, તેહરાન**

મધ્યપૂર્વમાં વધતા જતા યુદ્ધના તણાવ અને સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ, ઈરાને એક મોટા રાજકીય પરિવર્તનની જાહેરાત કરી છે. દાયકાઓ સુધી પિતાના પડછાયામાં રહીને સત્તાના દોરડા સંભાળનાર ૫૫ વર્ષીય મોજતબા ખામેનેઈ હવે સત્તાવાર રીતે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકે નિયુક્ત થયા છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે આ સત્તા પરિવર્તન વૈશ્વિક સ્તરે અત્યંત મહત્વનું માનવામાં આવે છે.



મોજતબા ખામેનેઈ અત્યાર સુધી દુનિયાની નજરથી દૂર રહીને કામ કરતા હતા. જોકે, ઈરાનના સત્તાવાર વર્તુળોમાં તે જાણીતું હતું કે તેઓ જ આયતુલ્લા ખામેનેઈના સૌથી વિશ્વસનીય સલાહકાર હતા. મોજતબા છેલ્લા ઘણા વર્ષોથી તેમના પિતાની ઓફિસ ('બીત') નું સંચાલન કરતા હતા. કોણ નેતા આયતુલ્લાને મળી શકશે અને કઈ ફાઈલો મંજૂર થશે, તેનો અંતિમ નિર્ણય

(અનુ. આઠમા પાને)

# WHO એ આરોગ્ય અસમાનતા મોનિટરના ભાગ રૂપે બે મુખ્ય સંસાધનોના અપડેટેડ સંસ્કરણો બહાર પાડ્યા

## આરોગ્ય અસમાનતા ડેટાનો સૌથી મોટો જાહેર ભંડાર છે, તેને જાહેરમાં ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી નવીનતમ ઉપલબ્ધ ડેટા સાથે અપડેટ કરવામાં આવ્યો છે, તેમાં હવે ૧૩ મિલિયનથી વધુ ડેટા પોઈન્ટ છે, જે ૨૪૦૦થી વધુ આરોગ્ય સૂચકાંકો અને અસમાનતાના ૨૨ પરિમાણોને કેપ્ચર કરે છે

વિશ્વ આરોગ્ય સંસ્થાએ અપડેટેડ હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરી અને હેલ્થ ઈક્વિટી એસેસમેન્ટ ટૂલકીટ બહાર પાડ્યું છે, જે ૩ માર્ચ ૨૦૨૬ વિભાગીય અપડેટ કરાયેલ છે.આરોગ્ય સમાનતા માટે ડેટા સુલભતા અને ઉપયોગીતાને મજબૂત બનાવવા માટે WHO એ આરોગ્ય અસમાનતા મોનિટરના ભાગરૂપે બે મુખ્ય સંસાધનોના અપડેટેડ સંસ્કરણો બહાર પાડ્યા છે .

WHO હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરી જે આરોગ્ય અસમાનતા ડેટાનો સૌથી મોટો જાહેર ભંડાર છે, તેને જાહેરમાં ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી નવીનતમ ઉપલબ્ધ ડેટા સાથે અપડેટ કરવામાં આવ્યો છે. તેમાં હવે ૧૩ મિલિયનથી વધુ ડેટા પોઈન્ટ છે જે ૨૪૦૦ થી વધુ આરોગ્ય સૂચકાંકો અને અસમાનતાના ૨૨ પરિમાણોને કેપ્ચર કરે છે. હેલ્થ ઈક્વિટી એસેસમેન્ટ ટૂલકીટ સોફ્ટવેરના નવા પ્રકાશિત સંસ્કરણ ૭ માં આરોગ્ય અસમાનતાઓના વિશ્લેષણ અને રિપોર્ટિંગ માટે સુધારેલ કાર્યક્ષમતા શામેલ છે. HEAT (સંસ્કરણ ૭) ૨૦૨૫ HIDR ડેટા અપડેટ સાથે પ્રીલોડેડ છે.

ઉચ્ચ-ગુણવત્તાવાળા વિભાજિત આરોગ્ય ડેટાની ઍક્સેસ વિવિધ આરોગ્ય વિષયો અને વસ્તી જૂથોમાં અસમાનતા દેખરેખ પ્રયાસોને સરળ બનાવે છે. તેમાં માં હવે WHO, ડેમોગ્રાફિક એન્ડ હેલ્થ સર્વે પ્રોગ્રામ, યુરોસ્ટેટ, ગ્લોબલ ડેટા લેબ, ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન , ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD), યુનાઈટેડ નેશન્સ ઈન્ટર-એજન્સી ગ્રુપ ફોર ચાઈલ્ડ મોર્ટાલિટી એસ્ટિમેશન (UN IGME), યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ગ્લોબલ ડેટાબેઝ, જોઈન્ટ યુનાઈટેડ નેશન્સ પ્રોગ્રામ ઓન HIV/AIDS (UNAIDS), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), યુનિસેફ અને વર્લ્ડ બેંક જેવા સ્ત્રોતોમાંથી અપડેટેડ ડેટા સાથે ૬૨ ડેટાસેટ્સ છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

HIDR આરોગ્ય અને આરોગ્ય સંબંધિત ડેટા રજૂ કરે છે, જેમાં ઉંમર, અપંગતાની સ્થિતિ, આર્થિક સ્થિતિ, શિક્ષણ, રોજગારની સ્થિતિ, સ્થળાંતરિત સ્થિતિ, રહેઠાણનું સ્થળ, લિંગ અને ઉપ-રાષ્ટ્રીય ક્ષેત્ર જેવા પરિમાણો દ્વારા વિભાજિત કરવામાં આવે છે. HEAT અને HEAT Plus સોફ્ટવેર એપ્લિકેશન ઈન્ટરેક્ટિવ ગ્રાફ, નકશા અને કોષ્ટકો દ્વારા અસમાનતા ડેટાનું અન્વેષણ કરવા સક્ષમ બનાવે છે. સોફ્ટવેરનું સંસ્કરણ ૭ એક ''નિર્ધારિકો'' ઘટક રજૂ કરે છે જે વપરાશકર્તાઓને પસંદગીના દેશોમાં આરોગ્ય સૂચકાંકો અને આરોગ્યના નિર્ધારિકો વચ્ચે જોડાણ દર્શાવતા સ્કેટરપ્લોટ્સ જનરેટ કરવાની મંજૂરી આપે છે.

આ સંગઠનોને WHO ઓપરેશનલ ફ્રેમવર્ક ફોર મોનિટરિંગ સોશિયલ ડિટર્મિનેન્ટ્સ ઓફ હેલ્થ ઈક્વિટીમાં વ્યાખ્યાયિત આરોગ્ય નિર્ધારિકોના છ ડોમેન્સમાં શોધી શકાય છે. આર્થિક સુરક્ષા અને સમાનતા, શિક્ષણ, ૮ભૌતિક વાતાવરણ, સામાજિક અને સમુદાય સંદર્ભ આરોગ્ય વર્તણૂકો અને આરોગ્ય સંભાળનો સમાવેશ થાય છે.આરોગ્ય અસમાનતા દેખરેખ કોણ પાછળ રહી ગયું છે તેના પુરાવા પૂરા પાડે છે અને આરોગ્ય નીતિઓ, કાર્યક્રમો અને પ્રથાઓને માહિતગાર કરે છે, જેનો હેતુ હાલના અંતરને દૂર કરવાનો અને આરોગ્ય સમાનતા પ્રાપ્ત કરવાનો છે. આરોગ્ય સમાનતાએ WHO જનરલ પ્રોગ્રામ ઓફ વર્ક (GPW 14) માં દર્શાવેલ એક કેન્દ્રીય સિદ્ધાંત છે .

રિપોઝીટરી દ્વારા નવીનતમ વૈશ્વિક અસમાનતા ડેટાની સરળ ઍક્સેસ પૂરી પાડવી, અને આ ડેટાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે HEAT જેવા સાધનો જાળવવા, આરોગ્ય અસમાનતા દેખરેખ પરના અમારા કાર્યના મહત્વપૂર્ણ ઘટકો છે, WHO ખાતે આરોગ્ય અસમાનતા દેખરેખ માટે ટીમ લીડ અહમદ રેઝા હુસેનપૂરે જણાવ્યું છે કે ''સાથે મળીને, આરોગ્ય અસમાનતા ડેટા રિપોઝીટરી અને HEAT દેશોમાં વપરાશકર્તાઓ માટે અસમાનતાઓ ક્યાં અસ્તિત્વમાં છે તે વધુ સારી રીતે સમજવાનો માર્ગ મોકળો કરે છે અને તેમને ટકાઉ રીતે કેવી રીતે સંબોધિત કરી શકાય તે નક્કી કરવાનું શરૂ કરે છે.''

હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરી ૨૦૨૩ માં શરૂ કરવામાં આવી હતી અને તે આરોગ્ય અને આરોગ્યના નિર્ણાયકો વિશે જાહેરમાં ઉપલબ્ધ વિભાજિત ડેટાનો સૌથી મોટો સંગ્રહ છે. તે વાર્ષિક ધોરણે અપડેટ થાય છે. રિપોઝીટરીમાંના બધા ડેટાસેટ્સ વ્યાપક મેટાડેટા સાથે હોય છે, જે મૂળ ડેટા સ્ત્રોત વિશે વિગતો પ્રદાન કરે છે. નોંધ કરો કે હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરીમાં કેટલાક ડેટાસેટ્સ બાહ્ય પ્રકાશિત સ્ત્રોતોમાંથી છે અને સત્તાવાર ઠંઇધ આંકડાઓનું પ્રતિનિધિત્વ કરતા નથી.

અસમાનતા ડેટાના ઉન્નત અર્થઘટન અને ઉપયોગને સમર્થન આપવા માટે WHO દ્વારા HEAT અને HEAT Plus સોફ્ટવેર એપ્લિકેશન વિકસાવવામાં આવી હતી. HEAT માં HIDR માંથી બિલ્ટ-ઈન ડેટા શામેલ છે, જ્યારે HEAT Plus વપરાશકર્તાઓને તેમના પોતાના ડેટાસેટ્સ અપલોડ કરવાની મંજૂરી આપે છે. HEAT 2016 માં લોન્ચ કરવામાં આવ્યું હતું, અને HEAT Plus 2017 ના આરોગ્ય અસમાનતા દેખરેખ પર WHO ના કાર્ય વિશે ''સ્વાસ્થ્ય સમાનતા પ્રાપ્ત કરવા માટે આરોગ્ય અસમાનતાઓ અને તેના ડ્રાઈવરોને ઓળખવા જરૂરી છે''WHO તેરમો જનરલ પ્રોગ્રામ ઓફ વર્કમાં આરોગ્ય સમાનતા એ સામાજિક, આર્થિક, વસ્તી વિષયક અથવા ભૌગોલિક લાક્ષણિકતાઓ દ્વારા વ્યાખ્યાયિત વસ્તી જૂથોમાં આરોગ્યમાં અન્યાયી, ટાળી શકાય તેવા અથવા સુધારી શકાય તેવા તફાવતોનો અભાવ છે. આરોગ્ય અસમાનતાઓ એ વસ્તીના પેટાજૂથોમાં આરોગ્યમાં માપી શકાય તેવા તફાવતો છે. આરોગ્ય અસમાનતાઓનું નિરીક્ષણ કરવાથી કોણ પાછળ રહી ગયું છે તેના પુરાવા મળે છે અને આરોગ્ય નીતિઓ, કાર્યક્રમો અને પ્રથાઓને જાણ કરવામાં આવે છે જેનો હેતુ હાલના અંતરને દૂર કરવાનો અને આરોગ્ય સમાનતા પ્રાપ્ત કરવાનો છે.આરોગ્ય અસમાનતા દેખરેખમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના કાર્યનો ઉદ્દેશ્ય છે કે દેશ, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે આરોગ્ય અસમાનતા દેખરેખ માટેની ક્ષમતાને મજબૂત બનાવવી. WHO અને વૈશ્વિક ભાગીદારોમાં આરોગ્ય અસમાનતા પર નવીનતમ પુરાવા બનાવો અને તેનો પ્રસાર કરો અને ડેટા ડિસએગ્રિગેશનને સમર્થન આપો.આરોગ્ય અસમાનતા દેખરેખ સાધનો, સંસાધનો અને શ્રેષ્ઠ પ્રથાઓ વિકસાવો અને સુધારો એ સ્વાસ્થ્ય અસમાનતા દેખરેખ એ આરોગ્ય સમાનતાને આગળ વધારવા માટે ડેટાનો ઉપયોગ''એ આરોગ્ય અસમાનતા દેખરેખ પ્રથાઓના પ્રભાવને મજબૂત કરવા માટે એક સમકાલીન, સર્વાંગી માર્ગદર્શિકા છે.

### પ્રાઈમરી માર્કેટમાં મંદીનો માહોલ

# હવે ૭૦% આઈપીઓના લિસ્ટીંગ ડિસ્કાઉન્ટથી થવા માંડ્યા !

## ઉંચા વેલ્યુએશન અને શેરબજારની મંદીની અસર હવે આઈપીઓ પર પણ જોવા મળી: આઈપીઓ માંડ-માંડ ભરાય છે

## નાનો રોકાણકાર વિમુખ થતો જોવા મળી રહ્યો છે :ડીસ ઈન્વેસ્ટમેન્ટ ના ટાર્ગેટ પણ પૂરા કરવા અઘરા સાબિત થશે

**અબતક, રાજકોટ**

શેરબજારમાં મંદીના પગલે પ્રાઈમરી માર્કેટને પણ વ્યાપક અસર થતી જોવા મળી રહી છે. યુદ્ધની સ્થિતિ વકરતી જાય છે અને સરવાળે યુદ્ધ તો નુકશાન કારક જ હોય છે.આવા સમયે પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓ લાવી રહેલા પ્રમોટરોની હાલત ખરાબ છે.માંડ-માંડ આઈપીઓ ભરાઈ રહ્યા છે,તો બીજી બાજુ લિસ્ટિંગમાં કોઈને શેરો લેવા નથી.યુદ્ધની સ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળશે અને અછત પણ સર્જાઈ શકે છે. આવી સ્થિતિમાં શેર બજાર ને ટકવું મુશ્કેલ થશે. મોંઘવારી પર પણ અસર પડશે. કંપનીઓના પરિણામો પર પણ પ્રતિકૂળ અસર જોવા મળશે. ખાસ કરીને એક્સપોર્ટર્સની હાલત પણ ખરાબ થશે.ગેસ આધારિત ઉત્પાદન થતા એકમો પર પણ ગેસની અછત સર્જાતા માઠી અસર જોવા મળશે. આવી હાલતમાં ઊંચા પ્રીમિયમ થી જે આઈપીઓ આવી રહ્યા છે તેને વધુ સહન કરવાનો વારો આવશે.

વિદેશી નાણાકીય સંસ્થાઓ શેરો વેચતી જાય છે અને તેને રોકવાનો કોઈ ઉપાય હાલ જોવા મળતો નથી.૧ લી એપ્રિલથી શેરબજાર પર એસટીટીનું પણ ભારણ વધશે.આમ ચારેય બાજુથી શેરબજાર ઘેરાયેલું છે.આવી પરિસ્થિતિમાં જો યુદ્ધ લાંબુ ચાલશે તો શેરબજાર પર વધારે ખરાબ અસર જોવા મળશે. સરકારના ડીસ ઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ પર પણ વિપરીત અસર જોવા મળશે. તાજેતરમાં જ એક ઓ.એફ.એસ આવેલો જેમાં ખૂબ જ ઓછી ડિમાન્ડ આવેલી અને આ ઓ.એફ.એસ પૂરો નહીં ભરાતા અને રોકાણકારોએ રસ નહીં દાખવતા આ ઓ.એફ.એસ ફેલ ગયો છે.જો આ સ્થિતિ રહેશે તો ડીસ ઈન્વેસ્ટમેન્ટની જે યોજના છે તેનો ટાર્ગેટ પૂરો થવાની કોઈ શક્યતા હાલ દેખાતી નથી.અત્યાર સુધી ક્રૂડના ભાવો અંકુશમાં હતા અને પેટ્રોલ અને ડીઝલના ભાવો પણ સ્થિર હતા. જો હવે ક્રૂડમાં ઉછાળો આવે અને જો ક્રૂડના ભાવ ૪૦% થી વધુ ઉછળશે,તો પેટ્રોલ અને ડીઝલના ભાવો પણ વધશે. તેવું નિષ્ણાતો જણાવી રહ્યા છે.જો આવું કઈ પણ બનશે તો શેરબજાર પર અને કંપનીઓના પરિણામો પર વિપરીત અસર જોવા મળશે. માર્ચનીવ૧૫ તારીખના એડવાન્સ



ટેક્સના આંકડાઓ પર પણ બજારની નજર છે.કંપનીઓ એડવાન્સ ટેક્સ કેટલો ભરી રહી છે,તેની અસર શેરબજાર પર પણ જોવા મળશે.શક્યતા, તો ગત વર્ષ કરતાં કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાની છે પરંતુ સાચી હકીકત તો આંકડાઓ બહાર આવે પછી જ ખબર પડે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર અત્યારે સ્થિતિ નાજુક છે. રોકાણકારો ફસાયેલા છે. યુદ્ધની સ્થિતિમાંથી બહાર આવતા થોડો સમય લાગશે.સંજોગો સાનુકુળ નથી. વૈશ્વિક મંદીનો માહોલ છે. જીઓ પોલીટીકલ ટેન્શન પહેલેથી જ છે. હવે એમાં ઉમેરો થતો જોવા મળી રહ્યો છે. યુદ્ધની સાઈડ ઈફેક્ટ અને નેગેટિવ ઈફેક્ટ આવવાની ધીમે-ધીમે શરૂ થઈ રહી છે. નિકાસકારોના જહાજો મધદરીયે ફસાયેલા છે. શિપમેન્ટ મળતા નથી. ઉંચા ભાડા બોલાવા લાગ્યા છે. ઈન્સ્યોરન્સ કંપનીઓ શીપમેન્ટ ના ઈન્સ્યોરન્સ લેવા તૈયાર નથી અથવા તો પ્રીમિયમમાં ઉછાળો આવી રહ્યો છે,તેવા પણ સમાચાર છે. માલ રેડી છે , ક્લાઈન્ટ રેડી છે પણ શિપમેન્ટ થતા નથી.જે કંઈ પણ શિપમેન્ટ થઈ ગયા છે, તે પણ ફસાયેલા છે. આવી હાલતમાં કંપનીઓના પરિણામો ખરાબ આવી શકે છે.ક્રૂડના ભાવો વધતા જોવા મળી રહ્યા છે.

આવનારા દિવસોમાં જો સ્થિતિ વકરશે તો વધારે ઉછાળો ક્રુડ અને ગેસમાં જોવા મળશે.એફ આઈ આઈ માલ વેચી રહી છે. બજારને સુધરતા અને થાળે પડતા એકાદ ક્વાર્ટર લાગી શકે છે.૨૦૨૬-૨૭ ના પહેલા ક્વાર્ટરના પરિણામો કેવા આવે છે તે શેરબજાર માટે ખૂબ જ મહત્વના સાબિત થશે. ઉપરાંત આગામી ત્રણ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ અને એસ.આઈ.પી નો ઈન્ફલો કેવો રહે છે તે પણ અગત્યનું સાબિત થશે.

### કાનપુર નજીક પુલ રીપેરીંગ સબબ

# રાજકોટ થઈ ચાલતી ઓખા - ગોરખપુર એક્સપ્રેસ ટ્રેન બલાયેલા રૂટ પર દોડશે

## ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી ગોંડા સ્ટેશનો પર ટ્રેન નહીં જાય

**અબતક, રાજકોટ**

રાજકોટઃ ઉત્તર રેલવેના કાનપુર સેન્ટ્રલ સ્ટેશન પાસે આવેલા બ્રિજ ૧૧૦ પર નિર્ધારિત મેન્ટેનન્સ કામગીરીના કારણે, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ નિર્ધારિત તારીખોમાં આંશિક રીતે બદલાયેલા માર્ગ પર ચલાવવામાં આવશે.તારીખ ૦૫, ૧૨, ૧૯ અને ૨૬ એપ્રિલ તથા ૦૩ અને ૧૦ મે ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી આ ટ્રેન તેના નિયમિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-ઐશબાગ-મલ્હૌર-બારાબંકી-ગોરખપુરના બદલે આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-પ્રયાગરાજ-માં બેલહા દેવી ધામ પ્રતાપગઢ જંક્શન-ગોરખપુર થઈને દોડશે. માર્ગમાં ફેરફારને કારણે આ તારીખો દરમિયાન આ ટ્રેન ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી અને ગોંડા સ્ટેશનો પર જશે નહીં.રેલવે પ્રશાસન મુસાફરોને ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની અવશ્ય મુલાકાત લે.

# બાળ સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવતા ડો. રમેશચંદ્ર ભાયાણી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત તથા ગુજકોસ્ટ માન્ય શ્રી ઓ.વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટના નિયામક ડો. રમેશચંદ્ર ભાયાણીને તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ બાળસાહિત્ય અકાદમીના રજત જયંતિ અધિવેશનમાં તેઓ દ્વારા લીખીત પુસ્તક ડો. હોમી ભાભા ભારતના અણુયુગના પિતામહ માટે બાળસાહિત્ય અકાદમી પુરસ્કાર દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.



આ અગાઉ પણ વર્ષ ૧૯૯૦ અને ૧૯૯૪ માં તેઓના બે પુસ્તકોને સાહિત્ય અકાદમી પુરસ્કાર અને વર્ષ ૧૯૯૭ માં ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયા છે. લેખન દ્વારા વિજ્ઞાનના પ્રચાર પ્રસાર ક્ષેત્રે છેલ્લા પાંચ દાયકાથી અવિરત પણે કાર્યરત ડો. રમેશચંદ્ર ભાયાણીને સમગ્ર સાહિત્ય જગત દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



## તા.૧૦-૩-૨૦૨૬ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ સાતમ વિછુડો
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** હર્ષણ **કરણઃ** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૦૨ **સુર્યાસ્તઃ** ૬.૫૩
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૩-૨૦૨૬ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોકેટ પરાઠા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૧૦-૦૩-૨૦૨૬ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## સૂડોકુ -૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૩ | | | |
| | | | | | | | ૩ | |
| | | | ૬ | | ૮ | ૯ | ૭ | |
| | ૫ | ૪ | | | ૨ | | | |
| ૭ | ૮ | | | | | | | |
| ૨ | ૧ | | ૯ | ૮ | ૫ | | | |
| ૪ | | ૬ | ૩ | | | ૧ | | |
| ૩ | | | | ૯ | | ૪ | | |
| | ૭ | ૮ | ૧ | | | | ૯ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૫ | ૯ | ૭ | ૬ | ૩ | ૪ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૫ | ૨ | ૧ | ૯ | ૭ |
| ૨ | ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૬ | ૮ | ૫ |
| ૫ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૧ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ |
| ૩ | ૨ | ૭ | ૬ | ૯ | ૮ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૮ | ૧ | ૫ | ૨ | ૯ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૯ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ | ૧ | ૪ |

# આવતીકાલનું રાશિફળ

**તા.૧૦.૩.૨૦૨૬ મંગળવાર ,સંવંત ૨૦૮૨ , ફાગણ વદ સાતમ, અનુરાધા નક્ષત્ર , હર્ષણ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો ,દિવસ શુભ રહે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય,સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો , દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદ થી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય,મુશ્કેલી માં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય,નવીન તક હાથ માં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# રાજન મારૂતિ ટ્રાવેલ્સ એન્ડ કાર્ગો સર્વિસનું ભવ્ય ઉદ્દઘાટન

## ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને યુપી સહિતના સાત રાજ્યોમાં વ્યાપ

**અબતક, રાજકોટ**

રાજન મારુતિ ટ્રાવેલ્સ એન્ડ કાર્ગોની ઓફિસનું ગત રવિવારે ભવ્ય ઓપનિંગ કરવામાં આવ્યું હતું. મસ્તરામ બાપુ (આનંદી આશ્રમ), વિજયદાદા ગુરૂજી (ગજાનન આશ્રમ માલસર)ના વરદ હસ્તે સાત રાજ્યોમાં વ્યાપ ધરાવતી ટ્રાવેલ્સ અને કાર્ગો સર્વિસનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

શહેરના પુનિતનગર ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે રાજન મારુતિ ટ્રાવેલ્સ અને કાર્ગો સર્વિસનું ગઈકાલે તા.૦૮-૦૨-૨૦૨૬ ના રોજ આનંદી આશ્રમના મસ્તરામબાપુ અને ગજાનન આશ્રમ-માલસરના વિજયદાદા ગુરુજીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ભાનુબેન બાબરીયા અને જયેશભાઈ રાદડિયા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

રાજન ટ્રાવેલ્સ અને કાર્ગો સર્વિસ ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન અને પંજાબ સુધી ટ્રાવેલ્સ અને કાર્ગોની સવલત આપવામાં આવશે. સૌરાષ્ટ્રના વડા મથક સમાન રાજકોટ ખાતે અરવિંદસિંહ ભરતસિંહ જાડેજા, ક્રિપાલસિંહ ભરતસિંહ જાડેજા(કોટડા નાયાણી) અને ગોપાલસિંહ ઘેલુભા જાડેજા, રવિરાજસિંહ ઘેલુભા જાડેજા(પીપળીયા પાળ) દ્વારા શરૂ કરવામાં આવેલી ટ્રાવેલ્સ અને કાર્ગો સર્વિસથી રાજકોટ અને તેની આસપાસ આવેલા ઔદ્યોગિક ઝોનને અત્યંત લાભ થનાર છે. અહીંથી સીધી જ સાત રાજ્યોમાં અવરજવર તેમજ કાર્ગો સર્વિસની સવલત મળનાર છે.





આનંદી આશ્રમના મસ્તરામ બાપુ અને ગજાનન આશ્રમ-માલસરના વિજયદાદાના હસ્તે પ્રારંભ : ધારાસભ્ય ભાનુબેન બાબરીયા અને જયેશભાઈ રાદડિયાની ઉપસ્થિતિ

# કર્મચારીમાંથી કર્મયોગી બનવું ખુબ મહત્વનું છેઃ નરેશ પટેલ

## ખોડલધામ મંદિરે સ્પર્ધાત્મક પરીક્ષાના સફળ વિદ્યાર્થીઓનો યોજાયો સન્માન સમારોહ






**અબતક,રાજકોટ**

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટની યુવા પાંખ ખોડલધામ વિદ્યાર્થી સમિતિમાંથી તાલીમ મેળવીને તાજેતરમાં સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓના સન્માન સમારોહ અને લેઉવા પટેલ સમાજના અધિકારીઓ/કર્મચારીઓના ભવ્યાતિભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન તારીખ ૮ માર્ચ ૨૦૨૬ ને રવિવારના રોજ કાગવડ સ્થિત ખોડલધામ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થામાંથી તાલીમ મેળવી સરકારી નોકરીમાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં આશરે ૧ હજારથી વધુ ક્લાસ ૧,૨,૩,૪ના અધિકારીઓ/કર્મચારીઓ સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના પ્રમુખ હરેશભાઈ પરસાણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી.

તાલીમ મેળવીને પોલીસ કોન્સ્ટેબલ, પીએસઆઈ, સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્ક, હાઈકોર્ટ આસિસ્ટન્ટ, બેલીફ, આસિસ્ટન્ટ એન્જિનિયર, ફોરેસ્ટ ગાર્ડ, શિક્ષણ વિભાગ, કન્ડક્ટર, તલાટી કમ મંત્રી, વિદ્યુત વિભાગ, કોર્પોરેશન ક્લાર્ક, બિન સચિવાલય ક્લાર્ક, STI , DYSO અને પોસ્ટ વિભાગ સહિતની સરકારી નોકરીઓમાં સફળતા મેળવનાર ૧૬૦ જેટલા યુવક-યુવતીઓને શિલ્ડ આપીને નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત લેઉવા પટેલ સમાજના આશરે ૫૦ જેટલા ક્લાસ-૧ અધિકારીઓને શિલ્ડ આપીને નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓ દ્વારા સન્માનિત કરાયા હતા. ત્યારબાદ ૧૩૦થી વધુ ક્લાસ-૨ અધિકારીશ્રીઓ, ૪૦૦થી વધુ ક્લાસ-૩ કર્મચારીઓનું પણ શિલ્ડ આપીને સન્માન કરાયું હતું.

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કર્મચારીમાંથી કર્મયોગી કેમ બનવું તે ખૂબ મહત્વની બાબત છે. આપ સૌ કર્મચારીમાંથી કર્મયોગી બની સમાજ અને રાષ્ટ્રની સેવા કરતાં રહો તેવી મા ખોડલને પ્રાર્થના કરું છું.

ખોડલધામ સંગઠન અધ્યક્ષ અનારબેન પટેલે જણાવ્યું હતું કે, આજે વિવિધ સરકારી વિભાગોમાં ફરજ બજાવતા આપણા સમાજના અધિકારીઓ/કર્મચારીઓના સન્માન થયા છે ત્યારે કહેતા આનંદ થાય છે કે, આજે એકપણ એવું ક્ષેત્ર નથી જ્યાં આપણા સમાજનો વ્યક્તિ પ્રસ્થાપિત થયેલો ન હોય.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, સરકારી

(અનું.આઠમાં પાને)

# માઁ ઉમિયાની દિવ્ય રથયાત્રાનું રાજકોટના આંગણે આગમનઃ જયઘોષ સાથે વધામણા

### શહેરીજનોએ માઁ ઉમિયાની આરતી, પુજન, દર્શનનો લ્હાવો લઈ રાસ ગરબાની રમઝટ બોલાવી




ઉમિયા ધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીની ઉપસ્થિતિમાં યુવા સંગઠનના નવ નિયુકત સંગઠનનો પદગ્રહણ સમારોહ યોજાયો

**અબતક, રાજકોટ**

રજત જયંતિ સ્મૃતિદિન મહોત્સવના સવા દાયકા બાદ આગામી તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન રાજકોટની ભાગોળે ઈશ્વરીયા ખાતે 'ત્રિવેણી સમારોહ' નું ભવ્ય અને અદભૂત આયોજન થનાર છે. રાજકોટની ભાગોળે કાલાવડ રોડ ઉપર મેટોડા નજીક ઈશ્વરીયા ગામ ખાતે તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન યોજનાર 'ત્રિવેણી સમારોહ' માં ૩૨ વિધા જમીનમાં નિર્માણાધીન 'જીવન વિદ્યાપીઠ રાજકોટ' શૈક્ષણિક સંકુલનું ભૂમીપૂજન, ૨૫ કુંડી મહાયજ્ઞ, અને કડવા પાટીદારોના જ્ઞાતી સમૂહ ભોજન નો ત્રિવેણી સંગમ યોજાશે. જેના ભાગરૂપે મા ઉમિયાનો ભવ્ય-દિવ્ય રથ રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ કરી રહયો છે. ઠેર-ઠેર રથયાત્રાનું ભવ્ય સ્વાગત થઈ રહયુ છે.

ઉમિયાધામ સિદસર દ્વારા પાટીદાર વિઝન-૨૦૪૭ અંતર્ગત 'ઉમિયા આરાધના સરસ્વતી સાધના' અનુષ્ઠાની સફળતા માટે અને સવિશેષ કૃપા આશીર્વાદ અર્થે ઈશ્વરીયા ખાતે જગતમંદિર દ્વારકા ધ્વજા પૂજન ઉત્સવ યોજવામાં આવેલ જેમાં દ્વારકા મંદિરની ધ્વજાજીનું પૂજન કરવામાં આવ્યુ હતુ આ ધ્વજાજીનું તા. ૬ અને ૧૨ માર્ચના રોજ દ્વારકા જગતમંદિરના ઉતુંગ શિખર પર ધ્વજારોહણ કરવામાં આવશે. આગામી ત્રિવેણી સમારોહ અને સમાવ વિકાસના વિવિધ કાર્યો સુપેરે સિધ્ધ કરવા અને સફળ બનાવવાની નેમ સાથે સમાજની સંગઠન શકિતને બળવતર અને મજબુત બનાવવા માટે 'ઉમિયા સંગઠન સમિતિ'ના ભાઈઓ બહેનો, યુવાનો સૌ સૂત્રધાર કર્મવીર યોધ્ધાઓના વરદ હસ્તે સહપરિવાર ધ્વજાપૂજન

(અનું.આઠમાં પાને)

# સાળંગપુરમાં દાદાના સાનિધ્યમાં ૭૫,૦૦૦ હરિભકતો કેસુડાના રંગે રંગાયા

## મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો ફુલદોલ ઉત્સવ

**અબતક,રાજકોટ**

તીર્થધામ સારંગપુર ખાતે મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં ફૂલદોલ ઉત્સવ (પુષ્પદોલોત્સવ) ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રતિ વર્ષ ફૂલદોલનો ઉત્સવ સારંગપુરમાં ધામધૂમપૂર્વક ઊજવતાં એ જ પરંપરા મહંત સ્વામી મહારાજે જાળવી રાખી છે.



આ ઉત્સવનો લાભ લેવા પધારેલા દેશ-વિદેશના ૭૫૦૦૦ જેટલાં આબાલવૃદ્ધ હરિભક્તો-ભાવિકોથી બી.એ.પી.એસ. સારંગપુર મંદિરનું વિશાળ પરિસર અને બી.એ.પી.એસ. વિદ્યામંદિરના વિશાળ પ્રાંગણમાં રચવામાં આવેલ ઉત્સવ સ્થળ ઊભરાઈ ગયું હતું. સભા-પ્રવેશ વખતે તમામ હરિભક્તોને પ્રસાદરૂપે ફૂડપેકેટ આપવામાં આવ્યા હતા. આ ઉત્સવ માટે ૭.૫ લાખ ચોરસ ફૂટ જમીન પર વિશાળ સભામંડપ અને ઉત્સવને અનુરૂપ ૧૨૫ ફૂટ લાંબો, ૪૦ ફૂટ પહોળો અને ૪૦ ફૂટ ઊંચો ભવ્ય મુખ્ય મંચ બનાવવામાં આવ્યો હતો. મંચની પિછવાઈમાં ભગવાન સ્વામિનારાયણ અને તેઓની આધ્યાત્મિક ગુણાતીત ગુરૂપરંપરાની તેમજ રંગોત્સવની સ્મૃતિ કરાવતાં દ્રશ્યો અત્યંત દર્શનીય હતા.

'રંગો રંગો મહંતજી રંગો' થીમ અંતર્ગત યોજાયેલ પુષ્પદોલોત્સવની મુખ્ય સભાની શરૂઆત સાંજે ૪:૪૫ વાગ્યે સંગીતજ્ઞ સંતો અને યુવકોએ રંગોત્સવના પ્રાસંગિક પદો ગાઈને કરાવી હતી. મહંત સ્વામી મહારાજના દિવ્ય જીવન, કાર્યો, પ્રભાવ અને સંદેશને આ કાર્યક્રમમાં વિશિષ્ટ પ્રસ્તુતિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.


સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. વિવેકસાગર સ્વામીએ પુષ્પદોલોત્સવ ઉત્સવનો મર્મ ઘૂંટાવતા કહ્યું કે સૌએ ભગવાનના રંગે, ભક્તિના રંગે રંગાવાનું છે.

'સત્પુરુષ પવિત્ર કરે છે', ''સત્પુરુષ પરમાત્મા સાથે જોડે છે' અને 'સત્પુરુષ પરમપદ આપે છે' આ ત્રણ થીમ અંતર્ગત સંસ્થાના વિદ્વાન સંતો આત્મતૃપ્ત સ્વામી, પૂ. ભદ્રેશ સ્વામી, આનંદસ્વરૂપ સ્વામી તેમજ વરિષ્ઠ સંતો ઈશ્વરચરણ સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી અને કોઠારી સ્વામી દ્વારા હૃદયસ્પર્શી, પ્રેરણાદાયી અને પ્રવચનો રજૂ કરવામાં આવ્યા હતા.

મહંતસ્વામી મહારાજે રંગોત્સવ પર્વે આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે 'આપણે આ સમૈયો કરીએ છીએ, એનું કારણ જ એ છે કે અંતઃકરણ શુદ્ધ કરવું.

ઉત્સવની ચરમસીમારૂપે, મહંત સ્વામી મહારાજે અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનું પૂજન કર્યું

(અનું.આઠમાં પાને)




તંત્રી લેખ

# ભારત વિશ્વ વિજેતા ભારત તિરંગો શાનથી લહેરાયો

ભારતીય ક્રિકેટ માટે ૮ માર્ચનો દિવસ સુવર્ણ અક્ષરે નોંધાઈ ગયો છે. આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની અત્યંત રોમાંચક ફાઈનલમાં ભારતીય ટીમે ન્યુઝીલેન્ડને ૯૬ રનના જંગી અંતરથી હરાવીને ફરી એકવાર વિશ્વ ચેમ્પિયન બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે. આ ઐતિહાસિક જીત સાથે સમગ્ર દેશમાં જશ્નનો માહોલ છે અને ભારતે ક્રિકેટ જગતમાં પોતાની બાદશાહત ફરી એકવાર સાબિત કરી દીધી છે.

ભારતીય ક્રિકેટના ગૌરવશાળી ઈતિહાસમાં આ વિજય એક નવો અધ્યાય ઉમેરે છે. ભૂતકાળ પર નજર કરીએ તો, ૨૦૦૭માં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યારબાદ ૨૦૨૪માં બાર્બાડોસ ખાતે રોહિત શર્માની આગેવાનીમાં ભારતે બીજો ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. હવે બરાબર બે વર્ષ બાદ સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતે પોતાનું ટાઈટલ ડિફેન્ડ કરીને ત્રીજી વખત આ ટ્રોફી પોતાના નામે કરી છે અને હોમ ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપ જીતવાનો સિલસિલો જાળવી રાખ્યો છે. ફાઈનલ મેચમાં ભારતીય બેટ્સમેનોએ કીવી બોલરોની બરાબરની ધોલાઈ કરી હતી. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૫૫ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો, જે વર્લ્ડ કપ ફાઈનલના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોર છે. ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ ૨૧ બોલમાં ૫૨ રનની વિસ્ફોટક શરૂઆત અપાવી હતી, જેણે મેચનો પાયો નાખ્યો હતો.

ત્યારબાદ સંજુ સેમસને મેદાન પર રનનો વરસાદ કર્યો હતો. અત્યંત શાનદાર ફોર્મમાં ચાલી રહેલા સંજુ સેમસને માત્ર ૪૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી ૮૯ રનની અદભૂત ઈનિંગ રમી હતી. તેને સાથ આપતા ઈશાન કિશને પણ ૨૫ બોલમાં ૫૪ રન ફટકારીને કીવી બોલરોને નિરાશ કરી દીધા હતા. અંતિમ ઓવરોમાં શિવમ દુબેએ માત્ર ૮ બોલમાં અણનમ ૨૬ રન બનાવીને સ્કોરને ૨૫૦ પાર પહોંચાડ્યો હતો.

૨૫૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડની ટીમ શરૂઆતથી જ દબાણમાં જોવા મળી હતી. ભારતીય બોલરોએ પાવરપ્લેમાં જ ઘાતક બોલિંગ કરીને ન્યુઝીલેન્ડના ટોપ ઓર્ડરની કમર તોડી નાખી હતી.

જસપ્રીત બુમરાહ અને અક્ષર પટેલની જોડીએ કીવી બેટ્સમેનોને કોઈ જ તક આપી ન હતી અને માત્ર ૫૨ રનમાં તેમની ૩ મહત્વની વિકેટો ખેડવી નાખી હતી.

દબાણ અને સતત વધતા રનરેટ વચ્ચે ન્યુઝીલેન્ડની આખી ટીમ ૧૯ ઓવરમાં માત્ર ૧૫૯ રનમાં સમેટાઈ ગઈ હતી. જસપ્રીત બુમરાહની સચોટ બોલિંગ અને મહત્વપૂર્ણ વિકેટો બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે આખી ટૂર્નામેન્ટમાં શાનદાર બેટિંગ કરનાર અને ફાઈનલમાં ૮૯ રન ફટકારનાર સંજુ સેમસનને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ'નો ખિતાબ મળ્યો હતો.

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં ભારતીય ટીમનું આ પ્રદર્શન ખરા અર્થમાં પ્રશંસનીય રહ્યું છે. જુલાઈ ૨૦૨૪થી કેપ્ટનશીપ સંભાળ્યા બાદ સૂર્યકુમારે એકપણ સિરીઝ ગુમાવી નથી. યુવા અને અનુભવી ખેલાડીઓના શાનદાર સમન્વયથી ભારતીય ટીમે એક અજેય ટીમ તરીકે પોતાની ઓળખ ઊભી કરી છે.

# જૂનાગઢની પાવન ભૂમિ પર સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠનના સમૂહ લગ્નમાં ૧૪ દીકરીઓને માનભેર સાસરે વળાવાશે

## 'અબતક'ની મુલાકાતમાં સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠનના આગેવાનોએ સમૂહ લગ્ન અને ભવ્ય લોક ડાયરાની આપી વિગત


તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

દરજી સમાજ ના સામાજિક આર્થિક ઉત્કર્ષ માટે કાર્યરત શ્રી સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે અને ૧૪ દીકરીઓને માનભેર સાસરે વળાવશે અબ તકની મુલાકાતે આવેલા સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠનના આગેવાનો માં અધ્યક્ષ દુષ્યંતભાઈ ગોહેલ, શૈલેષભાઈ ગોહેલ, મયુરભાઈ સરવૈયા, ભાવેશ ભાઈ મકવાણા, અમિતભાઈ પરમાર, રમેશભાઈ હિંગુ ચેતનભાઈ ગોહેલ અને દીપકભાઈ રાઠોડ એ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠન ટ્રસ્ટના સમૂહ લગ્નના અવસર નો પ્રારંભ ૧૧/૩ બુધવારે ૬ થી ૮ રાસ ગરબા રાત્રે ૯:૦૦ વાગે લોક ડાયરો અને ત્યારબાદ જ્ઞાતિના કલાકારોનું સન્માન કરવામાં આવશે બીજા દિવસે ૧૨/૩ ગુરુવારે સવારે૮/૩૦ કલાકે વરઘોડો ૯વાગે ભૈરવ યજ્ઞ, ત્યારબાદ શુભ ચોઘડિયા હસ્ત મેલાપ, અને ૧૧ વાગે ભોજન સમારો બાદ દાતાઓનીસન્માન કરવામાં આવશે અને શુભ ચોઘડીએ કન્યાઓને વિદાય આપવામાં આવશે

આ સમૂહ લગ્નમાં દીકરીઓને આશીર્વાદ દેવા પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા સંતો મહંતો અને સામાજિક રાખી આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે.


જુનાગઢ શહેરમાં સમાજસેવાના સુંદર ઉદાહરણરૂપે સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૨-૦૩-૨૦૨૬ના રોજ ૧૪ દીકરીઓના વિનામૂલ્યે સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર સમૂહ લગ્ન પ્રસંગ ભવનાથ, જુનાગઢ ખાતે મંગલનાથ બાપુની વાડીમાં યોજાશે.

સમૂહ લગ્નના આ શુભ અવસરને વધુ ઉજ્જવળ બનાવવા માટે પૂર્વ સંધ્યાએ તા. ૧૧-૦૩-૨૦૨૬, બુધવારે રાત્રે ૯:૦૦ વાગ્યે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક ડાયરમાં ગુજરાતના જાણીતા કલાકારો જેમ કે જયમંત દવે, રવીન્દ્ર સોલંકી, શૈલેશ વાઘેલા, પ્રફુલભાઈ હિંગુ, શ્રુતિ દૂધરેજિયા, મસ્તરામ ગોંડલીયા, વિશાખા દરજી, ભરતભાઈ મકવાણા, રાહુલભાઈ દરજી અને બાલાભાઈ સોલંકી પોતાના સુરીલા સ્વરો દ્વારા લોકરસિકોને મંત્રમુગ્ધ કરશે.

સમસ્ત દરજી જ્ઞાતિ યુવા સંગઠન ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી સતત વિનામૂલ્યે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સમાજમાં એકતા, સહકાર અને સેવા ભાવનાનું પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યું છે.

આ વર્ષના આયોજનને સફળ બનાવવા માટે SSDYSના અધ્યક્ષ દુષ્યંતભાઈ ગોંડેલ, પ્રણેતા તનસુખભાઈ ગોહેલ, ડરેશભાઈ ચૌહાણ, સમૂહ લગ્ન સમિતિ પ્રમુખ હર્ષદભાઈ ગોહેલ, SSDYSfશૈલેષભાઈ ગોહેલ, પ્રો. ચેરમેન મયુરભાઈ સરવૈયા, ભાવેશભાઈ મકવાણા, પ્રો.મંત્રી અમિતભાઈ પરમાર, રમેશભાઈ હિંગુ અને હિતેષભાઈ ગોહેલ, મેહુલભાઈ જેઠવા, કિરીટભાઈ ગોહેલ દીપકભાઈ રાઠોડ સહિતના આગેવાનો સક્રિય રીતે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટના ઉદ્યોગોને ગેસ પુરવઠામાં રાહત આપવા ધારાસભ્ય ટીલાળાની કેન્દ્રમાં રજૂઆત



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર તથા આસપાસના ઉદ્યોગોને ગુજરાત ગેસ કંપની દ્વારા પૂરા પાડવામાં આવતા પીએનજી ગેસના પુરવઠામાં હાલ થયેલા ફેરફારોને ધ્યાનમાં રાખીને ઉદ્યોગકારોને સરળતા રહે તે હેતુથી રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કેન્દ્ર સરકાર સમક્ષ વિગતવાર રજૂઆત કરી છે.

હાલ ગુજરાત ગેસ કંપની દ્વારા ફેબ્રુઆરી મહિનામાં ઉદ્યોગોને એક્ચ્યુઅલ વપરાશના ૫૦ ટકા જેટલો ગેસ વાપરવાની મર્યાદા રાખવામાં આવી છે. ફેબ્રુઆરી મહિનો ૨૮ દિવસનો હોવાને કારણે ઉદ્યોગોના એક્ચ્યુઅલ વપરાશમાં સામાન્ય રીતે ઘટાડો રહે છે. આ બાબતને ધ્યાનમાં લઈ ઉદ્યોગોને એક્ચ્યુઅલ ડીસીકયુના ઓછામાં ઓછા ૭૫ ટકા સુધી ગેસ વાપરવાની છૂટ આપવામાં આવે તો ઉદ્યોગોની ઉત્પાદન પ્રક્રિયા સુગમ રીતે ચાલુ રહી શકે તેવી વિનંતી રજૂઆતમાં કરવામાં આવી છે.

આ સાથે એક્સેસ ગેસની ગણતરી રોજિંદા આધારના બદલે આખા મહિનાની સરેરાશ મુજબ કરવામાં આવે તો ઉદ્યોગોને વધુ અનુકૂળતા મળી શકે તેવી પણ સૂચનાત્મક રજૂઆત કરવામાં આવી છે. ઉદાહરણ તરીકે ઉઈચ ૧૫૦૦ જઈખ ધરાવતા ઉદ્યોગ માટે ૭૫ ટકા મુજબ ૧૧૨૫ એસસીએમ વપરાશના આધારે ૩૦ દિવસ માટે અંદાજે ૩૩,૭૫૦ જઈખ સુધી ગેસ વાપરવાની છૂટ આપવામાં આવે તો ઉદ્યોગોને કાર્યરત રાખવામાં સહાયરૂપ બની શકે છે. રજુઆતમાં વધુમાં જણાવ્યું છે કે હાલ એક્સેસ ગેસના દરમાં વધારાની સંભાવના દર્શાવવામાં આવી રહી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ઉદ્યોગોને વધારાનો આર્થિક બોજ ન પડે તે માટે હાલના અંદાજિત રૂ. ૪૭ દરના આધારે મહત્તમ ૨૦ ટકા જેટલો યોગ્ય વધારો રાખી દર નક્કી કરવામાં આવે તેવી પણ વિનંતી કરવામાં આવી છે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કેન્દ્ર સરકાર સમક્ષ આ મુદ્દે સંવેદનશીલતા પૂર્વક વિચારણા કરી રાજકોટ સહિત રાજ્યના ઉદ્યોગોને જરૂરી સહાય અને રાહત મળે તે માટે યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી આશા વ્યક્ત કરી છે.

# બી.એચ. ગાર્ડી એન્જિનિયરિંગ કોલેજને રાષ્ટ્રીય કક્ષાનો 'કેમ્પસ લીડરશિપ એવોર્ડ' એનાયત

## નવી દિલ્હી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં એનર્જી અને ક્લાઈમેટ કેટેગરીમાં મેળવ્યું પ્રથમ સ્થાન; દેશભરની ૧૧૭થી વધુ કોલેજો વચ્ચે શ્રેષ્ઠ પ્રદર્શન



**અબતક, રાજકોટ**

રાજકોટની બી.એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીએ રાષ્ટ્રીય સ્તરે ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નવી દિલ્હીમાં યોજાયેલ ત્રીજી 'યુવા સસ્ટેનેબિલિટી કોન્ફરન્સ' દરમિયાન સંસ્થાને 'કેમ્પસ લીડરશિપ એવોર્ડ્સ ૨૦૨૬' અંતર્ગત એનર્જી અને ક્લાઈમેટ કેટેગરીમાં પ્રથમ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશભરની ૧૮થી વધુ યુનિવર્સિટીઓ અને ૧૧૭થી વધુ કોલેજોએ ભાગ લીધો હતો, જેમાંથી કડક પૂર્વચકાસણી અને મેરિટ આધારિત મૂલ્યાંકન બાદ ગાર્ડી કોલેજની પસંદગી કરવામાં આવી હતી.

આ એવોર્ડ સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી ગ્રીન કેમ્પસ પહેલ, સોલાર એનર્જીનો વ્યાપક ઉપયોગ, ઊર્જા સંરક્ષણ અભિયાન અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાના અસરકારક પ્રયાસોને મળેલી રાષ્ટ્રીય માન્યતા છે. આ સિદ્ધિ અંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. વિમલકુમાર પટેલે જણાવ્યું હતું કે, આ સફળતા સમગ્ર ટીમના સખત પરિશ્રમ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જય મહેતાએ આ ગૌરવ બદલ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે પર્યાવરણીય જવાબદારી નિભાવવી એ સંસ્થાની પ્રાથમિકતા રહી છે.સમગ્ર પ્રક્રિયાનું સંકલન અને દસ્તાવેજીકરણ આઈ.કયુ.એ.સી. (IQAC) હેડ ડો. જયદીપ રામાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમના વ્યૂહાત્મક આયોજનને કારણે સંસ્થા આ પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવવામાં સફળ રહી છે. આ રાષ્ટ્રીય સિદ્ધિ બદલ બી.એચ. ગાર્ડી કોલેજના સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી છે.

# મહાદેવ સાશિયલ ગ્રુપ દ્વારા બ્રહ્મસમાજ માટે અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન

## 'અબતક' મીડીયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહીતી


તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

મહાદેવ સોશ્યલ ગ્રુપ રાજકોટ દ્વારા સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમવાર સમસ્ત બ્રહ્મસમાજ માટે ભવ્યા અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

'અબતક' મીડીયાની શુભેચ્છા મુલાકાતે આવેલા દિપકભાઈ રાવલ, હિરેનભાઈ, જીતુભાઈ, કલ્પેશભાઈ, કલાબેન, હેમાંગીબેન સહિતનાએ માહીતી આપતા જણાવ્યું હતું કે, તા. ૫-૪-૨૦૨૬ ના રવિવારે અરવિંદભાઈ મણિયાર એ.સી. હોલમાં બપોરે ૨ થી ૭ દરમ્યાન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં કોઈપણ ઉમરના ભુદેવ ભગીનીઓ ભાગ લઈ શકશે. મહાદેવ સોશ્યલ ગ્રુપ સંગીત ક્ષેત્રે રાજકોટમાં ઘણા સમયથી કાર્યરત છે. આ અંતાક્ષરી સ્પર્ધામાં વહેલા તે પહેલા ના ધોરણે વ્યકિતદીઠ રૂા. ૩૦૦ ની ફી ભરી ભાગ લઈ શકાશે. ભાગ લેનાર તમામ સ્પર્ધકને એક આકર્ષક સ્યોર ગિફ્ટ ગ્રુપ દ્વારા અપાશે. તેમજ સ્પધાના અંતે વિજેતા ટીમોને પણ વિશિષ્ટ અને આકર્ષક ઈનામો દ્વારા પ્રોત્સાહીત કરાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સંસ્થાના હિરેનભાઈ રાવલ (ઉપપ્રમુખ) મો.ન. ૯૯૦૯૨ ૦૨૯૦૪ સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

આ ભવ્ય આયોજન માટે ગ્રુપ ના પ્રમુખ બીપીનભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ કમીટીના સભ્યો એવા જીતેન્દ્રભાઈ ભટ્ટ, જયેશભાઈ ભટ્ટ, જયેશભાઈ દવે સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે.

# વોર્ડનં.૧૪ના ભાજપના મહામંત્રી માણસુરભાઈ વાળાનો જન્મદિવસ



ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગર પાલિકા વોર્ડ નંબર-૧૪ ના મહામંત્રી રાજકોટ શહેર ટ્રાફિક સલાહકાર સમિતિના સદસ્ય યસ ફ્રેન્ડ ક્લબના પ્રમુખ અને સૂર્ય વંદના કાઠી ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ તેમજ કાઠી દરબાર સમાજના અગ્રણી માણસુરભાઈ વાળા આજ જન્મદિવસ છે. તેમના મનં.૯૮૨૫૬ ૬૦૦૯૫ પર સ્નેહીજનો મિત્રો શુભેચ્છાઓ વરસાવી રહ્યા છે.

# મોજીલા ગ્રુપના પ્રમુખ શૈલેષ પરસાણાનો આજે જન્મદિવસ



રાજકોટ શહેરના મોટા મવાના મૂળ વતની અને સામાજીક અગ્રણી એવા મોજીલું ગ્રુપ મોટા મવાના પ્રમુખ શૈલેષભાઈ પરસાણાનો આજ રોજ જન્મ દિવસ હોય તો તેમના જન્મ દિવસ નિમિતે શૈલેષભાઈ પરસાણાને તેમના પરિવાર જનો, સગા વ્હાલા સ્નેહીજનો સહિત મિત્રમંડળ જન્મ દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# સંયુક્ત કુટુંબની મિશાલઃ ત્રણ-ત્રણ પેઢી સાથે રહેતા ૯૦ સાસુ-વહુઓનું સન્માન

## વિશ્વ મહિલા દિને ભારત સેવક સમાજ દ્વારા અનોખી ઉજવણીઃચાર દાયકાથી સાથે રહેતા પરિવારોને પ્રોત્સાહિત કરાયા



**અબતક, રાજકોટ**


ભારત સેવક સમાજ દ્વારા ૮ માર્ચ 'વિશ્વ મહિલા દિન' નિમિત્તે રાજકોટના રેસકોર્સ ખાતે સતત બીજા વર્ષે એક વિશિષ્ટ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં છેલ્લા ૪૦ વર્ષ કે તેથી વધુ સમયથી સંયુકત કુટુંબમાં પ્રેમ અને સમજણપૂર્વક સાથે રહેતા ૯૦ સાસુ-વહુઓને પ્રમાણપત્ર અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ત્રણ-ત્રણ પેઢીથી એક જ છત નીચે રહેતા પરિવારોએ સંયુક્ત કુટુંબના સુખ અને આનંદના પ્રતિભાવો રજૂ કર્યા હતા. મહિલા દિને વહુઓએ સાસુઓના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા, જે દ્રશ્ય ઉપસ્થિત સૌ માટે પ્રેરણારૂપ બન્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને મોરબી જિલ્લાના સહાયક માહિતી નિયામક પારૂલબેન આડેસરાએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત કુટુંબ પ્રથાનું વિશેષ મહત્વ છે અને બહેનોએ પોતાની શકિતનો ઉપયોગ રાષ્ટ્રહિતના કાર્યોમાં કરવો જોઈએ.

પ્રોજેક્ટ ઈન્ચાર્જ સોનલબેન વાછાણીએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં જ્યારે વિભક્ત કુટુંબો અને વૃદ્ધાશ્રમોની સંખ્યા વધી રહી છે, ત્યારે દાયકાઓથી સાથે રહેતા આ સાસુ-વહુઓ સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ તકે કેન્સર સ્પેશિયાલિસ્ટ ડો. દિવ્યા કંનટેસરીયા, એડવોકેટ ઈલા કડિયા, પત્રકાર દર્શનાબેન વોરા અને એકતા ત્રિવેદીએ પણ પ્રાસંગિક પ્રવચનો આપ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે મંત્રી જનાર્દનભાઈ પંડ્યાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે સામાજિક અગ્રણી રાજેશભાઈ ભાતેલિયાએ મહિલાઓને સ્વાસ્થ્ય અને પોષણયુક્ત આહાર પ્રત્યે સજાગ રહેવા અપીલ કરી હતી. આ સફળ આયોજન માટે ભારત સેવક સમાજના પ્રમુખ વિનુભાઈ ગોસલીયા સહિતના હોદ્દેદારો અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જનસંઘના પીઢ આગેવાન કરણાભાઈ માલધારીનો આજે જન્મ દિવસ



રાજકોટના જાણીતા કરણાભાઈ માલધારીના ૭૫ વર્ષ નિમિત્તે અમૃત મહોત્સવ તેમજ જાહેર જીવનના ૬૦ વર્ષ પુરા થતાના નિમિત્તે સ્નેહ મિલન સમારોહ નો કાર્યક્રમ રાખેલ છે. તેઓ જનસંઘના સમયથી ૧૯૬૬, ૧૯૬૭થી જાહેર જીવન ની શરૂઆત કરી તેને આજે ૬૦ વર્ષ થયા. શરૂઆતમા જનસંઘના સંગઠનમા ત્યાર બાદ ભાજપ થતા, ભાજપમાં સંગઠનનું કામ ખંતથી કરતા હતા. ૧૯૮૦મા કોર્પોરેશનની ચૂંટણી લડીયા અને જૂના વાર્ડ નંબર ૧૨માં પેનલ સાથે ચૂંટણી જીત્યા. ત્યારથી ઝૂંપડપટ્ટી સુધારણા, તેમની પ્રાથમિક સુવિધા અને ઝૂંપડપટ્ટી વિસ્તારમા સ્કૂલો થાઈ તે માટે સફળ પ્રયત્નો કર્યા. સ્કૂલો તેમજ પ્રાથમિક સુધારણા માટે ચળવળ પણ કરી.

પૂરા ગુજરાતમા માલધારી સમાજની જાગૃતિ માટે, ઓબીસી વર્ગની એકતા માટે એસસી, એસટી, ઓબીસીના લોકો વચ્ચે ભાઈચારો નિર્માણ થાઈ તેના માટે ગુજરાત ભરમાં પ્રવાસો અને નાના મોટા સમ્મેલનો વર્ષો સુધી કર્યા.

તેથી માલધારી પરિવાર એ કરણાભાઈ માલધારીના ૭૫ વર્ષ પૂર્ણ થતા પ્રેરણાદાયી સેવાપ્રવાસની ઉજવણીના ભાગરૂપે સ્નેહમિલન સમારોહ આજે સોમવાર, તાઃ ૯ માર્ચ ૨૦૨૬ ના રોજ સાંજે ગાર્ડન ફેરીલેન્ડ, આરટીઓ રિંગ રોડ ખાતે યોજાયો છે. આ અવસરે સામાજિક રાજકિય આગેવાનો, મિત્રો, શુભેચ્છકો અને સ્નેહીજનોને હાર્દિક આમંત્રણ પાઠવેલ છે, તેમ માંડણભાઈ માલધારી, સિદ્ધાર્થ માલધારી દ્વારા જણાવ્યું છે.

# ફ્લોરેન્સ હોસ્પિટલમાં બુધવારે સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની ઓપીડીની સેવા

## કેડી હોસ્પિટલ અમદાવાદમાં ડોક્ટરોની રાજકોટમાં દર મહિને નિયમિત ઓપીડી સેવા દર્દીઓ માટે આશિર્વાદરૂપ

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા માટે જાણીતી અમદાવાદની કે. ડી હોસ્પિટલ ના નિષ્ણાત ડોક્ટરોનીઓપીડી સુવિધા દર મહિને નિયમિત રાજકોટમાં ઉપલબ્ધ થઈ છે.

તા, ૧૧માર્ચ બુધવારે સવારે ૧૧ થી ૧ સુધી ફ્લોરેન્સ હોસ્પિટલ નાના મવા રોડ (ત્રણ) જય પાર્ક રાજનગર ચોક સૂર્યમુખી હનુમાનના મંદિર પાસે કેડી હોસ્પિટલ અમદાવાદના ડોક્ટરોની ઓપીડી નો લાભ દર્દીઓને મળશે.

કેડી હોસ્પિટલ અમદાવાદના ડોક્ટર દ્વારા રાજકોટમાં દર મહિને નિયમિત ઓપીડી સુવિધા ઉપલબ્ધ થઈ છે જેમાં નેફ્રોલોજીસ્ટ ડો હસિત પટેલ, પલમોનોલોજીસ્ટ ડો પ્રદીપ ડાભી, લીવર ટ્રાન્સ પ્લાન્ટ સર્જરી ડો અંકુર વાગડિયાની નિયમિત સેવા મળશે. ૧૧/૩/૨૦૨૬ બપોરે ૧૧થી૧ સુધી ફ્લોરેન્સ હોસ્પિટલ ત્રણ જયપાર્ક રાજનગર ચોક સૂર્યમુખી હનુમાન મંદિર પાસે નાનામાંવા રોડ ખાતે યોજાનારી ઓપીડી મા એપોઈન્ટમેન્ટ માટે ડો,નિરવ પટેલ+૯૧ ૬૩૫૯૬ ૦૩૬૨૬ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# કાનપુર સ્ટેશન પાસે બ્રિજ પર મેન્ટેનન્સ કામગીરીના કારણે ઓખા-ગોરખપુર એક્સપ્રેસ બદલાયેલા માર્ગ પર દોડશે

**અબતક, રાજકોટ**

ઉત્તર રેલવેના કાનપુર સેન્ટ્રલ સ્ટેશન પાસે આવેલા બ્રિજ સંખ્યા ૧૧૦ પર નિર્ધારિત મેન્ટેનન્સ કામગીરીના કારણે, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ નિર્ધારિત તારીખોમાં આંશિક રીતે બદલાયેલા માર્ગ પર ચલાવવામાં આવશે.

તારીખ ૦૫, ૧૨, ૧૯ અને ૨૬ એપ્રિલ તથા ૦૩ અને ૧૦ મે ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી આ ટ્રેન તેના નિયમિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-ઐશબાગ-મલ્હૌર-બારાબંકી-ગોરખપુરના બદલે આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-પ્રયાગરાજમાં બેલહા દેવી ધામ પ્રતાપગઢ જંક્શન-ગોરખપુર થઈને દોડશે. માર્ગમાં ફેરફારને કારણે આ તારીખો દરમિયાન આ ટ્રેન ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી અને ગોંડા સ્ટેશનો પર જશે નહીં.

રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની અવશ્ય મુલાકાત લે, જેથી તેમને કોઈપણ પ્રકારની અસુવિધાનો સામનો ન કરવો પડે.

# સંબંધો જ મારી સંપત્તિના સિધ્ધાંતને વરેલા ‘અબતક’ના પ્રકાશ છૈયાનો આજે જન્મદિવસ



રાજકોટ અખબારી આલમમાં નિરંતર રીતે સંબંધોના વાવેતર અને બહોળા મિત્ર વર્તુળનું આત્મીય કેન્દ્ર બનેલા અબતક પરિવારના પ્રકાશ છૈયા’નો આજે જન્મદિવસ છે. સમાચારોની ઉંડાણપૂર્વકની કોઠાસુઝ ધરાવતા પ્રકાશને સૌ પ્રેમથી ’બાપજીના નામે બોલાવે છે. તેઓ અનેકવિધ સામાજીક સંસ્થાઓ સાથે જોડાઈને સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. પી.ડી. આહીરના નામે જાણીતા યુવાનોના માર્ગદર્શક અને નામ એવા ગુણ ધરાવતા પ્રકાશભાઈ પોતાની યશસ્વી કારર્કિદીના ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે પોતે નિંર્વ્યસની હોવાથી અનેકને વ્યસનમુક્તિ માટે પ્રેરણા આપે છે. તથા હંમેશા સસ્મિત ચેહરે કામમાં મશગૂલ રહેનાર પ્રકાશભાઈ યુવાનો માટે રોલ મોડેલ સમાન છે. સંબંધના સરવાળા અને મન દુઃખના ભાગાકારમાં માહેર પ્રકાશનું નામ પણ બે ધ્રુવ અને આગ તેમજ પાણીના સામ્ય જેવું છે. પ્રકાશ અને છાયડાની અનુભૂતિ આપતા પ્રકાશ છૈયાના નામ મુજબ જ તેના સ્વભાવમાં પણ તેજ અને શિતળાતાનું સમન્વય દેખાય છે. આજે જન્મદિવસ નિમિતે તેઓના મો.નં. ૯૦૩૩૮૭૪૪૪૨ ઉપર અનરાધાર શુભેચ્છા વર્ષા થઈ રહી છે. પ્રકાશ છૈયા જીવનમાં દરેક સફળતા સરળતાથી હાંસિલ કરે તેવી જન્મદિવસે પ્રકાશને મિત્ર, સ્નેહીજનો અને વિશાળ પરિચીત વૃંદમાંથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

# કાલે ખાસ બોર્ડમાં ફ્લાવર બેડમાં હપ્તા યોજનાની દરખાસ્ત અરજન્ટ બીઝનેસ તરીકે મૂકશે

## ૧૧ દરખાસ્ત અંગે નિર્ણય લેવાશે:ગુરૂવારથી વહીવટદાર શાસન

**અબતક રાજકોટ**

કોર્પોરેશનની વર્તમાન બોડીનું છેલ્લુ સ્પેશિયલ બોર્ડ કાલના રોજ મળશે સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલ અને બોર્ડમાં બાકી હોય તેવી ૧૧ દરખાસ્તને મંજૂરી આપવામાં આવશે. આ સ્પેશિયલ બોર્ડમાં પ્રશ્નોતરી થઇ શકશે નથી. રાજકીય બોર્ડીની મુદ્દત તા.૧૧ના રોજ પૂર્ણ થનાર હોય મંગળવારે જનરલ બોર્ડ બોલાવવામાં આવ્યુ છે ત્યારે કમિશ્નર દ્વારા વિરોધ કરવામાં આવેલ તે ફલાવર બેડમાં હપ્તા સિસ્ટમની અરજન્ટ બિઝનેસ દરખાસ્ત માટેની તૈયારી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે તેવી જ કાલના બોર્ડમાં બે અરજન્ટ દરખાસ્ત રજૂ કરવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે.ખાસ બોર્ડમાં વોર્ડ નં.૦૩માં રેલનગર વિસ્તારમાં આવેલ રોણકીમાં આવેલા એઈમ્સ હોસ્પિટલ વાળો રોડ, તેમજ રોણકીમાં આવેલ ખંડનં.૪૦/૧ પૈકી ખંડની પાસે રત્નમ ગોલ્યર્સ તેમજ રવેચી ફુડ પાસે આવેલ ચોકનું લક્ષ્મણસિંહજી કટારીયા ચોક નામકરણ કરવા અંગે સમાજ કલ્યાણ ઠ.નં.૩૭ તા.૨૦/૦૧/૨૦૨૬ લક્ષમાં લઈ નિર્ણય લેવા બાબત શહેરના વોર્ડ નં.૦૩માં રેલનગર વિસ્તારમાં ઝ૬-૨૪માં આવેલ ખંડનં. ૧૨/૧/૩, ૧૨/૨, ૧૧/૧/૬૦/૪૦ના રોડ ઉપર આવેલ મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ તેમજ શરણમ બિલ્ડીંગ પાસે આવેલ ચોકને ગોકળભાઇ સીતાપરા ચોક નામકરણ કરવા અંગે સમાજ કલ્યાણ ઠ.નં.૩૮ તા.૨૦/૦૧/૨૦૨૬ લક્ષમાં લઈ નિર્ણય લેવા બાબત. રાજકોટ મહાનગરપાલિકાના જુદી-જુદી શાખાઓની જગ્યાઓનાં પગારધોરણમાં સુધારો કરવા અંગે ત થ ા બી.એ.પી.એસ.(સ્વામિનારાયણ મંદિર, રાજકોટ) દ્વારા સાત દિવસીય પારાયણના આયોજન માટે રેસકોર્ષ ગ્રાઉન્ડના તમામ વિભાગો, કવિ રમેશ પારેખરંગદર્શન ગ્રાઉન્ડ તથા કવિશ્રી રમેશપારેખ રંગદર્શન ઓપન એર થિયેટર વિનામુલ્યે ફાળવવા અંગે તથા શ્રી રાજકોટ જૈન તપગચ્છ સંઘ દ્વારા શ્રી સુપાર્શ્વનાથ જિનાલયના ૨૦૦મા વર્ષની સાલગીરી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ તથા સ્વામીવાત્સલ્ય (સંઘ જમણ)ના આયોજન માટે રેસકોર્ષ ગ્રાઉન્ડના તમામ વિભાગો, કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન ગ્રાઉન્ડ તથા કવિશ્રી રમેશ પારેખ રંગ દર્શન ઓપન એર થિયેટર વિનામુલ્યે ફાળવવા અંગે તથા માનનીય રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ સમક્ષ દાખલ કરાયેલા કેસ નં.૧૩૦૩/૯૦/૦/૨૦૨૫, તેમજ રાષ્ટ્રીય માનવ અધિકારના તા.૦૫/૦૧/૨૦૨૫ના પત્ર અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં એસ.સી./એસ.ટી. લોકોની લાગણીઓ/ગરીમાને ઠેસ પહોંચે તેવા વિસ્તારો, વસાહતો, જાતિ-સૂચક, અપમાનજનક વિસ્તારોના નામ જેમાં શહેરના વોર્ડ.નં.૦૭માં આવેલ ઠક્કરબાપા હરીજનવાસ તેમજ વોર્ડ.નં.૦૩માં આવેલ તોપખાના હરીજનવાસ અને વોર્ડ.નં.૧૫માં આવેલ કસ્તુરબા હરીજનવાસ તરીકે અપમાનજનક ઓળખાતા વિસ્તારોને નામ બદલી કરવા અંગે તથા રાજકોટ મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલના ઉપયોગ માટેના નિયમો સુધારવા અંગે મ્યુનિસિપલ કમિશનરનો પત્ર નં.૨૮ તા.૨૭/૦૨/૨૦૨૬ તથા તે પરત્વેનો કાયદો અને નિયમોની સમિતિ ઠરાવ નં.૦૫ તા.૦૩/૦૩/૨૦૨૬ લક્ષમાં લઇ નિર્ણય લેવા બાબત. રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ મંજુર થયેલ પ્રારંભિક/આખરી નગર રચના યોજનાઓ અંતર્ગત “વાણિજ્ય વેંચાણ હેતુ માટે તથા રહેણાંક વેંચાણ હેતુ માટે પ્રાપ્ત થતા અલગ-અલગ અનામત પ્લોટોને ઈ-ઓક્શન દ્વારા નિકાલ કરવા અંગે સહિતની દરખાસ્ત રજૂ કરવામાં આવશે.

# સાત હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૫મીથી દેવી ભાગવત કથાનું આયોજન

## આચાર્ય ભાવેશભાઈ વ્યાસ કથાનું રસપાન કરાવશે, વિવિધ ધાર્મિક પ્રસંગો ઉત્સવોની હારમાળા

**અબતક, રાજકોટ**



રાજકોટના જ્યુબિલી બાગ સ્થિત સાત હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા આગામી ચૈત્ર માસમાં એક ભવ્ય-દિવ્ય આધ્યાત્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આચાર્ય ભાવેશભાઈ વ્યાસના મુખે શ્રીમદ્ દેવી ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવશે. આ ધાર્મિક ઉત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક પ્રસંગો અને ઉત્સવોની હારમાળા સર્જાશે.

ભાગવત કથાનો પ્રારંભ ચૈત્ર સુદ-૭, બુધવાર, તારીખ ૨૫ના રોજ થશે અને કથાનો વિરામ ચૈત્ર સુદ-૧૫, ગુરુવાર, તારીખ ૨-૪-૨૦૨૬ના રોજ થશે. કથા સમય બપોરે ૨:૩૦થી સાંજે ૬:૩૦ કલાક સુધી રાખવામાં આવ્યો છે. આ કથા દરમિયાન દરરોજ માતાજીના વિવિધ સ્વરૂપોના પ્રાગટ્ય અને ધાર્મિક વિધિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું છેઃ જેમાં ૨૫ બુધવાર દેહશુદ્ધિ, જવારા રોપણ, માતાજીની પૂજા અને પાઠ. ૨૬ ગુરુવાર પોથીયાત્રા અને માતાજીના સામૈયા. ૨૮ શનિવાર ભુવનેશ્વરી પ્રાગટ્ય. ૨૯ રવિવાર દુર્ગા પ્રાગટ્ય (નવદુર્ગા). ૩૧ મંગળવાર અન્નપૂર્ણા પ્રાગટ્ય. ૧-૪-૨૦૨૬ (બુધવાર): શ્રી શિવ-પાર્વતી વિવાહ યોજાશે.

શ્રીમદ્ દેવી ભાગવત કથાના આયોજનમાં સાત હનુમાનજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ હિરેનભાઈ હાપલીયા, ઉપપ્રમુખ દેવરાજબાપા, સેવા આપી રહ્યા છે. સત હનુમાનજી મંદિર ટ્રસ્ટના આયોજકો દ્વારા રાજકોટની ધર્મપ્રેમી જનતાને કથાનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટના ચેરમેન દ્વારા ૧૩ વોર્ડના અધ્યક્ષની નિયુકતી

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટ વિવિધ વોર્ડના ચેરમેનની નિમણુંક કરાય છે.જેમાં મુકેશ જાદવની વોર્ડ નં.૩ના, પ્રહલાદભાઈ ડાંગરની વોર્ડનં.૪ના, હિતેશભાઈ મુંગલપરાની વોર્ડનં.૫ના, વિરમભાઈ સાંભડની વોર્ડ નં. ૬ના, નીખીલભાઈ ગુજરીયાની વોર્ડનં. ૭ના, દિપેનભાઈ ગોહેલની વોર્ડ નં. ૮ના, ભાવીકભાઈ મારૂની વોર્ડ નં. ૧૧ના,થોરીયા અનિલભાઈની વોર્ડનં. ૧૨ના, વનરાજસિંહ નકુમની વોર્ડ નં. ૧૪ના,વરજાંગભાઈ કરમટાની વોર્ડ નં. ૧૫ના, ચુડાસમા યુનુસભાઈની વોર્ડ નં. ૧૬ના, કાનાભાઈ ડાભીની વોર્ડ નં. ૧૭ના, શૈલેષભાઈ જાદવની વોર્ડ નં. ૧૮ના ચેરમેન તરીકે નિયુકતી કરાય છે.

# સાધુ વાસવાણી રોડ પર યુવકનો આપઘાતનો પ્રયાસ

## છેલ્લા થોડા દિવસોથી ’મરવાના વિચારો’ આવતા હોવાથી પગલું ભર્યું,

**અબતક રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર આવેલા ગોપાલ ચોક વિસ્તારમાં સતત નકારાત્મક વિચારોથી ઘેરાયેલા ૨૪ વર્ષીય યુવકે પોતાના ઘરે એસિડ પી લેતા તેને ચકચાર મચી જવા પામી છે. જેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, ગોપાલ ચોક પેટ્રોલ પંપની સામે રહેતા વિશાલ દિનેશભાઈ ગોહિલ (ઉં.વ. ૨૪)એ ગઈકાલે સાંજે ૫:૩૦ વાગ્યે પોતાના ઘરે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે પરિવારજનોમાં નાસભાગ મચી ગઈ હતી વિશાલને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે વિશાલને છેલ્લા થોડા દિવસોથી મનમાં સતત ’મરી જવાના’ અને ખરાબ વિચારો આવતા હતા. આ માનસિક અસ્વસ્થતાને કારણે જ તેણે આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિશાલભાઈ કલર કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક દીકરો છે. તેઓ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના છે. હાલ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે સ્થાનિક પોલીસને જાણ કરી છે. કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# મવડીમાં પ્રૌઢાએ ઘઉંના ઝેરી ટીકડા ગળી જીવનનો અંત આણ્યો

## થાઈરોઈડની બીમારીથી કંટાળી આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં પ્રૌઢ મહિલાએ આજરોજ ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. તાત્કાલિક હોસ્પિટલ ખસેડતા તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મવડી વિસ્તારમાં રામધનની પાછળ આવેલ શ્રી નાથજી પાર્ક-૧ માં રહેતા ભાવનાબેન અલ્પેશભાઈ કાકણીયા (ઉં.વ. ૫૪) એ આજે વહેલી સવારે આશરે ૬:૦૦ વાગ્યે પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના પતિના જણાવ્યા મુજબ, ભાવનાબેન છેલ્લા ઘણા સમયથી થાઈરોઈડની બીમારીથી પીડાતા હતા. આ લાંબી બીમારીના કારણે કંટાળીને તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ મનાઈ રહ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ભાવનાબેનના પતિ કોન્ટ્રાક્ટરનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં બે દીકરા છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# પેડક રોડ પર વૃદ્ધાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યૂ

## શિવાજીનગરમાં યુવાને અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું, એરેટાટી,

**અબતક રાજકોટ**

શહેરના પેડક રોડ અને થોરાળા વિસ્તારમાં બે વ્યક્તિઓએ ગળાફાંસો ખાઈ પોતાની જિંદગી ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. બંને બનાવોમાં આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના પેડક રોડ પર આવેલી રાજપરા સોસાયટી શેરી નં. ૧ માં રહેતા શાન્તાબેન બચુભાઈ કોંગઠીયા (ઉં.વ. ૬૩) એ ગઈકાલે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક શાન્તાબેનના પતિ નિવૃત્ત જીવન જીવે છે અને તેમને સંતાનમાં ત્રણ દીકરાઓ છે. કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બીજા એક બનાવમાં, થોરાળા વિસ્તારના શિવાજીનગર શેરી નં. ૧૫ માં રહેતા લાલજીભાઈ રાજેશભાઈ ચાવડા (ઉ.વ. ૩૯) એ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારના સભ્યોએ લાલજીભાઈને લટકતી હાલતમાં જોતા તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ ૧૦૮ની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા યુવાનનું મોત નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. બનાવની જાણ થતા જ થોરાળા પોલીસનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો અને જરૂરી પંચનામાની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. યુવાનના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોપાલ ચોકમાં નજીવી બાબતે ઝઘડો થતા પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

## મિત્રના કપડાં પહેરવા બાબતે પતિએ ઠપકો આપતા પત્નીને માઠું લાગી આવતા ફિનાઈલ ગટગટાવ્યું!

**અબતક રાજકોટ**

શહેરના ગોપાલ ચોક વિસ્તારમાં પરિણીતાએ તેના પતિ સાથે કપડાં પહેરવા બાબતે થયેલી બોલાચાલી બાદ આવેશમાં આવી ફિનાઈલ પી લેતા ચકચાર મચી ગઈ છે. હાલ મહિલા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગોપાલ ચોક પાસે આવેલી ભીડભંજન શેરી નંબર-૫ માં રહેતા મહેકબેન અજયભાઈ રાણપરા (ઉં.વ. ૨૫) ગઈકાલે પોતાના કોઈ મિત્ર પાસેથી પહેરવા માટે કપડાં માંગી લાવ્યા હતા. આ બાબત તેમના પતિ અજયભાઈને પસંદ ન આવતા બંને વચ્ચે જગડો થયો હતો, પતિએ પત્નીને ઠપકો આપતા કહ્યું હતું કે, “તારી પાસે કપડાં ઓછા હોય તો હું તને નવા લઈ આપું, પણ બીજાના કપડાં ન સુ કામ લેશ.“પતિના ઠપકાથી માઠું લાગી આવતા મહેકબેને ઘરમાં રહેલું ફિનાઈલ પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ હખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મહેકબેન અને અજયભાઈના લગ્નને ચાર વર્ષ થયા છે. સમગ્ર મામલે હોસ્પિટલ ચોકી દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે આ બનાવ અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સિઝન્સ સ્કેવર ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત યુનિક ટ્રસ્ટના દિવ્યાગોની પાંચ દિવસીય ધાર્મિક યાત્રા સંપન્ન

**અબતક, રાજકોટ**

સિઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યુનિય વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટના દિવ્યાંગ ભાઈ-બહેનો માટે ગુજરાત અને રાજસ્થાનના પ્રસિધ્ધ ધાર્મિક સ્થળોનો તા. ૨૬ ફેબ્રુઆરી થી ૨ માર્ચ સુધીનો ૫ દિવસનો યુનિટ પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રવાસ દરમિયાન દિવ્યાંગોને શામળાજી, કેસરિયાજી, શ્રીનાથજી પુસ્કર સાંવરિયા શેઠ, અંબાજી ઉમિયાજી, બહુચરાજી જેવા પવિત્ર સ્થળોના દર્શનનો લાભ લેવડાવવામા આવ્યો. ટ્રસ્ટ દ્વારા આવવા-જવા માટે સ્લીપર બસ, ઉતારાની સુવિધા તેમજ બન્ને ટાઈમના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

યુનિટ સંસ્થાના કાર્યકર્તાઓએ દિવ્યાંગોની સેવા માટે વ્હીલચેર પર લઇ જવા, દૈનિક ક્રિયાઓમાં સહાય, ભોજન પીરસવું અને મંદિરોના દર્શન કરાવવા જેવી સેવા પ્રવૃતિઓ નિભાવેલી, આ પ્રવાસમાં આશરે ૪૦ જેટલા શારીરીક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગોએ લાભ લીધો હતો. દુર્ગમ સ્થળોના પ્રવાસને સુગમ્ય બનાવવા બદલ યુનિટ સંસ્થાના પ્રમુખ શૈલેશભાઇ પંડયા તથા મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઇ પંડયાએ સિઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અજયભાઇ જોશી, અલકાબેન વોરા અને કૌશિકભાઇ મહેતાને હ્રદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. આ સેવા કાર્ય દિવ્યાંગો માટે ધાર્મિક માનસિક અને સામાજીક પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.

# ઉનાળાની વધતી ગરમીમાં પ્રાથમિક શાળાનો સમય સવારનો કરવા માંગ

## પ્રાથમિક શૈક્ષીક મહાસંઘ દ્વારા શિક્ષણાધિકારીને પત્ર પાઠવાયો

**અબતક, રાજકોટ**

ઉનાળાની વધતી ગરમીને ધ્યાને લઇ રાજકોટ જીલ્લાની પ્રાથમિક શાળાનો સમય સવારનો કરવા પ્રાથમિક શૈક્ષીક મહાસંઘ રાજકોટના પ્રમુખ સંજયભાઇ હુંબલે જીલ્લા પ્રાથમીક શિક્ષણ અધિકારીને પત્ર પાઠવી માંગ કરી છે.

જીલ્લા શિક્ષણા અધિકારીને પાઠવાયેલ પત્રમાં જણાવાયું છે કે, રાજયભરમાં ઉનાળાની ઋતુનો પ્રારંભ થઇ ચૂકયો છે. અને છેલ્લા કેટલાક દિવસોથી હવામાનમાં સતત તાપમાનમાં વધારો નોંધાઇ રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન આગામી તા. ૧૦મી માર્ચથી બપોરના સમય તાપમાન અંદાજે ૪૦ સેલ્સીયસ સુધી પહોચવાની પુરી શકયતા વ્યકત કરવામાં આવી છે.

વધુ તાપમાનના કારણે બપોરના સમયમાં શાળાઓ ચાલુ રાખવાથી બાળકોને ગરમી જન્ય તકલીફો થાક ડિહાઇડ્રેશન તથા આરોગ્ય સમસ્યાઓ ઉભી થવાની શકયતા રહે છે.

તા. ૧૬મી માર્ચથી સમગ્ર રાજકોટ જીલ્લાની પ્રાથમિક શાળાઓનો સમય સવારે પાળીમાં નકકી કરવા અંગે યોગ્ય અને તાત્કાલીક વહીવટી નિર્ણય લેવામાં આવે જેથી વિદ્યાર્થીઓના આરોગ્ય અને હિતનું સંરક્ષણ થઇ શકે.

# બેડીનાકા ટાવર પાસે મકાનમાં દારૂની મહેફિલ માણતા સાત બંગાળી ઝડપાયા

## એ ડિવિઝન પોલિસના દરોડામાં ત્રણ ખાલી ચપલા મળ્યા : બુટલેગર અંગે તપાસ

**અબતક, રાજકોટ**

શહેરના બેડીનાકા ટાવર પાસે આવેલા ભાડાના મકાનમાં દારૂની મહેફિલ માણી રહેલા સાત બંગાળી કારીગરોને એ ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતાં. અહીંથી દારૂના ત્રણ ખાલી ચપલા મળી આવ્યા હતાં.

પોલીસે આ સાતેય શખસો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી. બોરીસાગરની રાહબરી હેઠળ પી.એસ.આઇ એસ.આર.ચાવડા, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ ચૌહાણ, કોન્સ્ટેબલ જયેશભાઈ ડાંગર, મનીષભાઈ ફાંગલીયા સહિતનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો દરમિયાન એવી બાતમી મળી હતી કે, બેડી નાકા ટાવર પાસે આવેલા પ્રભાકર ભાઈના મકાનમાં કેટલાક શખસો દારૂની મહેફિલ માણી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે અહીં દરોડો પાડ્યો હતો.

પોલીસે અહીં મકાને પહોંચી દરવાજો ખોલતા સાત શખસો ગોળ કુંડાળું કરીને બેઠા હતા અને વચ્ચે દારૂની બોટલ તથા પાણીની બોટલ અને ડિસ્પોઝલ ગ્લાસ અને ડિશ પડી હતી.

પોલીસે દારૂની મહેફિલ માણી રહેલા આ શખસોની પૂછતાછ કરતા તેમના નામ સૌરવ સાસધાર દોલાઈ, હિરેનમોયકુમાર અજોયકરક, બપનમન્ના સીધામન્ના, ચાંદ કુમાર અભેરામ દોલાઈ, પ્રદીપમન્ના સીધામન્ના, રાકેશમન્ના ઓસ્ટોમન્ના અને સોમનાથ ભકતો અમરનાથ ભકતો હોવાનું જણાવ્યું હતું. આ સાતેય બંગાળી કારીગરો દારૂની બોટલ લાવી અહીં ભાડાના મકાનમાં દારૂની મહેફિલ માણી રહ્યા હતા.

પોલીસે આ શખસો સામે ગુનો નોંધી તેઓ દારૂની બોટલ કોની પાસેથી લાવ્યા હતા સહિતની બાબતો અંગે વિશેષ તપાસ હાથ ધરી છે.

# શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપના મકાનમાંથી રૂ.૪૫ હજારની ચોરી : બેલડી ઝડપાઇ

## ધુળેટી પર્વે કલાકો માટે જ બંધ મકાનમાંથી ધોળા દિવસે તસ્કર ટોળકી ત્રાટકી’તી : પ્ર.નગર પોલિસે રોકડ કબ્જે કરી

**અબતક, રાજકોટ**

શહેરના સાધુવાસવાણી કુંજ રોડ પર આવેલી શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપમાં ધૂળેટી કલાકો માટે બંધ રહેલા મકાનમાં ધોળા દિવસે રૂ.૪૫ હજારની ચોરીનો બનાવ બન્યા અંગે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પ્ર.નગર પોલીસે તપાસ હાથ ધરી નામચીન તસ્કર સહિત બે શખસોને ઝડપી લીધા હતાં. પોલીસે આ બેલડી પાસેથી રૂ.૪૫ હજારની રોકડ કબજે કરી હતી.

સાધુવાસવાણી કુંજ રોડ શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપ વિંગ બી ફ્લેટ નંબર ૪૦૪ માં રહેતા હરેશભાઈ વિનોદભાઈ પંડ્યા(ઉ.વ.૫૦) નામના રીક્ષાચાલકે ગઈ તા. ૭/૩ ના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ચોરીના બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં રીક્ષાચાલકે જણાવ્યું હતું કે, ગઈ તા. ૪/૩ ના ધુળેટીનો તહેવાર હોય જેથી તે તથા તેની પત્ની અને પુત્ર તથા સાળીની પુત્રી સહિતનાઓ ગૌરીદડ ગામે રહેતા મામાજી સસરાના ઘરે ગયા હતા તેમજ તેમની સાથે રહેતા તેમના માતા રેલનગરમાં સુભાષચંદ્ર બોઝ ટાઉનશિપમાં રહેતી બહેન રૂપલબેનને ત્યાં રોકાવા ગયા હતા.

બપોરના ત્રણેક વાગ્યા આસપાસ ફરિયાદી તથા તેનો પરિવાર ગૌરીદડ ગામેથી ઘરે આવતા દરવાજો ખુલ્લો હોય અને દરવાજા પરનું તાળું તૂટેલું હતું જેથી કંઈક અજુગતું બન્યાની શંકા ગઈ હતી. બાદમાં મકાનમાં તપાસ કરતા સામાન વેરવિખેર હતો. તિજોરી તથા કબાટના દરવાજા ખુલ્લા હતા તિજોરીમાં લોકરના ખાનામાં અંદાજે રૂપિયા ૪૫,૦૦૦ ની રોકડ રાખી હતી.આ રોકડ ચોરી થઇ ગયાનું માલુમ પડયુ હતું. જે અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ચોરીના આ બનાવને લઇ પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઇ જે.બી.રાંણીગા તથા ટીમે તપાસ હાથ ધરી આ ચોરીમાં નામચીન તસ્કર પ્રદીપ ઉર્ફે પદીયો કાળુભાઇ પઢારીયા (રહે ગુલાબ નગર) અને જગદીશ ઉર્ફે જગો ગુણવંતભાઇ નિમાવત (રહે કોઠારીયા સોલવન્ટ) ને ઝડપી લઇ તેની પાસેથી રોકડ રૂ.૪૫ હજાર કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કામગીરીમાં પીઆઇ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઇ જે.બી.રાણીંગા, એ.એસ.આઇ. રવીભાઇ વાઘેલા, હેડ.કોન્સ. જેંતીભાઇ વાવડીયા, મયુરરાજસિંહ જાડેજા, ક્રિપાલસિંહ ગોહિલ, કોન્સ રિયાઝભાઇ ભીપોત્રા, વનરાજભાઇ બોરીચા,ચાપરાજભાઇ ખવડ, તોફિકભાઇ જુણાચ,તૌફિકભાઇ મઘરા,,વિરેંદ્રસિંહ ,વિશ્વજિતસિંહ ઝાલા સાથે રહ્યા હતાં.

# ધોળાવીરાના પૂરાતત્વીય વિકાસ માટે સંપાદન કરેલી જમીનના મામલે અદાલતનો ઐતિહાસિક ચુકાદો

**વળતર નહીં મળતા રાજકોટ પુરાતત્ત્વ કચેરીની જપ્તિનો સિવિલ કોર્ટનો હુકમ**

**ખેડૂતો અને કોર્ટના બેલિફ સાથે રાખીને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી !**

**અબતક,રાજકોટ**

ગુજરાતના ઈતિહાસમાં કદાચ આ પ્રથમ એવો કિસ્સો છે જેમાં ધોળાવીરાના પુરાતત્ત્વીય વિકાસ માટે સંપાદન કરેલ જમીનનું ખેડૂતોને વળતર ચૂકવવામાં નિષ્ફળ રહેલી કેન્દ્ર સરકારની સ્વાયત્ત સંસ્થા 'ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ' (અજઈ) ની કચેરી જપ્ત કરવાનો આદેશ સિવિલ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. રાજકોટ સિવિલ કોર્ટના આ કડક વલણને પગલે સરકારી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.સિવિલ કોર્ટનો આદેશ થતા બેલીફને સાથે લઈને વકીલ અને ખેડૂતો રાજકોટ સ્થિત કચેરીએ જપ્તી કરવા પહોંચ્યા હતા. કચ્છમાં મળી આવેલા પુરાતન નગર ધોળાવીરાના પુરાતત્ત્વીય વિકાસ માટે ૧૦૦ એકર જેટલી જમીન સંપાદનમાં ખેડૂતોને યોગ્ય વળતર નહીં મળતા થયેલી અરજીમાં રાજકોટ સિવિલ કોર્ટે પુરાતત્ત્વીય સર્વેક્ષણ કચેરીની મિલકત જપ્તીનો હુકમ કરતા સનસનાટી જવા પામી છે.કચ્છના ભચાઉ તાલુકામાં ધોળાવીરા પુરાતત્ત્વીય સાઈટ ઉપર જમીન સંપાદનમાં ખેડુતોને વળતર નહી ચુકવવા બદલ પુરાતત્વ સર્વેક્ષણની મિલ્કત જપ્તી માટે કોર્ટે ઐતિહાસીક ચુકાદો આપતા રાજકોટ બહુમાળી ભવન સ્થિત પુરાતત્વ સર્વેક્ષણ કચેરીની મિલ્કત જપ્તીનો હુકમ કરતા તંત્રમાં દોડધામ મચી ગઇ છે.ધોળાવીરામાં ૨૦૦૪માં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે અંદાજે ૧૦૦ એકર જમીન સંપાદન કરી હતી. તેમાં ૧૫ દિવસનો સમય માંગ્યા બાદ પણ રકમ ન ચૂકવાતા ખેડૂતો રાજકોટ કચેરીએ ધસી ગયા હતા. ખેડૂતોની રજૂઆતનો કોઈ ઉકેલ નહીં આવતા રાજકોટ સિવિલ કોર્ટ કચેરી સામે વળતર મેળવવા અરજી કરવામાં આવી હતી.જેમાં ધોળાવીરાના ખેડૂતોને યોગ્ય વળતર ન આપવાના મુદ્દે કોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની મિલકત જપ્તીનો ધાક બેસાડતો આદેશ આપ્યો હોવાનો મામલો બહાર આવ્યો છે. આદેશ બાદ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે ૧૫ દિવસનો સમય માંગ્યો હતો, જે પણ હવે પૂર્ણ થવા પર છે પણ ખેડૂતોને રૂપિયા ક્યાંય મળ્યા ન હોવાનું બહાર આવ્યું છે.અત્રે યાદ રહે કચ્છના ભચાઉ તાલુકાના ખદિરબેટમાં આવેલું ધોળાવીરા એ ૫૦૦૦ વર્ષ જૂનું સિંધુ ખીણની સંસ્કૃતિનું અતિ વિકસિત હડપ્પન શહેર છે, જે જુલાઈ ૨૦૨૧માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર થયું છે. તે તેના શ્રેષ્ઠ નગર આયોજન, પથ્થરની રચનાઓ, અને પ્રાચીન જળ સંચય પ્રણાલી માટે પ્રખ્યાત છે, જેને સરકાર દ્વારા પુરાતત્ત્વીય વિકાસ માટે પસંદ કરી તેને વિકસાવવા માટે જમીન સંપાદન કર્યુ છે. રાજકોટ સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીના અનુસંધાને, કોર્ટે પુરાતત્વ વિભાગની રાજકોટ સ્થિત ઓફિસની મિલકતો જપ્ત કરવાનો 'જપ્તી વોરંટ' ઈશ્યૂ કર્યો છે. આજે ખેડૂતો અને કોર્ટના બેલિફ સાથે રાખીને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વકીલ પ્રિયન નાકરે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે ખેડૂતોના હક માટે લાંબા સમયથી લડી રહ્યા છીએ. કોર્ટના આદેશ છતાં .

## કોર્ટના આદેશનું પાલન ન કરતા રાજકોટ અદાલતના દ્વાર ખખડાવ્યા 'તા

વિશ્વ વિખ્યાત હેરિટેજ સાઈટ ધોળાવીરામાં કેન્દ્ર સરકાર દ્વારા પુરાતત્વ વિભાગ માટે જમીન સંપાદન કરવામાં આવી હતી. તે સમયે ખેડૂતોને માત્ર ૦.૬૪ પૈસા પ્રતિ ચોરસ મીટરના નજીવા ભાવે વળતર ચૂકવવામાં આવ્યું હતું. આ અન્યાય સામે ખેડૂતોએ લાંબી કાનૂની લડત શરૂ કરી હતી.ખેડૂતોના વકીલ પ્રિયન નાકરના જણાવ્યા , તેઓ વર્ષ ૨૦૦૫ થી આ કેસ લડી રહ્યા છે. લાંબી લડત બાદ, ૩૧ જુલાઈ ૨૦૨૩ ના રોજ ભચાઉ કોર્ટ દ્વારા પુરાતત્વ વિભાગને આદેશ આપ્યો હતો કે ખેડૂતોને પ્રતિ ચોરસ મીટર ૯.૫૭ રૂપિયા મુજબ વધારાનું વળતર ચૂકવવામાં આવે. ભચાઉ કોર્ટના સ્પષ્ટ આદેશ છતાં પુરાતત્વ વિભાગ દ્વારા ખેડૂતોને વળતરની રકમ ચૂકવવામાં આળસ દાખવવામાં આવી હતી. જ્યાં કોર્ટના આદેશનું પાલન ન કરવા બદલ જવાબદાર અધિકારીને રૂ. ૧,૦૦,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આમ છતાં, તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતા ખેડૂતોએ ફરી એકવાર ન્યાય માટે કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

## ૨૧ વર્ષે ૯ ખેડૂત પરિવારોને ન્યાય મળ્યો



વિભાગે વળતર ન ચૂકવતા આજે અમે જપ્તીની કાર્યવાહી માટે આવ્યા છીએ. અત્યાર સુધી ખેડૂતોને પૂરતું વળતર ચૂકવવામાં આવ્યું નથી. સરકાર દ્વારા વળતર આપવાના વાયદા સામે ખેડૂતોને હજુ સુધી રકમ મળી નથી. આ અન્યાય સામે ખેડૂતોએ આક્રમક વલણ અપનાવ્યું છે. કોર્ટના આદેશ અનુસાર ખેડૂતોએ વળતર પેટે કચેરીની માલ-મિલકત જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી છે, જેમાં કચેરીનું ફર્નિચર, કોમ્પ્યુટર અને ગાડી જેવી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવશે. કે, વર્ષો બાદ ન્યાય મળતા જ ખેડૂતોમાં સંતોષની લાગણી જોવા મળી હતી. પોતાની જમીન ગુમાવ્યાના ૨૧ વર્ષ બાદ પણ વળતર માટે વલખાં મારતા ૯ ખેડૂત પરિવારોને આ નિર્ણયથી ન્યાય મળવાની આશા જન્મી છે

# શીતળાધાર વિસ્તારમાં પ્રેમીએ પરિણીતા પર છરી વડે હુમલો કરી ટ્રેન નીચે પડતું મૂક્યું

**હુમલો કર્યાના ગણતરીના કલાકોમાં જ હડમતિયા રેલવે સ્ટેશન પાસે પ્રેમીનું ટ્રેનના અડફેટે મોત, પોલીસે તપાસ હાથ ધરી**

**અબતક, રાજકોટ**

શહેરના શીતળાધાર વિસ્તારમાં આજે વહેલી સવારે છેલ્લા સાત વર્ષથી સાથે રહેતા પ્રેમીએ જ પરણીતા પર છરી અને બ્લેડ વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટનાના થોડા જ કલાકોમાં હુમલો કરનાર પ્રેમીનું હડમતિયા રેલવે સ્ટેશન પાસે ટ્રેનની અડફેટે આવતા મોત નીપજ્યું છે, જેણે આત્મહત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ શીતળાધાર શેરી નં. ૨ માં રહેતા કાજલબેન ભુપતભાઈ ગોંડલિયા (ઉં.વ. ૪૫) સાત વર્ષ પૂર્વે પોતાના પતિ અને ત્રણ સંતાનોને છોડીને પ્રેમી હિંમત ગોબરભાઈ સાથે રહેવા આવી ગયા હતા. કાજલબેનના પુત્ર સાગરે જણાવ્યું હતું કે બંને વચ્ચે કોઈ કારણોસર મતભેદ થતા ગઈકાલે જ કાજલબેને મને ફોન કરીને કહ્યું હતું કે, ''હવે મારે અહીં નથી રહેવું, તું મને લેવા આવી જા.'' આજે સવારે હું તેમને લેવા પહોંચૂ તે પહેલા જ હિંમતે સવારે ૫:૦૦ વાગ્યાની આસપાસ કાજલબેન પર હુમલો કરી દીધો હતો. હિંમતે કાજલબેનના ગળા, છાતી અને પેટના ભાગે છરીના ત્રણ જેટલા ગંભીર ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં કાજલબેને મને જાણ કરતા અમે તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. આ ઘટનાના ગણતરીના કલાકોમાં જ હુમલો કરનાર હિંમતનું હડમતિયા રેલવે સ્ટેશન પાસે માલગાડીની અડફેટે આવતા મોત નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હિંમતભાઈ મૂળ ભેંસાણના વતની હતા અને મજૂરી કામ કરતા હતા. તેમને સંતાનમાં એક પુત્રી છે.અને કાજલબેનને સંતાનમાં એક દીકરો બે દીકરી છે. તેમના પતિ ભૂપતભાઈ પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. હાલ પોલીસે, પ્રેમીએ મહિલા પર હુમલો કર્યા બાદ પસ્તાવા અથવા પોલીસ પકડના ડરથી ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો અથવા તો અકસ્માતે મોત થયું હોઈ તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# મતપેટીના ટ્રકને સળગાવી દેવાની ધમકીથી બીસીજીની મત ગણતરી મોકૂફ

**રિટર્નિંગ ઓફિસરને સુરક્ષાની ખાતરી નહીં મળતા મત ગણતરી અટકી પડી હોવાની ચર્ચા**

**અબતક,રાજકોટ**

ગુજરાતના વકીલોની સર્વોચ્ચ સંસ્થા 'બાર કાઉન્સિલ ઓફ ગુજરાત' (બીસીજી)ની વર્ષ ૨૦૨૬ની ચૂંટણી અત્યંત વિવાદાસ્પદ અને હિંસક વળાંક પર આવીને ઉભી રહી છે. ૬ માર્ચે શાંતિપૂર્ણ મતદાન બાદ સાંજે ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ હોલ ખાતે જે પ્રકારનું 'ગુંડાગીરી'ભર્યું દશ્ય સર્જાયું હોવાનું કહેવાય છે. તેનાથી સમગ્ર કાયદાકીય આલમમાં ખળભળાટ મચી ગયો છે. ઉમેદવારો અને તેમના સમર્થકોએ ચૂંટણી સામગ્રી ભરેલી ટ્રકને આગ ચાંપવાની ધમકી આપતા, મુખ્ય રિટર્નિંગ ઓફિસર હસમુખ એમ. પરીખે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને એડવોકેટ જનરલને કડક શબ્દોમાં પત્ર લખી પોતાની સુરક્ષા અને ચૂંટણીની પવિત્રતા અંગે ગંભીર સવાલો ઊઠાવ્યા છે.રાજ્યભરમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ્યારે તમામ મતપેટીઓ અને અન્ય ચૂંટણી સામગ્રી ટ્રાન્સપોર્ટ ટ્રકમાં લોડ કરવામાં આવી રહી હતી, ત્યારે ૧૨ જેટલા ચોક્કસ લોકો અને તેમના ટોળાએ હોબાળો મચાવ્યો હતો. આ ટોળાએ મતપેટીનો ટ્રક સ્ટાફ સાથે સળગાવી દેવાની ધમકી આપી હતી. આ બાબતે સચિવને જાણ કરીને તાત્કાલિક પોલીસ કાફલો બોલાવાયો હતો. આ બાબતે રિટર્નિંગ ઓફિસર હસમુખ પરીખ, સંયુકત રિટર્નિંગ ઓફિસર રશ્મિન જાની અને મિલન પટેલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો ચૂંટણી લડતા ઉમેદવારો આજે રાત્રે ૮:૦૦ વાગ્યા સુધીમાં શાંતિ જાળવવાની અને પ્રક્રિયામાં દખલ ન કરવાની લેખિત ખાતરી નહીં આપે તો મતગણતરી મોકૂફ રખાશે. એટલું જ નહીં, સુરક્ષાના અભાવે તમામ અધિકારીઓ સામૂહિક રાજીનામું આપવાની પણ તૈયારી દર્શાવી છે.

## સોશિયલ મીડિયામાં અફવા

ચૂંટણી અધિકારીઓએ પત્રમાં આક્રોશ વ્યક્ત કર્યો છે કે મત ગણતરીની પદ્ધતિને લઈને સોશિયલ મીડિયા પર ખોટી અફવા ફેલાવવામાં આવી રહી છે. રિટર્નિંગ ઓફિસરોએ સ્પષ્ટ કર્યું કે, બીસીજીના નિયમ ૨૪ મુજબ જ ગાણિતિક પદ્ધતિથી ગણતરી થશે. વ્યક્તિગત મતપેટીઓ કે ન વપરાયેલા મતપત્રોની ગણતરીની કોઈ કાનૂની જોગવાઈ નથી. ચૂંટણી પ્રક્રિયાને બદનામ કરવાના હેતુથી ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો છે.

# મવડીમાં ચોરીના ગુનામાં તસ્કર ટોળકીની જામીન અરજી નામંજૂર

**સ્વાશ્રય સોસાયટીમાં નવા બનતા મકાનની સાઈટ પરથી ૮૩,૦૦૦ના વાયરની ચોરી કરી હતી**

**અબતક,રાજકોટ**

શહેરના મવડી મેઈન રોડ પર આવેલા સ્વાશ્રય સોસાયટી માં નવા બનતા મકાનની સાઈટ પરથી રૂપિયા ૮૩,૦૦૦ ના ઈલેક્ટ્રીક વાયર ની ચોરીના ગુનામાં જેલ હવાલે રહેલા પાંચ આરોપીની અદાલતે જામીન અરજી ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ શહેરના મવડી મેઈન રોડ સ્વાશ્રય સોસાયટી શેરી નંબર ૪ ખાતે રહેતો ગૌરવભાઈ કિરીટભાઈ મકવાણાનું મકાનની બાંધકામ સ્થળે ઈલેક્ટ્રીક વાયર રાખેલા હોય જે ઈલેક્ટ્રીક વાયર કિંમત રૂપિયા ૮૩, ૦૦૦ ની ચોરી થયાની માલવિયા નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદનોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ તપાસમા રિક્ષામાં શંકાસ્પદ સુનિલ જીતેશભાઈ ધાંધલપરીયા , મયુર ઈકુભાઈ કોઈડિયા ,રોહિત ઈકુભાઈ કોઈડિયા , વિપુલભાઈ વિનોદભાઈ ડોડા અને આકાશ કિશનભાઈ વાણોધીયાની ધરપકડ કરી તપાસ કરતા તમામને જેલ હવાલે કર્યા હતા જેલમાં રહેલ પાંચેય આરોપીઓ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરી રજૂઆત કરેલ કે આરોપીઓ સામે અગાઉ ચોરીના ગુનાઓ નોંધાયેલા છે જો તેને જામીન આપવામાં આવશે તો ફરી ચોરીના ગુના કરશે અને લોકોની માલ-મિલકત ની સલામતી રહેશે નહીં તેથી જામીન અરજી રદ કરવા રજૂઆત કરી હતી જે રજૂઆત ધ્યાન લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટ આરોપીઓની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

# ગંજીવાડામાં ૨૨ વર્ષીય પરિણીતાએ ગળાફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અગમ્ય કારણોસર આ પગલું ભરતા પરિવારમાં શોક છવાયો, પોલીસે તપાસ હાથ ધરી**

**અબતક, રાજકોટ**

શહેરના ગંજીવાડા વિસ્તારમાં આવેલી મહાકાલેશ્વર શેરીમાં આજે ૨૨ વર્ષની પરણીતાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગંજીવાડા મહાકાલેશ્વર શેરીમાં રહેતા છાયાબેન રંજીતભાઈ મકવાણા (ઉં.વ. ૨૨) આજે સવારે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ દરમિયાન તેમણે અગમ્ય કારણોસર છતના પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ પરિવારજનોને થતા જ તેઓ દોડી આવ્યા હતા અને તાત્કાલિક છાયાબેનને સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક છાયાબેનના પતિ રંજીતભાઈ છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. દંપતીના લગ્નને હજુ એક વર્ષ જ પૂર્ણ થયું હતું. પરિણીતાએ કયા સંજોગોમાં અને કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઘંટેશ્વર વિસ્તારમાં પત્નીના ત્રાસથી કંટાળી યુવકે ફિનાઈલ ગટગટાવ્યું

**પત્ની વારંવાર રિસામણે જતી અને હવે છૂટાછેડા માટે ૧૦ લાખ માંગતી હોવાથી કંટાળી પગલું ભર્યાનું યુવકોનો આક્ષેપ**

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર વિસ્તારમાં રહેતા અને હોમગાર્ડમાં ફરજ બજાવતા યુવકે પત્ની અને સાસરિયાઓના ત્રાસથી કંટાળી ફિનાઈલ પી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ઘંટેશ્વર અમરનાથ સોસાયટી પાસે રહેતા બંશીભાઈ રાજેશભાઈ રાજ્યગુરુ (ઉં.વ. ૨૮) ગઈકાલે સાંજે આશરે ૫:૩૦ વાગ્યાની આસપાસ ન્યૂ કોર્ટ પાસે હતા, ત્યારે ઝેરી દવા (ફિનાઈલ) પી લીધી હતી. બંશીભાઈ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવે છે. બનાવની જાણ થતા જ તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ સારવારમાં ખસેડાયા હતા. સારવાર દરમિયાન બંશીભાઈએ જણાવ્યું હતું કે, તેમના લગ્નને ૮ વર્ષ થયા છે અને સંતાનમાં એક પુત્ર છે. તેમની પત્ની પૂજા વારંવાર માવતરે રિસામણે ચાલી જતી હતી. હાલ પત્નીએ છૂટાછેડા લેવા માટે ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી છે. બંશીભાઈએ પોતાની પત્ની પૂજા, સાળો વાસુ સંજયભાઈ ત્રિવેદી, સસરા સંજયભાઈ પી. ત્રિવેદી અને સાસુ જયશ્રીબેન ત્રિવેદીના ત્રાસથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું. પોતે એક ભાઈ અને એક બહેનમાં નાના છે હાલ આ મામલે પોલીસે યુવકનું નિવેદન નોંધી સાસરિયાઓ સામે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# લાખાજીરાજનગર - ઉદ્યોગનગરના મકાનમાંથી દોઢ લાખના કોપર વાયરની ચોરી : તસ્કર ઝડપાયો

**થોરાળા પોલીસે ગણતરીની કલાકોમાં જ આજી નદીના કાંઠેથી અર્જુન ઉર્ફે ચોટલાને પકડી તમામ મુદ્દામાલ રિકવર કર્યો : વધુ એક શંકાસ્પદ શખ્સની ભુમિકા અંગે તપાસ**

**અબતક, રાજકોટ**

લાખાજીરાજ ઉદ્યોગનગરના મકાનનું તાળું તોડી રૂ.૧.૫૦ લાખના કોપર વાયરની ચોરી કરી લેવાઈ હતી. જે મામલે થોરાળા પોલિસેં કાર્યવાહી કરતા ગણતરી ની કલાકોમાં જ આજી નદીના કાંઠેથી તસ્કરને ઝડપી ચોરીમાં ગયેલો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે વધુ એક શખ્સની સકંજામાં લઇ તેની ભુમિકા અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી.

બનાવ અંગે જંક્શન પ્લોટ ગાયકવાડી શેરી નં. ૨/૧૧ ના ખૂણે રહેતા ૫૩ વર્ષીય પ્રૌઢ ભંગારના વેપારી પ્રદીપભાઇ પ્રહલાદભાઈ વાસવાણીએ થોરાળા પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષા મેટલ સ્ક્રેપ નામનો ભંગારનો ડેલો લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નં.૧૪, ભાવનગર રોડ ખાતે ચલાવુ છુ અને તેની સામે આવેલ મારા ખાલી મકાનમાં ભંગારનો સામાન રાખી ધંધો કરૂ છું.

ગઈ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રીના સાડા દસ વાગ્યે મારો ડેલો અને તેની સામે આવેલ મકાનને તાળુ મારી ઘરે જતો રહેલ હતો. ઘરે જતી વખતે મે મારા ડેલાના તેમજ મકાનમાં રાખેલ ભંગારની ગણતરી કરતા તાંબાના(કોપર) વાયરના આઠ કોથળા જેનો કુલ વજન ૧૫૦ કિલો થતો હતો તે મકાનમાં રાખેલ હતા. બાદ તા. ૦૭/૦૩/૨૦૨૬ સવારના આશરે દશ વાગ્યે ભંગારના ડેલે જતાં મારા મકાનનુ તાળુ તુટેલ હતુ. બાદ ત્યાં મેં રાખેલ તાંબાના ભંગારના આઠ કોથળા જેમાં રૂ. ૧.૫૦ લાખની કિંમતનો તાંબાના વાયરનો ૧૫૦ કિલો ભંગાર મળી આવ્યો ન હતો.



જેથી ભંગારના ડેલામા લોખંડની જાળી તથા તાળા તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી મકાનમાં રહેલ સીસીટીવી કેમેરા તોડી નુકશાન કરી મકાનમાં રહેલ રૂ. ૧.૫૦ લાખનો તાંબાનો વાયર ચોરી જનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

બનાવને પગલે થોરાળા પોલીસ મથકના પીઆઇ એન જી વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમોએ તસ્કરને ઝડપી લેવા ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ આદરી હતી. દરમિયાન પીએસઆઇ એચ ટી જીંજાળાની ટીમના એએસઆઇ જયેશભાઈ નિમાવત, હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈ લોખિલને મળેલી સંયુક્ત બાતમીના આધારે ક્રિષ્ના પાર્કની પાછળ ભૂગર્ભ ગટરની કુંડી પાસે ખુલ્લા મેદાનમાં આજી નદીના કાંઠેથી શંકાસ્પદ શખ્સને અટકાયતમાં લઈ તેના કબજામાં રહેલ કાળા કલરના કંતાનથી ઢાંકેલ પ્લાસ્ટિકના કોથળામાંથી કોપર વાયરનો ભંગાર કબજે કરવામાં આવ્યો હતો. બાદમાં ઝડપાયેલ શખ્સની યુકિત પ્રયુકિતથી પૂછપરછ કરતા તેણે બે દિવસ પૂર્વે લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નં.- ૧૪ ખાતે બંધ મકાનનું તાળું તોડી ચોરી કર્યાની કેફિયત આપતા થોરાળા પોલીસની ટીમે ચોરીને અંજામ આપનાર અર્જુન ઉર્ફે ચુની ઉર્ફે ચોટલો દિલીપભાઈ સોલંકી (ઉવ ૧૯ રહે. બાપાસીતારામનગર શેરી નં.-૫, નવા થોરાળા મેન રોડ, રાજકોટ)ની ધરપકડ કરી ચોરીમાં ગયેલ રૂ. ૧.૫૦ લાખની કિંમતનો કોપર વાયરનો જથ્થો કબજે કર્યો હતો. જયારે થોરાળા પોલિસેં વધુ એક શંકાસ્પદ શખ્સને સકંજામાં લઈ ચોરીની ઘટનામાં તેની ભૂમિકા અંગે તપાસ આદરી હતી.

# ચકચારી રૂ.૧.૬૨ કરોડની ચાંદી ચોરી પ્રકરણમાં ઢાળિયો બનાવવામાં સંડોવાયેલા આરોપીના જામીન મંજુર

**સામા કાંઠે કારખાનામાંથી દોઢસો કિલો ચાંદીના ઘરેણા ચોરીમાં પાંચ શખ્સોની ધરપકડ કરી હતી**

**અબતક, રાજકોટ**

શહેરમાં સામા કાંઠે દુકાનમાંથી ચાંદીના ૧૫૦ કિલો દાગીનાની ચોરીના બનાવમાં મુદ્દામાલનો ઢાળિયો કરવાના ગુનામાં સંડવાયેલા આરોપીની જામીન અરજી કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે આ અંગેની હકીકત મુજબ, ગત તા.૦૩/ ૦૨/ ૨૦૨૫ના રોજ શકિત સિલ્વર નામની ચંપકનગર-૧માં આવેલ દુકાનમાં રાતે ઘરફોડ કરી ૧૫૦ કિલો ચાંદીની ચોરી કરવાની ફરિયાદ સબબ બી ડીવીઝન પોલીસે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ સહિતના જિલ્લાઓની પોલીસ મારફત ચલાવેલી તપાસમાં માંગુસિંહ રાઠોડ અને અન્ય આરોપીએ શકિત સિલ્વરમાંથી ચાંદીના વિછીયા તેમજ સાંકળા આશરે ૫૦ ટચના તૈયાર દાગીના જે ૧૧ બોરીમાં ભરેલ હતા, જે આશરે ૧૫૦ કિલોગ્રામ જેની બજાર કિંમત આશરે ૧.૬૨ કરોડની મતાની ચોરી કર્યાનું ખુલતા આશરે ૪ જેટલા આરોપીઓની ધરપકડ કરી હતી. તેમજ આશરે ૬ જેટલા આરોપીઓ હજુ પકડવાના બાકી છે. દરમિયાન આરોપી માંગુસિંહ રાઠોડે સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન કરજી કરી હતી. જેમાં સરકાર વતી એવી દલીલ કરવામાં આવેલ હતી કે આરોપીને જાણ હતી કે ચોરીનો માલ છે છતાં ચાંદી ઓગાળવામાં મદદ કરી હતી, તેથી આરોપીની જામીન અરજી રદ કરવા અરજ કરી હતી. જયારે મુળ ફરીયાદી વતી જામીન અરજી વિરૂધ્ધ વાંધા રજુ કરેલ હતા, જેમાં ફરીયાદીએ પુરેપુરા સ્ટોકની તપાસ કરતા ૨૧૦ કિલો ગ્રામ ચાંદીના

દાગીના ચોરાયેલ હોવાનું જણાયેલ હતું, અને જામીન રદ કરવા ભાર પુર્વક દલીલ કરી હતી. આ ગુન્હા સબબ માંગુસિંહ રાઠોડને સેશન્સ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી ગુજારેલ જે જજ પટેલ મંજુર કરી છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ ભુમિતા ડી. કોટક, કિશન જી. રૂઘાણી તથા એચ. આર. પાલેજીયા રોકાયા હતા.

# વાંકાનેર નજીક રોડ ક્રોસ કરી રહેલા પ્રૌઢનું વાહનની ઠોકરે મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના ભલગામ ગામે રહેતા આશિષભાઈ જગુભાઈ હમીરભાઈ બેડવા ઉવ.૨૩એ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા કેહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૭/૦૩ના રોજ આશિષભાઈના પિતા જગુભાઈ હમીરભાઈ બેડવા નવા ભલગામથી જુના ભલગામ પોતાના ઘરે જતા હોય ત્યારે રામદેવપીર મંદિર પાસે રોડની કટથી રોડ ક્રોસ કરી રહ્યા હોય તે દરમિયાન વાંકાનેર બાઉન્ડ્રીથી વાંકાનેર તરફથી આવતા અજાણ્યા વાહનના ચાલકે તેમને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં જગુભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ સીએ ફાઉન્ડેશનનું ૧૯.૦૮ અને ઈન્ટરમિડીયેટનું ૧૧.૨૬ ટકા પરિણામ

## ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં બંને ગ્રૂપ માટે કુલ ૪૩૫ વિદ્યાર્થીમાંથી ૧૯ સફળ જયારે ફાઉન્ડેશનમાં ૧,૩૧૦ વિદ્યાર્થીઓમાંથી ૨૫૦ વિદ્યાર્થીઓ સફળ થયા

**અબતક, રાજકોટ**

ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમિડીયેટ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ શહેરનું ફાઉન્ડેશનનું પરિણામ ૧૯.૦૮ ટકા જ્યારે ઈન્ટરમિડીયેટનું પરિણામ ૧૧.૨૬ ટકા જાહેર થયું છે જેમાં સીએ ફાઉન્ડેશનમાં રાજકોટ શહેરના ટોપર તરીકે દેવેન માંડવીયા છે જ્યારે તેનાથી એક સ્ટેપ ઉપર ગણાતા સીએ ઈન્ટરમિડીયેટમાં અભય મકવાણા પ્રથમ ક્રમે રહ્યા છે.

રાજકોટ સીએ બ્રાન્ચના ચેરમેન મૌલિક બગડાઈ અને સેક્રેટરી જયેશ ધનેજાએ જણાવ્યુ હતુ કે,આઈસીએઆઈ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા સીએ ઈન્ટરમિડીયેટ અને સીએ ફાઉન્ડેશન પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં રાજકોટ શહેરમાંથી બંને ગ્રૂપ માટે કુલ ૪૩૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જેમાંથી ૧૯ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. એટલે કે આશરે ૧૧.૨૬ ટકા પરિણામ નોંધાયું છે. જેમાં શહેરના ટોપર્સમાં અભય મનસુખભાઈ મકવાણાએ ૪૬૧ ગુણ સાથે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. સાક્ષી ચિરાગ શાહે ૪૩૨ ગુણ સાથે દ્વિતીય ક્રમાંક મેળવ્યો છે. જ્યારે સંકેત મનોજભાઈ પરમારે ૪૨૭ ગુણ સાથે તૃતીય ક્રમાંક મેળવ્યો છે.

તેવી જ રીતે સીએ ફાઉન્ડેશન પરીક્ષામાં રાજકોટ શહેરમાંથી કુલ ૧,૩૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જેમાંથી ૨૫૦ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. એટલે કે આશરે ૧૯.૦૮ ટકા પરિણામ નોંધાયું છે.

### શહેરના ટોપ વિદ્યાર્થીઓ

■ **ઈન્ટરમિડિયેટ**
અભય મનસુખભાઈ મકવાણાએ ૪૬૧ ગુણ સાથે પ્રથમ
સાક્ષી ચિરાગ શાહે ૪૩૨ ગુણ સાથે દ્વિતીય
સંકેત મનોજભાઈ પરમારે ૪૨૭ ગુણ સાથે તૃતીય

■ **ફાઉન્ડેશન**
દેવેન સુરેશભાઈ માંડવિયાએ પ્રથમ
બિરેન નરેન્દ્રભાઈ રાજવીરે દ્વિતીય
ઋષિ ભવિનભાઈ લાઠીયાએ તૃતીય

જેમાં રાજકોટ શહેરમાં દેવેન સુરેશભાઈ માંડવિયાએ પ્રથમ ક્રમાંક, બિરેન નરેન્દ્રભાઈ રાજવીરે દ્વિતીય ક્રમાંક અને ઋષિ ભવિનભાઈ લાઠીયાએ તૃતીય ક્રમાંક મેળવ્યો છે.

# બાર કાઉન્સિલની ચૂંટણીનો વિવાદ વકર્યો : મતગણતરી અટકાવી દેવાઈ

## ૧૨ ઉમેદવારો સામે ચૂંટણી કમિશનરની બીસીઆઈને લેખિત અરજી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં બાર કાઉન્સિલની ચૂંટણીમાં કમિશ્નરની બેદરકારીનો આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ ખાતે વકીલોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. હવે આ ચૂંટણીનો વિવાદ વકરી રહ્યો છે.

ગુજરાતમાં બાર કાઉન્સિલની ચૂંટણીમાં કમિશ્નરની બેદરકારીના આક્ષેપ થતાં ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ ખાતે વકીલોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. હવે આ ચૂંટણીનો વિવાદ વકરી રહ્યો છે. મતગણતરી થાય તે પહેલા જ વિવાદ વધી રહ્યો છે. જેના કારણે આજે મતગણતરી નહીં થાય તેવી વિગતો સામે આવી છે. ચૂંટણી કમિશ્નરો પણ રાજીનામા આપે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ચૂંટણી કમિશ્નરો સામે આક્ષેપ થતાં વિવાદ વકર્યો છે. ૧૨ જેટલા વકીલો સામે ચૂંટણી કમિશ્નરે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં અરજી કરી છે. મતદાન બાદ મત પેટીઓ લઈ જતી વખતે હોબાળો થયો હતો. ત્યાર બાદ આ ફરિયાદ કરવામાં આવી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં કમિશ્નરની બેદરકારી હોવાનો આરોપ વકીલો દ્વારા લગાવાયો હતો. બેલેટ પેપરની પેટી ખુલ્લી મૂકયાનો વકીલોએ આક્ષેપ કર્યો હતો.આ ચૂંટણીમાં ૨૫ બેઠકો માટે મતદાન થયું હતું. અમદાવાદમાં બે સેન્ટરો પર ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૯૭૧૨ મતદારોએ મતદાન કર્યું હતું. બાર કાઉન્સિલની ચૂંટણીના મતદાન બાદ સીસીટીવી અને લાઈવ રેકોર્ડિંગ દ્વારા સ્ટ્રોંગ રૂમમાં મશીન સીલ કરાયા હતાં. સ્ટ્રોગ રૂમની બહાર પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# સૌરાષ્ટ્રના ચકચારી રાજકુમાર જાટ કેસમાં SIT દ્વારા ગણેશ જાડેજાને ક્લિનચીટ

## નિવેદનો અને સીસીટીવી ફૂટેજમાં પુરાવા ન મળતા મોતના મામલામાં આક્ષેપો પાયાવિહોણા સાબિત!

**અબ તક,રાજકોટ**

મૂળ રાજસ્થાનના અને ગોંડલ ખાતે પાઉંભાજીનો ધંધાર્થીના પુત્ર રાજકુમાર જાટની લાશ રાજકોટ નજીક પુલ નીચેથી મળી આવી હતી. આ યુવાનનાં મોતમાં ગોંડલના ધારાસભ્યના પુત્રનો હાથ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. એસઆઈટીની ટીમ દ્વારા નિવેદનો અને સીસીટીવીના પુરાવાની તપાસ કરી ગુજરાત હાઈકોર્ટેમાં ગણેશ ગોંડલનો અકસ્માતના બનાવમાં કોઈ હાથ નહીં હોવાનો રિપોર્ટ કરી ક્લીનચિટ આપવામાં આવી હતી. ગુજરાતમાં બહુ ચર્ચામાં રહેલા ગોંડલ રાજકુમાર જાટનાં મોત મામલાના કેસમાં ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલ ઉપર મૃતકના પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા.



“બનાવમાં સ્થાનિક પોલીસ અને રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા તપાસ કરી હતી. જેમાં આ ઘટના અકસ્માતની હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. બીજીબાજુ મૃતકના પરિવારજનો દ્વારા ગુજરાત હાઈકોર્ટેમાં પિટિશન કરવામાં આવી હતી અને પોતાના પુત્રની હત્યા કરવામાં આવી હોવાની હાઈકોર્ટમાં અરજી કરી હતી.“આથી આ બાબતની તપાસ કરવા માટે કોર્ટના આદેશથી એસઆઈટીની રચના કરવામાં આવી જેમાં સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જે.ડી. પુરોહિતની આગેવાનીમાં એસઆઈટીની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.“જેમાં તપાસ ટીમે બનાવ સ્થળની આજુબાજુના સીસીટીવી કેમેરાના ફૂટેજ, અકસ્માતના બસ ડ્રાઈવરનું નિવેદન, ગણેશ ગોંડલ અને સાથીઓના નિવેદન વિવિધ પાસાઓની ત્રણ મહિના સુધી તપાસ કરી હાઈકોર્ટમાં એસઆઈટી દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો જેમાં રાજકુમાર જાટનું મોત અકસ્માતને લઈને થયું હોવાનું જણાવ્યું હતું.

આ બનાવમાં ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલનો કોઈ હાથ નહીં હોવાનું રિપોર્ટ જણાવવામાં આવ્યું. હાઈકોર્ટમાં રિપોર્ટ ગણેશ ગોંડલને ક્લીનચિટ મળી જતા હાઈકોર્ટ દ્વારા ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ મુદત આપવામાં આવી છે. હાલ રાજકુમાર જાટનાં મોતના મામલામાં આક્ષેપો પાયાવિહોણા સાબિત થયા છે.“ તપાસમાં ગણેશ જાડેજા વિરુદ્ધ પુરાવા નથી મળ્યા ગોંડલના રાજકુમાર જાટનાં મોતના બનાવ અંગનો તપાસ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. જેમાં ગણેશ ગોંડલનો અકસ્માતના બનાવમાં કોઈ હાથ નહીં હોવોનું જોવા મળ્યું છે. રિપોર્ટમાં શાહેદોના નિવેદનો, સીસીટીવી કેમેરાના ફૂટેજો દસ્તાવેજી પુરાવા સાથેનો તપાસ રિપોર્ટ રજૂ કરી દેવામાં આવ્યો છે.

# શેરબજારની જેમ સતત વધઘટ થતો રોગચાળોઃ ડેન્ગ્યુના ૧ સહિત ૧૫૪૮ કેસ



## શરદી ઉધરસના ૭૩૬, સામાન્ય તાવના ૬૧૩ અને ઝાડા ઉલટીના ૧૯૯ કેસ નોંધાયા

**અબતક, રાજકોટ**

રોગચાળો પણ શેરબજારની માફક સતત વધઘટ કરી રહ્યો છે. ગત સપ્તાહે રોગચાળાના આંકડામાં ફરી ઘટાડો નોંધાયો છે. ડેન્ગ્યુના નવા એક સહિત કુલ ૧૫૪૮ કેસ નોંધાયા છે. મચ્છરોના ઉત્પતિ ૧૦૯ આસામીઓને નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળે રહ્યું છે

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે.ગત સપ્તાહે શહેરમાં ડેન્ગ્યુનો નવો એક કેસ મળી આવ્યો હતો. આ ઉપરાંત શહેરની અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલમાંથી શરદી ઉધરસના ૭૩૬ કેસ, સામાન્ય તાવના ૬૧૩ કેસ, અને ઝાડા ઉલટીના ૧૯૯ મળી આવ્યા હતા. પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૯૭૫ સ્થળેથી પીવાના પાણીને નમુના લઈ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે તમામ પાસ જાહેર કરવામાં આવ્યા છે. મચ્છરજન્ય રોગચાળાની અટકાયત માટે કોર્પોરેશન ટીમો દ્વારા ૧૨૦૬૫ ઘરોમાં પોરાનાશક કામગીરી હાથ કરાઈ હતી. ફિલ્ડ વર્કરો દ્વારા ૧,૬૦૫ ઘરોમાં ફોગિંગની કામગીરી કરવામાં આવી હતી. બાંધકામ સાઈટ સ્કૂલ, હોસ્પિટલ હોસ્ટેલ ઈન્ડસ્ટ્રીઝ, હોટલ, કોમ્પ્લેકસ ભંગારના ડેલા, સેલર, હોલ,વાડી પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૧૧૮ મિલકતોમાં મચ્છરોને ઉત્પતિ ચેકિંગ હાથ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૬ સ્થળેથી મચ્છરોનો ઉપદ્રવ મળી આવતા તમામને નોટિસ આપવામાં આવી છે. જ્યારે રહેણાંક હેતુની ૮૩ મિલકતોમાં મચ્છરોનો ઉપદ્રવ જણાતા તમામ નોટિસ આપવાની છે.

# બોર ખવડાવવાની લાલચ આપી ૧૦ અને ૧૨ વર્ષના સગીર છોકરાઓએ ૯ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ

## ગેંગરેપ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી બંને સગીરોને કસ્ટડીમાં લઈ બાલ સુધાર ગૃહમાં મોકલ્યા

જે ઉંમરે બાળકોના હાથમાં રમકડાં અને વાર્તાની ચોપડીઓ હોવી જોઈએ, જે ઉંમરે 'ચોર-પોલીસ' રમત માત્ર રમત પૂરતી મર્યાદિત હોવી જોઈએ, તે ઉંમરે આજે બાળકો વાસ્તવિક ગુનાખોરીના રસ્તે ચડી રહ્યા છે. હાથરસની આ ઘટના માત્ર એક ગુનો નથી,

પરંતુ આપણા સમાજ, સંસ્કાર અને બદલાતી જતી બાળ-માનસિકતા પર એક બહુ મોટું પ્રશ્નાર્થચિહ્ન છે.

સારું શું અને ખરાબ શું' વચ્ચેનો ભેદ પારખવાની ક્ષમતા કેળવાય તે પહેલા જ બાળકોમાં વિકૃત વિચારો ઘર કરી રહ્યા છે. વાલીઓ સાથેના ઘટતા સંવાદને કારણે બાળકો પોતાના મનમાં ચાલતી ગડમથલ કે નકારાત્મક વિચારો કોઈને કહી શકતા નથી, જે અંતે આવા વિસ્ફોટક અને આઘાતજનક ગુનામાં પરિણમે છે.

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં માત્ર ૧૦ અને ૧૨ વર્ષની ઉંમરના બે સગીર છોકરાઓએ એક ૯ વર્ષની બાળકીને પોતાની જાળમાં ફસાવી તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. ૬ માર્ચના રોજ બપોરે ૨ વાગ્યે જ્યારે બાળકી ખેતરમાં ઘાસ લેવા ગઈ હતી, ત્યારે આ બંને છોકરાઓએ તેને બોર ખાવાની લાલચ આપી બોલાવી હતી.

બાળકી જ્યારે ત્યાં પહોંચી ત્યારે એક છોકરાએ તેના હાથ પકડી રાખ્યા અને બીજાએ તેની સાથે ખરાબ કામ કર્યું. ઘરે આવીને બાળકીએ હિંમત કરી તેની માતાને બધી વાત કરી, જેના આધારે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ગેંગરેપ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી બંને સગીરોને કસ્ટડીમાં લઈ બાલ સુધાર ગૃહ મોકલી આપ્યા છે.

# નવદુર્ગા એજયુ. ટ્રસ્ટ દ્વારા કલા-સેવા ક્ષેત્રે પારંગત નવ નારી રત્નોનું સન્માન

**અબતક, રાજકોટ**

નવદુર્ગા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે ઉલ્લેખનીય કલા કૌશલ્ય અને સેવાના સંગમ સમા ગરિમાપૂર્ણ નવ નારીરત્નનોને 'સ્વયં સિદ્ધા' પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યાં. મેયર નયનાબેન



## સામાજીક શ્રેષ્ઠીજનોની ઉપસ્થિતિમાં બિરદાવાથી નારી રત્નો થયા ગદગદીત

પેઢડીયાના અધ્યક્ષ સ્થાને મેયર બંગલો ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે સી. કે. જી.ગોહિલ પ્રા. શા. આચાર્ય ચેતનાબેન આહયા ઉપસ્થિત રહ્યાં હતા.શ્રેષ્ઠ ઉદઘોષક દિવ્યાબેન ભૂત દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'પિયર ઘર'ની દીકરી કૃ. સાક્ષીબેન પરમારે તમામ સન્નારીઓનું અક્ષત કુમકુમ તિલક તેમજ પુષ્પ દ્વારા સ્વાગત હતુ. કૃ. સ્વાતિબેન શુકલએ પ્રાર્થના મીરાબેન ખાલપાડાએ કર્યું. અતિથિઓને ડો. પરૂલબેન મહેતા લિખિત નારીપ્રધાન પુસ્તક ભેટ આપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટને મદદરૂપ થનાર કલારત્નો મધુબેન લાલચેતા, અંજનાબેન દવે, રોહિણીબા જાડેજા, લલિતાબેન ઘોડાદ્રા , ભાવનાબેન કલોલા(સૌંદર્ય પ્રસાધન અને વસ્ત્ર નિર્માણ કલા), રૂપલબેન દવે, હિનાબેન ગજ્જર, ક્રિનાબેન વૈશ્નનાણી, બીનાબેન કુબાવત(વેસ્ટમાંથી બેસ્ટ નિર્માણ કલા માટે)ને શીલ્ડ,પ્રમાણપત્ર તથા ખેસ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા માટે આરતીબેન ઠકરાર, લતાબેન ચૌહાણ, હેમાંકીનીબેન અગ્રાવત, માયાબેન ચુડાસમા, સુશ્રી અંજુબેન ઉપાધ્યાય, નિલમબેન પરમાર,પ્રમુખ ઉમાબેન તન્ના વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# જલારામ સેવા મંડળ ટ્રસ્ટ અને સી.જે. ગ્રુપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



**અબતક, રાજકોટ**

સાઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ જલારામ સેવા મંડળ ટ્રસ્ટ એન્ડ સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેકડીકલ કેમ્પ સ્થળ શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ, નીલકંઠ સિનેમા સામે, રાજકોટ ખાતે યોજાયેલ

કેમ્પમાં રાજકોટ હોમિયોપેથીક મેડીકલ કોલેજ, પારુલ યુનિ. સંચાલીત સાંઈનાથ હોમોયોપેથીક હોસ્પિટલના તજજ્ઞ ડો. હિતાર્થ મહેતા, ડો. બી.પી. પાન્ડા, ડો. મીનલ ત્રિવેદી, ડો. રીંકલ અધ્વર્યુ, ડો. અભિષેક રાણા, ડો. અમન કુરેશી, ડો. રવિ ખાણદર (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નીતાબેન ટાંક, (ફીઝીયોથેરાપીસ્ટ) ડો. નિધી પંડયા (લેબોરેટરી ચેકઅપ) મા દર્શના મકવાણા અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવાઓ આપેલ.

ઉપરોકત મેડીકલ કેમ્પમાંની શરુઆત આશ્રમના લીનાબેન રાજાણી એ કરેલ. કેમ્પમાં લોકોની બહોળી સંખ્યામાં લોકોઓ લાભ લીધેલ.

# કરૂણા ટ્રસ્ટ દ્વારા પક્ષી માટે પાણીના કુંડા અને માળાનું કરાયું વિતરણ




**અબતક, રાજકોટ**

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ કરૂણા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા “જીવો અને જીવવા દો” જેવા સુંદર સંદેશ સાથે પશુ-પક્ષીઓ માટે ઉનાળામાં ખુબ જ ઉપયોગી એવા “પાણીના કુંડા” તથા ઓઆરએસ અને સાથે “પક્ષીઓ માટે માળા”નું લો ગાર્ડન, નળવાળા સર્કલ, નવરંગપુરામાં કરૂણા ટ્રસ્ટના ટ્રસ્ટી ઝંખના શાહની ઉપસ્થિતિમાં નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

### દુબઈએ ઈરાનનું નાક દબાવ્યું

# હુમલાનો બદલો આર્થિક રીતેઃ યુએઈ ઈરાનની અબજોની સંપત્તિ ફ્રીઝ કરવા તૈયાર

## સંપત્તિ ફ્રીઝ થવાથી ઈરાનનું વૈશ્વિક વેપાર નેટવર્ક પત્તાના મહેલની જેમ ધરાશાયી થવાની સંભાવના

### દુબઈમાં નિયમોનું ઉલ્લંઘન કરનારને ૨૦ લાખ દિરહામ સુધીનો દંડ

દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમે સમગ્ર એમિરેટમાં જાહેર સુરક્ષાને મજબૂત કરવા માટે એક નવો કડક કાયદો રજૂ કર્યો છે. આ નવા કાયદા હેઠળ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પર ૫૦૦ દિરહામથી લઈને ૨૦ લાખ દિરહામ(આશરે ૪.૫ કરોડ રૂપિયા )સુધીના ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે.આ કાયદો રહેણાંક અને વ્યાપારી ઈમારતો, જાહેર કાર્યક્રમો, મનોરંજનના સ્થળો, સ્વિમિંગ પૂલ અને દરિયાકિનારા સહિતના તમામ જાહેર સ્થળોને આવરી લેશે નવા નિયમો મુજબ, કોઈપણ જાહેર કાર્યક્રમના આયોજકોએ ભીડ નિયંત્રણ, પૂરતી રોશની, વેન્ટિલેશન અને કટોકટીમાં બહાર નીકળવાના સુરક્ષિત રસ્તાઓ જેવી બાબતોનું ચુસ્ત પાલન કરવું પડશે. આ ઉપરાંત, અગ્નિશામક પ્રણાલી અને પ્રાથમિક સારવારની સુવિધા રાખવી પણ ફરજિયાત રહેશે. ઈમારતોના માલિકોએ ઈલેક્ટ્રિકલ સિસ્ટમની જાળવણી અને જોખમી પદાર્થોના સંગ્રહ બાબતે પણ વિશેષ કાળજી લેવી પડશે. નિયમોના પ્રથમ ઉલ્લંઘન બદલ ૫૦૦ થી ૧૦ લાખ દિરહામ સુધીનો દંડ થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા એક જ વર્ષમાં બીજી વાર આ ભૂલનું પુનરાવર્તન કરશે, તો દંડની રકમ બમણી થઈને ૨૦ લાખ દિરહામ (આશરે ૪.૫ કરોડ રૂપિયાથી વધુ) સુધી પહોંચી શકે છે.



**અબતક, દુબઈ**

વિશ્વ અત્યારે આકાશમાં થતા મિસાઈલ હુમલાઓ અને ડ્રોન યુદ્ધ તરફ નજર રાખી રહ્યું છે, પરંતુ સંયુક્ત આરબ અમીરાત એક એવો આર્થિક પ્રહાર કરવાની તૈયારીમાં છે જે ઈરાનને મિસાઈલ કરતા પણ વધુ ઘાતક નુકસાન પહોંચાડી શકે છે. અહેવાલો મુજબ, દુબઈ હવે ઈરાનની અબજો ડોલરની સંપત્તિ ફ્રીઝ કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે.

દુબઈ એક સંપૂર્ણપણે કોસ્મોપોલિટન શહેર છે, જ્યાં વિશ્વના ખૂણેખૂણેથી આવેલા લોકો વસે છે. અહીં ભારત, ઈરાન, યુરોપ અને અનેક પશ્ચિમી દેશોના લાખો લોકો હળીમળીને રહે છે અને વેપાર કરે છે. જ્યારે આવા આંતરરાષ્ટ્રીય શહેર પર હુમલો થાય છે, ત્યારે તે માત્ર એક દેશ પર નહીં પણ સમગ્ર વિશ્વના હિતો પરનો હુમલો ગણાય છે.

આ જ કારણ છે કે ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ દુબઈએ હવે કડક વલણ અપનાવ્યું છે.

દુબઈ દાયકાઓથી ઈરાન માટે એક મુખ્ય આર્થિક ગેટવે રહ્યું છે. દર વર્ષે અંદાજે ૯ બિલિયન ડોલર(અંદાજે ૭૫,૦૦૦ કરોડ રૂપિયા) થી વધુની રકમ ટ્રેડ નેટવર્ક અને કંપનીઓ દ્વારા દુબઈના માર્ગે ઈરાન પહોંચે છે. ઘણા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોમાંથી બચવા માટે ઈરાન આ જ નાણાકીય માર્ગનો ઉપયોગ કરતું આવ્યું છે.

જો દુબઈ આ મિલકતો જપ્ત કરી લે, તો ઈરાનનું આખું વિદેશી આર્થિક નેટવર્ક પડી ભાંગશે.

યુએઈ અને ઈરાન વચ્ચે વર્ષોથી આર્થિક સંબંધો તટસ્થ રહ્યા હતા, પરંતુ તાજેતરમાં ઈરાન દ્વારા યુએઈના વિસ્તારોમાં કરવામાં આવેલા મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ સ્થિતિ બદલી નાખી છે. આ હુમલાઓમાં જાનમાલનું નુકસાન થયા બાદ હવે યુએઈએ હથિયારોને બદલે 'નાણાકીય દબાણ' દ્વારા ઈરાનનું નાક દબાવ્યું છે.

વિશ્લેષકોનું કહેવું છે કે મિસાઈલ ડિફેન્સ કે બંકરો આર્થિક મારને રોકી શકતા નથી. દુબઈ જેવા વૈશ્વિક કેન્દ્ર પર હુમલો કરીને ઈરાને પોતાની જ આર્થિક જીવાદોરી જોખમમાં મૂકી દીધી છે.

# રાજકોટ રેન્જ આઈજી તરીકે નિર્લિપ્ત રાય અને એડી. સીપી તરીકે ચૈતન્ય મંડલીકે ચાર્જ સંભાળ્યો

## બંને અધિકારીઓને ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયું : આગમન સાથે જ બેઠકોનો ધમધમાટ








તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટના બે આઈપીએસ સહીત રાજ્યના ૩૭ અધિકારીઓની બદલીના આદેશ ગત સપ્તાહે કરવામાં આવ્યા હતા. જે આદેશમાં રાજકોટ રેન્જ આઈજી તરીકે નીડર અને બાહોશ અધિકારીઓ નિર્લિપ્ત રાય અને એડી. સીપી તરીકે ચૈતન્ય મંડલીકને નિમણુંક અપાતા આજે બંને અધિકારીઓ રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા અને ચાર્જ સંભાળી સીધા જ એક્શન મોડમાં આવી ગયા હતા. બંને અધિકારીઓનું સર્કિટ હાઉસ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપી



### નિર્લિપ્ત રાય સાંજે ગોંડલની મુલાકાતે જાય તેવી પ્રબળ શક્યતા

સ્વાગત કરાયા બાદ બેઠકોનો દોર શરૂ થયો હતો.

ડીઆઈજી કક્ષાના અધિકારીઓની બદલીનો રાઉન્ડ નીકળતા જ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની ગાંધીનગર આઈબીમાં તેમજ શહેર પોલીસના એડિશનલ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરિયાની સુરત ખાતે બદલી થઈ હતી. જેમની જગ્યાએ એસએમસીના વડા નિર્લિપ્ત રાયની રાજકોટ રેન્જ આઈજી તરીકે બદલી થતાં તેઓ અમદાવાદથી સીધા ત્રણ વાગ્યે રેન્જ આઈજી કચેરીએ પહોંચતાં તેઓને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. જે બાદ તેઓએ વિધિવત ચાર્જ સાંભળ્યો હતો.

તેઓએ આવતાં વેંત જ રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી અને સુરેન્દ્રનગરના એસપી સાથે બેઠકોનો દોર શરૂ કર્યો હતો અને પાંચેય જિલ્લાની ક્રાઈમની સ્થિતિ જાણી તેના પર મંથન કર્યું હતું.

બાહોશ અધિકારી તરીકેની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયની રાજકોટ રેન્જ આઈજી તરીકે બદલી થતાં જ ગોંડલનું રાજકારણ ગરમાયું હતું. સોશિયલ મીડિયા પર થયેલ પોસ્ટ અને ધારાસભ્ય દ્વારા અપાયેલ નિવેદન બાદ ગોંડલ ફરી ચર્ચામાં રહેતાં નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જના તમામ (અનુ. આઠમા પાને)

### રાજ્ય સરકારની આંખ-કાન સમાન આઈબી વડાની પોસ્ટ સંભાળવા અશોક કુમાર યાદવ રવાના



આઈબી વડાની પોસ્ટને રાજ્ય સરકારની આંખ અને કાન સમાન ગણવામાં આવે છે. જેથી આ પોસ્ટ પર રાજ્ય સરકારના અત્યંત વિશ્વાસુ અધિકારીની નિમણુંક કરવામાં આવતી હોય છે. ત્યારે રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ પર પસંદગીનો કળશ ઢોળી આઈબી વડાની ડીજીપી કેડરની પોસ્ટને ડાઉનગ્રેડ કરી અહીં આઈજી કેડરના આઈપીએસ અધિકારીને નિમણુંક આપી હતી. ગાંધીનગરના તાકીદના આદેશથી આજે અશોકકુમાર યાદવ ચાર્જ સાંભળવા ગાંધીનગર રવાના થઇ ગયાનું જાણવા મળી રહ્યું છે.

# મારવાડી યુનિવર્સિટી ખાતે મહાસંમેલનઃ રાજ્યભરના નર્સિંગ આચાર્યો અધિકારીઓ જોડાયા

## ટ્રેન્ડ નર્સિસ એસોસિએશન ઓફ ઈન્ડિયા ગુજરાત શાખા દ્વારા નર્સિંગ નેતૃત્વ અને વ્યાવસાયિક વિકાસ અંગે ચિંતન બેઠકનું આયોજન; રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.એની કુમારની પ્રેરક ઉપસ્થિતિ






**અબતક, રાજકોટ**

રાજકોટની મારવાડી યુનિવર્સિટીના નર્સિંગ વિભાગના સભાખંડમાં ટ્રેન્ડ નર્સિસ એસોસિએશન ઓફ ઈન્ડિયા ગુજરાત રાજ્ય શાખા અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આચાર્યો અને મુખ્ય નર્સિંગ અધિકારીઓ માટે એક વિશેષ બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના અને દીપ પ્રજ્વલન વિધિથી થયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. એની કુમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંચ પર વિશિષ્ટ અતિથિ તરીકે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દીપકમલ બી. વ્યાસ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ આઈ. એ. કાદીવાળા, રજિસ્ટ્રાર ડો. પ્રજ્ઞા ડાભી, રાજ્ય શાખાના પ્રમુખ હિતેશ આર. ભટ્ટ તેમજ મારવાડી યુનિવર્સિટીના ઉચ્ચ પદાધિકારીઓ બિરાજમાન રહ્યા હતા.

આ સંમેલન દરમિયાન નર્સિંગ ક્ષેત્રમાં નેતૃત્વ શક્તિ મજબૂત કરવા, વ્યાવસાયિક એકતા સુદ્રઢ કરવા અને ભવિષ્યની દિશા નક્કી કરવા બાબતે ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી. ‘‘ગુજરાત રાજ્યના નર્સિંગ વ્યવસાયિકો અને વિદ્યાર્થીઓની સંસ્થા પ્રત્યેની અપેક્ષાઓ‘‘ વિષય પર યોજાયેલા વિશેષ સંવાદમાં શિક્ષણ અને સેવા ક્ષેત્રના નિષ્ણાતોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ પ્રસંગે નર્સિંગ નોંધણી પરિષદના વિકાસ અને તેની સામે રહેલા પડકારો વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મારવાડી યુનિવર્સિટીએ આરોગ્ય શિક્ષણ ક્ષેત્રે લીધેલી નવી પહેલો અને શૈક્ષણિક પ્રગતિની વિગતો આ તકે રજૂ કરી હતી.

કાર્યક્રમના અંતિમ ચરણમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર મુખ્ય નર્સિંગ અધીક્ષકો અને વિવિધ કોલેજોના આચાર્યોને તેમની વિશિષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો અને ત્યારબાદ તમામ પ્રતિનિધિઓએ સમૂહ ભોજનમાં સહભાગી થઈ વ્યાવસાયિક અનુભવોની આપ-લે કરી હતી. આ બેઠક ગુજરાતમાં નર્સિંગ વ્યવસાયને વધુ વેગ આપવા અને રાજ્યભરમાં આરોગ્ય સેવાઓની ગુણવત્તા વધારવા માટે એક મહત્વપૂર્ણ મંચ સાબિત થઈ છે.

# ત્યાગ, પ્રેમ, સંસ્કાર અને સહકારિતાનું અમૃત એટલે જ્યોતિન્દ્રમામાઃ જગદીશ વિશ્વકર્મા

## સહકારિતાના પર્યાય જ્યોતિન્દ્રભાઈ મહેતાના ૭૫ વર્ષ પૂર્ણ થતા ભવ્ય સન્માનઃ પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિ





### કેન્દ્રમાં અલગ સહકાર મંત્રાલયની સ્થાપનાથી દેશમાં સહકારી ચળવળને નવી દિશા મળી; ગુજરાતનું સહકારી માળખું આજે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ

**અબતક, રાજકોટ**

અમદાવાદના શાહીબાગ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ હોલ ખાતે સહકાર ક્ષેત્રના પીઢ અગ્રણી જ્યોતિન્દ્રભાઈ મહેતાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સહકાર ભારતી દ્વારા એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ ઉપસ્થિત રહી જ્યોતિન્દ્રભાઈના વ્યક્તિત્વ અને સહકાર ક્ષેત્રમાં તેમના અમૂલ્ય પ્રદાનને બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ત્યાગ, પ્રેમ, સંસ્કાર અને સહકારિતાનો સમન્વય એટલે ‘જ્યોતિન્દ્ર મામા’. તેમણે રાષ્ટ્રનિર્માણના સંકલ્પ સાથે સહકારી ચળવળને વેગવંતી બનાવી છે.

કાર્યક્રમ દરમિયાન જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં પ્રથમ વખત અલગ સહકાર મંત્રાલયની સ્થાપના કરી સહકારિતાને નવી ઊંચાઈ બક્ષી છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આજે દેશભરમાં સહકારી પ્રવૃત્તિઓ મજબૂત બની છે. ગુજરાતના સહકારી આગેવાનોએ એક ‘ટાસ્ક ફોર્સ’ની જેમ કામ કરીને રાજ્યમાં દેશનું સૌથી મજબૂત સહકારી માળખું ઊભું કર્યું છે, જેના કારણે આજે ગ્રામીણ અર્થતંત્ર વધુ સદ્ધર બન્યું છે. અમૂલ અને ઈફકો જેવી સંસ્થાઓ આજે વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

આ ગૌરવવંતા સમારોહમાં ભારત સરકારના પૂર્વ મંત્રી સુરેશ પ્રભુ, પશ્ચિમ ક્ષેત્રના સંઘચાલક ડો. જયંતિલાલ ભાડેસીયા, ઈફકો અને ગૂજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, જીએસસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલ તથા રિઝર્વ બેંકના ડિરેક્ટર સતીષ મરાઠે સહિત રાજ્યભરના સહકારી અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રદેશ અધ્યક્ષે ઉપસ્થિત સૌ મહિલાઓને વિશ્વ મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

# વિકાસના સારથી બન્યાં “ઠાકર”: અઢી વર્ષમાં રૂ.૪૪૧૪ કરોડના વિકાસ કામો મંજૂર!

## રાજકોટના વણથંભી વિકાસયાત્રાને વધુ વેગવંતી બનાવી દૈનિક સરેરાશ રૂ.૪.૮૦ કરોડના કામોને બહાલી આપી

## રોડ રસ્તાના કામો માટે સૌથી વધુ રૂ.૧૧૧૧.૭૧ કરોડ ફાળવ્યાઃ વોટર વર્કસના કામ માટે રૂ ૭૦૦ કરોડ, ડીઆઈ પાઈપલાઈન માટે રૂ.૪૨૧ કરોડ મંજૂર કર્યા



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરના અઢી વર્ષના કાર્યકાળમાં રાજકોટના વિકાસને વેગ મળ્યો છે.છેલ્લા અઢી વર્ષમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા અંદાજે રૂ.૪૪૧૪.૧૦ કરોડના જુદા જુદા વિકાસલક્ષી કામો તથા લોકોની પ્રાથમિક સુવિધાના કામો મંજુર કરવામાં આવેલ છે.જેમાં રૂ.૧૧૧૧.૭૧ કરોડના ખર્ચે રસ્તાકામ, ₹૭૦૦.૧૭ કરોડના ખર્ચે વોટર વર્કસના કામ, ₹૪૨૧.૩૬ કરોડના ખર્ચે ડી.આઈ. પાઈપ લાઈન, ₹૩૬૧.૧૨ કરોડના ખર્ચે બ્રીજ ના કામ, ₹૨૯૫.૫૮ કરોડના ખર્ચે ડ્રેનેજ કામ, કુલ ₹૨૧૨.૨૮ કરોડના ખર્ચે નવા બાંધકામ જેમાં શાળા અને લાઈબ્રેરી બિલ્ડીંગ, ₹૧૧૦.૯૧ કરોડના ખર્ચે બિલ્ડિંગ કામ(રીપેરીંગ વગેરે), ₹૧૦૩.૧૦ કરોડના ખર્ચે નવી વોર્ડ ઓફીસ/નવીનીકરણ સહિતના કામનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૮૯.૮૦ કરોડના ખર્ચે ડ્રેનેજ સફાઈ સાધનો/નિભાવ, ₹૭૨.૧૮ કરોડના ખર્ચે મેનપાવર/ઈન્ટરશીપ, ₹૬૮.૩૩ કરોડના ખર્ચે રમત ગમત/સ્નાનાગાર, ₹૬૬.૯૪ કરોડના ખર્ચે પેવિંગ બ્લોક, ₹૬૫.૧૨ કરોડના ખર્ચે ગાર્ડન, ₹૫૭.૫૯ કરોડના ખર્ચે પાઈપ ગટર, ₹૫૭.૦૪ કરોડના ખર્ચે સુએજ પમ્પીંગ સ્ટેશનના કામ, ₹૫૪.૩૧ કરોડના ખર્ચે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ(સફાઈ), ₹૫૧.૩૨ કરોડના ખર્ચે સી.સી. કામ, ₹૪૮.૩૯ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ/પાર્ટી પ્લોટ, ₹૪૩.૮૭ કરોડના ખર્ચે વોંકળા કામ, ₹૪૧.૨૭ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલ/ફેન્સીંગ પેનલ, ₹૩૯.૧૫ કરોડના ખર્ચે વાહન ખરીદી, ₹૩૭.૦૯ કરોડના ખર્ચે નવી ઝોન ઓફીસ /આંગણવાડી, ₹૩૬.૨૬ કરોડના ખર્ચે ઝૂ/એનિમલ હોસ્ટેલ, ₹૩૨.૯૪ કરોડના ખર્ચે કલ્વર્ટ, ₹૩૨.૨૮ કરોડના ખર્ચે નવુ આરોગ્ય કેન્દ્ર/લેબોરેટરી, ₹૨૬.૯૯ કરોડના ખર્ચે હોકર્સ ઝોન, ₹૨૩.૨૪ કરોડના ખર્ચે નવુ ફાયર સ્ટેશન, આરોગ્ય વિભાગ માટે ₹૨૦.૩૩ કરોડ ખર્ચ ફાળવણી, ₹૧૯.૩૪ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેઈન/બોર રીચાર્જ, ₹૧૯.૨૮ કરોડના ખર્ચે મશીનરી/સાધન સામગ્રી, ₹૧૭.૦૧ કરોડના ખર્ચે આવાસ યોજના/રીનોવેશન, સ્મશાન માટે ₹૧૫.૬૮ કરોડ ખર્ચ ફાળવણી, ₹૧૪.૬૫ કરોડના ખર્ચે લાઈટીંગ, ₹૧૦.૫૭ કરોડના ખર્ચે ફુટપાથ/ડિવાડર, કાર્યક્રમ માટે ₹૧૦.૨૨ કરોડનું ખર્ચ, કન્સલ્ટન્સી માટે ₹૬.૩૮ કરોડનું ખર્ચ, ₹૪.૬૭ કરોડના ખર્ચે કેમિકલ ખરીદી, નાણાંકીય સહાય/સંચાલન ગ્રાન્ટ (અનુ. આઠમા પાને)

### ઉડીને આંખે વળગતા કામો

* દરેક વોર્ડમાં કોમ્યુનીટી હોલ
* દરેક વોર્ડમાં આધુનિક વોર્ડ ઓફિસનું આયોજન
* દરેક વોર્ડમાં આરોગ્ય કેન્દ્ર
* દરેક વોર્ડમાં આધાર કેન્દ્ર કાર્યરત
* દરેક વોર્ડમાં આંગણવાડીનું આયોજન
* દરેક આંગણવાડીમાં વોટર કુલર તથા વોટર પ્યુરીફાયર
* દરેક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી તથા અન્ય મિલ્કતો પર સોલાર રૂફટોપનું આયોજન
* દરેક ઝોનમાં સ્પોર્ટ્સ સંકુલનું આયોજન
* દરેક ઝોનમાં પાર્ટી પ્લોટનું આયોજન
* દરેક ઝોનમાં નવી શાક માર્કેટનું આયોજન
* દરેક ઝોનમાં મહિલા હોકર્સ ઝોનનું આયોજન
* નવા ‘સાઉથ ઝોન’ નું આયોજન
* હયાત ૦૭ ફાયર સ્ટેશન સહિત ૧૭ વોર્ડમાં ફાયર સ્ટેશનનુ આયોજન
* ૧૦ થી વધુ વોર્ડમાં ડી.આઇ. પાઇપલાઇનનું કામ પુર્ણ
* પદાધિકારીઓને ફાળવવામાં આવતી વિકાસ કામો માટેની ગ્રાન્ટમાં વધારો
* નાયબ કમિશનરને પોતાના ઝોનમાં વિકાસ કામો માટે ગ્રાન્ટની ફાળવણી
* સ્માર્ટ સોસાયટીને આપવામાં આવતી સફાઇ ગ્રાન્ટમાં વધારો
* શહેરમાં નવા મોડલ એન્ટ્રી ગેઇટનું આયોજન

# રાજકોટ શહેર ભાજપની કારોબારી જાહેરઃ ૭૦ આગેવાનોને સ્થાન

## અંજલીબેન રૂપાણીનો પણ કારોબારીમાં કરાયો સમાવેશઃ ટુંક સમયમાં મોરચાની ટીમ પણ જાહેર કરાશે

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે દ્વારા કારોબારીની જાહેરાત કરવામા આવી છે.જેમાં ૭૦ આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી દિવગંત વિજયભાઈ રૂપાણીના પત્નિ અંજલીબેન રૂપાણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૮ વોર્ડના પ્રભરીના નામ પણ જાહેર કરવામાં આવ્યા છે. જયારે ત્રણેય મહામંત્રીઓને વિધાનસભા બેઠકના ઈન્ચાર્જ પણ બનાવી ઝોનની ફાળવણી કરી દેવામાં આવી છે.



રાજકોટ શહેર ભાજપની કારોબારીમાં અંજલીબેન રૂપાણી,કશ્યપભાઈ શુકલ, વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, ગુણવંતભાઈ ડેલાવાળા, મીષભાઈ ભટ્ટ,

### વોર્ડના પ્રભારીના નામ

| વોર્ડ | નામ |
|---|---|
| ૧ | પુર્વેશ ભટ્ટ |
| ૨ | મયુર પાંભર |
| ૩ | ભરતસિંહ જાડેજા |
| ૪ | જે.ડી.ભાખર |
| ૫ | રસીકભાઈ પટેલ |
| ૬ | સંજય ગૌસ્વામી |
| ૭ | શૈલેષ જાની |
| ૮ | સંજય દવે |
| ૯ | કુલદીપસિંહ જાડેજા |
| ૧૦ | દ્યેય દોશી |
| ૧૧ | રજનીભાઈ ગોલ |
| ૧૨ | નરશીભાઈ કાકડીયા |
| ૧૩ | શૈલેષ હાપલીયા |
| ૧૪ | જીજ્ઞેશ જોષી |
| ૧૫ | જયેશ દવે |
| ૧૬ | વરજાંગભાઈ હુંબલ |
| ૧૭ | ડો.વિજય ટોળીયા |
| ૧૮ | રમેશભાઈ કીયાડા |

### વિશેષ આમંત્રિત સભ્ય

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | વજુભાઈ વાળા |
| ૨ | વલ્લભભાઈ કથીરીયા |
| ૩ | રમેશભાઈ રૂપાપરા |
| ૪ | ધનસુખભાઈ ભંડેરી |
| ૫ | પ્રતાપભાઈ કોટક |
| ૬ | મુકેશભાઈ દોશી |
| ૭ | નીતિનભાઈ ભારદ્વાજ |
| ૮ | કમલેશભાઈ મીરાણી |
| ૯ | ગોવિંદભાઈ પટેલ |
| ૧૦ | કમલેશભાઈ જોષીપુરા |
| ૧૧ | ડો. ભરતભાઈ બોઘરા |
| ૧૨ | માંધાતાસિંહજી જાડેજા |
| ૧૩ | ઉમેશભાઈ રાજયગુરૂ |
| ૧૪ | અરવિંદભાઈ રૈયાણી |
| ૧૫ | ટપુભાઈ લીંબાસીયા |

### ત્રણેય મહામંત્રીઓને ઝોનની કરાય ફાળવણી

શહેર ભાજપના ત્રણેય મહામંત્રીઅને ઝોનની ફાળવણી કરી દેવામાં આવી છે. જેમાં વલ્લભભાઈ દુધાત્રાને વિધાનસભા-૬૮ અર્થાત ઈસ્ટ ઝોનના લલીતભાઈ વાડોલીયાને વિધાનસભા -૬૯ એટલે કે સેન્ટ્રલ ઝોનના અને યોગેન્દ્રસિંહ જાડેજાને વિધાનસભા ૭૦-૭૧ એટલે કે વેસ્ટ ઝોનના ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે.

રમેશભાઈ પરમાર, જીતુભાઈ મહેતા, પીનાબેન કોટક, જયોતિબેન ટીલવા, કિરણબેન માંકડીયા, જસુમતીબેન વસાણી, ભાવનાબેન કાચા, કિરીટભાઈ આદ્રોજા, જયોતિબેન જાદવ, અવધેશભાઈ કાનગડ, અજયભાઈ પટેલ, સુનિલભાઈ વોરા, પુજાબેન પટેલ, ઈલાબેન પડીયા, શિલ્પાબેન જાવીયા, નયનાબેન સોલંકી, પ્રશાંતભાઈ ગાંગડીયા, જયેશભાઈ કે. ધ્રુવ, ગીતાબેન વોરા, હર્ષાબા જાડેજા, પલ્લવીબેન ચૌહાણ, રાજેશ્વરીબેન માલવીયા, અરૂણાબેન આડેસરા, હીનાબેન રાતોજા, નીલમબેન ભટ્ટ, સોનલબેન સોમૈયા, કાનાભાઈ ખાણધર, હસુભાઈ ચુડાસમા,કૌશિકભાઈ અઢીયા, અજયસિંહ જાડેજા, કિરીટભાઈ સી. શેઠ, પ્રફુલભાઈ ખીરા, અશ્વીનભાઈ ગોસાઈ, એન.જી. પરમાર, મહેશભાઈ કે. સાકરીયા, પરિમલભાઈ પરડવા, પરાગભાઈ મહેતા, પીન્ટુભાઈ રાઠોડ, હર્ષદભાઈ રાણપરા, દીપકભાઈ ભટ્ટ, વી.એમ. પટેલ, કુમરીલભાઈ ભટ્ટ, પ્રવીણભાઈ મારૂ, વિરેન્દ્રભાઈ ભટ્ટ, મધુભાઈ પટોળીયા, કાશ્મીરાબેન નથવાણી, રણજીતભાઈ સાગઠીયા, આયદાનભાઈ ખાદા, યોગરાજસિંહ જાડેજા, કંચનબેન મારડીયા, પૃથ્વીસિંહ જાડેજા, હસુભાઈ ચોવટીયા, જગદીશભાઈ કિયાડા, રક્ષાબેન બોળીયા, મેરામભાઈ કુબાવત, રાજેશભાઈ લીલા, પરસોતમભાઈ સગપરીયા, યોગેશભાઈ ભટ્ટ, દેવાયતભાઈ ડાંગર, હેમંતભાઈ કપુરીયા, અને ભગવતીબેન ધરોળીયાનો સમાવેશ કરાયો છે.

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની મુદત આગામી બુધવારના રોજ સાંજે પૂર્ણ થઈ રહી છે. મહાપાલિકાની ચૂંટણી બે મહિનામાં યોજાઈ તેવી સંભાવના દેખાય રહી છે. ત્યારે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે દ્વારા કારોબારી જાહેર કરી દેવામાં આવી છે. સંગઠન માળખા બાદ કારોબારી પણ જાહેર થઈ ગઈ હોય હવે ભાજપ પોતાનું સંપૂર્ણ ફોકસ ચૂંટણી પર કેન્દ્રિત કરી દેશે. ઉમેદવારોની પસંદગી માટે હવે ટૂંક સમયમાં પ્રક્રિયા હાથ પર લેવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે.

# રાજકોટના આગામી ૧૫ વર્ષના વિકાસને ધ્યાનમાં રાખી પ્રોજેક્ટ મૂકાય છેઃ મંત્રી જીતુભાઈ વાઘાણી



## કોર્પોરેશન અને રૂડાના રૂ.૩૬૨ કરોડના ૪૦ પ્રકલ્પોનું લોકાર્પણ – ખાતમુહુર્ત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના વિવિધ વિભાગોના કુલ-૩૬૨.૬૦ કરોડના વિવિધ ૪૦ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કેબિનેટ મંત્રી અને રાજકોટ પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે કરાયું હતું.

આ અવસરે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ અગાઉના સમયમાં માત્ર મેટલ રોડના કામ થતાં તો પણ લોકો રાજી થઈ જતા અને પચાસેક હજાર રૂપિયાની ગ્રાન્ટ બદલ વાજતે ગાજતે ધારાસભ્યનં સ્વાગત કરતા. હવે અત્યારે અબજો રૂપિયાના કામો થાય છે. હજુ આગામી થોડા દિવસોમાં જ રૂ.૫૧૮ કરોડના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યા છે. આ બદલાવ લોકો અનુભવી રહ્યા છે.

પ્રભારી મંત્રીએ વધુમાં એમ પણ કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં રાજકોટ શહેર કેટલું બદલાઈ ગયું છે એ આપ સૌ નિહાળી અને અનુભવી શકો છો. અગાઉ શહેરની સુવિધાઓ કેવી હતી અને આજે કેવી છે તેના આપ સૌ સાક્ષી છો. સરકાર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટના ક્રમિક વિકાસ માટે આગામી પંદર વર્ષના સમય અને વસતીને ધ્યાનમાં રાખીને પ્લાનિંગ આગળ ધપાવી રહેલ છે. એમ કહી શકાય કે, ગુજરાત રાજ્યમાં વિકાસની એક નવી પરિભાષા આલેખાઈ રહી છે. સરકાર દ્વારા લોકોને માત્ર ભૌતિક સુખસુવિધાઓ જ નહીં પરંતુ તેઓને અન્ય કેટલીયે મહત્વપૂર્ણ

(અનુ. આઠમા પાને)

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની સવા બે લાખ ગુણી આવક

## ઘઉંની સિઝનમાં રેકોર્ડ બ્રેક એક લાખ ગુણીની બમ્પર આવક



**અબતક, જીતેન્દ્ર આચર્યા, ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની આવક શરૂ કરાતા જ વાહનોની કતારો લાગી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે ગીર સોમનાથ, જૂનાગઢ પોરબંદર સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ૨૨૦૦ થી વધુ વાહનો દ્વારા ખેડૂતો ધાણા લઈને આવ્યા હતા.ધાણાની રેકોર્ડ બ્રેક સવા બે લાખ ગુણીની આવક થતા ચારો તરફ ધાણા ઉતારવાની ફરજ પડી હતી. જેમાં ખેડૂતોને ૨૦ કિગ્રાના ધાણા ના ૧૧૦૦ થી ૨૩૦૦ અને ધાણી ના ૧૨૦૦ થી ૨૫૦૦ સુધીના ભાવ મળ્યા હતા. બીજી તરફ ઘઉં ની સીઝનની રેકોર્ડ બ્રેક આવક એક લાખ ગુણીની આવક થતા યાર્ડમાં ઘઉંના ડુંગરો જોવા મળ્યા

(અનુ. આઠમા પાને)

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા વધારવાના નિર્ણયને વધાવાયો

## ગાંધીનગરમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ માટે રાજકોટ જિલ્લા અનુ.જાતિ મોરચાની મળી બેઠક



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓના વાલીઓની આવક મર્યાદા રૂપિયા ૨,૫૦,૦૦૦માંથી ૬,૦૦,૦૦૦ કરવામાં આવી છે તેમજ આ વધારાનો ખર્ચ થતી રકમનો હાલના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેથી આ કલ્યાણકારી નિર્ણય બદલ ગુજરાત સરકારનો ''ઋણ સ્વીકાર કાર્યક્રમ'' ગાંધીનગર મુકામે થવા જઈ રહ્યો છે. પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ લકુમ, જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ અ.જા.મોરચાના પ્રભારી ડો.બીપીનભાઈ સાવલિયા, જીલ્લા ભાજપ અ.જા.મોરચાના પ્રમુખ નરોત્તમભાઈ પરમાર શ્રી કમલમ રાજકોટ જિલ્લાભાજપ કાર્યાલય ખાતે આયોજન બેઠક કરવામાં આવેલ અને સરકારના નિર્ણયને આવકાર્યો છે.




# સરગમ સંગાથે ક્રિકેટ પ્રેમીઓએ હેમુ ગઢવી હોલમાં માણ્યો વર્લ્ડ કપનો ફાઈનલ

## દરેક ચોગ્ગા-છગ્ગાએ ઘંટનાદ અને ડી.જે.ની ધમાલ વચ્ચે મીની સ્ટેડીયમ જેવો માહોલ






**અબતક, રાજકોટ**

એક તરફ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં વર્લ્ડ કપના ફાઈનલનો ઉત્સાહ ચરમસીમાએ હતો તો બીજી તરફ રાજકોટમાં પણ ક્રિકેટ રસિકોએ સરગમ કલબના સંગાથે હેમુ ગઢવી હોલમાં વિશાળ સ્ક્રીન ઉપર આખો મેચ નિહાળી સ્ટેડીયમ જેવી જ મજા લીધી હતી.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ પોતે ક્રિકેટ પ્રેમી છે અને તેમણે જબરું આયોજન કર્યું હતું. લગભગ ૨૫૦ જેટલા ત્રિરંગા અને ૧૦ જેટલા ઘંટ માહોલ બનાવવા માટે રાખ્યા હતા. જેમ ચોગ્ગા અને છગ્ગા લાગતા હતા તેમ તેમ ઘંટનાદ થતો હતો અને ડી.જે.ની ધમાલ બોલતી હતી. ૪૫ બાય ૧૪ની એલ.ઈ.ડી. ઉપર આ મેચ નિહાળવો એ મીની સ્ટેડીયમ જેવો અનુભવ કરાવતો હતો. આ મેચ નિહાળવા માટે પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ઉદ્યોગપતિ હરેશભાઈ લાખાણી, દુબઈ નિવાસી પીયુષભાઈ પારેખ, તેજસભાઈ ભટ્ટી, મીતેનભાઈ મહેતા, નીલુબેન મહેતા, અલ્કાબેન ધામેલીયા, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ ઉપરાંત સરગમ કલબના કમિટી મેમ્બર્સ અને ક્રિકેટપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# જીવનમાં મેનેજમેન્ટ કરતાં આવડી જાય તેના બધા પ્રોબ્લમ સ્લોવ થઈ જાય : ધીરગુરુદેવ



## પવઈ સંઘની વિવિધ યોજનામાં રૂ.૧. ૭૫ કરોડનું ફંડ

**અબતક, રાજકોટ**

શ્રી પવઈ સ્થાનકવાસી જૈન સંઘ, મહાવીર ધર્માલયના ઉપક્રમે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા ધીરગુરુદેવ અનુગ્રહથી ૪ કરોડના ખર્ચે નિર્મિત નલિનીબેન મહેન્દ્રભાઈ દોશી - વર્ધમાન વૈયાવચ્ચ ભવન અને ધનવંતીબેન વલ્લભજી ગોગરી પરિવાર પ્રેરિત ધનવલ્લભ વિવિધલક્ષી હોલનું ઉદઘાટન તા. ૮/૩/૨૬ના મહેન્દ્રભાઈ સંગોઈના પ્રમુખપદે યોજાયેલ.

આ પ્રસંગે પૂ. નરેશમુનિ મ. સા., નિરંજનમુનિ મ. સા, પંથકમુનિ મ.સા. તથા ગોંડલ, સંઘાણી, મોટીપક્ષ, ગોપાલ સંપ્રદાયના મહાસતીજી ઠાણા - ૧૨ પધાર્યા હતા.

રીચમોન્ડ હોલમાં ગુરુદેવે જણાવેલ કે - જીવનમાં મેનેજમેન્ટ કરતાં આવડી જાય તેના ઓલ પ્રોબ્લમ સ્લેવ થઈ જાય. ધર્મની વાતો કરવા કરતાં ધર્મભાવની વૃદ્ધિ અતિ જરૂરી છે.

વર્ધમાન જૈનશાળાના બાળકો અને પદમા લાખાણી, મેઘના દેસાઈએ સ્વાગત ગીત રજૂ કરેલ. સંઘ પ્રમુખ મુકેશ દોશીએ સહુનું સ્વાગત કરેલ. ચંદ્રકાંત ગોગરીએ બિનસાંપ્રદાયિક બનવા અને રાજેન્દ્ર ગોગરીએ રાગ-દ્વેષની મુક્તિ માટે સજાગ બનવા અનુરોધ કરેલ.

મેઘના શ્રીકાંત ગુણવંત દોશીએ વૈયાવચ્ચનો રૂ. ૫૧ લાખમાં અને નવકાર મંત્ર તક્તિનો રૂ. ૨૧ લાખમાં ભોગીલાલ જગજીવનદાસ બગડીયા તથા તાલાદઘાટનનો ગોગરી પરિવારે રૂ. ૧૫ લાખમાં લાભ લીધેલ.

આમ વિવિધ યોજનામાં રૂ. ૧.૭૫ કરોડનું ફંડ થવા પામેલ. જીવદયાનો ચડાવો તનુજાબેન જી. દોશી, દર્શિતા હિતેષ જસાણીએ લીધેલ. ગુરુદેવ તાડદેવ ઉપાશ્રયે સોમવારે પધારશે.

તા. ૧૫ને રવિવારે વિલેપારલામાં જૈન પ્રકાશ માસિક પત્રનો વિમોચન વિધિ મીનળબેન રોહિતભાઈ શાહના હસ્તે યોજાશે.

### ‘નારી તું નારાયણી’

# ભાજપ દ્વારા રાજ્ય - રાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ કામગીરી કરનાર નારી રત્નોનું સન્માન



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૧૪ થી દેશના વડાપ્રધાન તરીકે કાર્યરત છે ત્યારથી તેઓએ મહિલા સશક્તિકરણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. મહિલાઓને પ્રોત્સાહન આપવા અને સન્માન કરવાનું કોઈ તક ચુકતા નથી. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રદેશ ભાજપ મહિલા મોરચા પ્રમુખ અંજુબેન વેકરીયા અને રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી કિરણબેન હરસોડા, માધવીબેન જોગીયાની આગેવાનીમાં ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે રાજકોટ શહેરમાં વસતા વિવિધ ક્ષેત્રમાં રાષ્ટ્રીય, રાજ્ય કે શહેર સ્તરે વિશિષ્ટ કામગીરી કરેલ હોઈ તેવી મહિલાઓને સન્માનિત કરવામાં આવેલ જેમાં દિવ્યાંગ બહેન મહેતા ભુમિબેન કે જેઓ ખેલ મહાકુંભ પેરાશૂટર ગોલ્ડ મેડલીસ્ટ, રાજયકક્ષા ખેલ મહાકુંભ લેવલ મેડલ ચેમ્પીયન કરાટે સરવૈયા રાધિકા રાજેશભાઈ, કલેકટર દ્વારા સંસ્થાકીય સેવા માટે શ્રેષ્ઠ એવોર્ડ મેળવનાર રૂપલબેન વેકરીયા, શિક્ષણ ક્ષેત્રે પર્યાવરણ સંબધી શાળાને ઈકો સ્કુલ માટે ગ્રીન ફલેગ મેળવનાર માંકડ જુઈ જયંતભાઈ, વર્લ્ડ લેવલ મહિલા ક્રિકેટ ટીમના કોચ નંદિતાબેન અઢિયા (બીપીનભાઈ અઢિયા), નેશનલ પ્લેયર, ગોળાફેંક, ચક્રફેંક અને ૫૦ થી વધુ બ્લડ ડોનેટ દિવ્યાંગ ઈલાબેન દોશી, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ રસીકભાઈ પ્રજાપતિ અને વંદેમાતરમના પ્રચાર પ્રસારના ડો. હાર્દિકભાઈ નિમ્બાર્ક, પૂર્વમંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રાજકોટ વિધાનસભા-૬૯ ના ડો. દર્શિતાબેન શાહ, વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયરશ્રી નયનાબેન પેઢડીયાના હસ્તે ઉપસ્થિત વિવિધ ક્ષેત્રમાં કરવામાં આવેલ કામગીરી અને એવોર્ડ વિજેતા બહેનોને સન્માનીત કરવામાં આવેલ હતા. આ તકે શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, શહેર ઉપપ્રમુખ દીપાબેન કાચા, મેઘાબેન વૈશ્ણવ, શહેર મંત્રી ધર્મિષ્ઠાબેન વાઘેલા સહિત તમામ શ્રેણીના મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઋષભ રૂપાણીએ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના સંતોના લીધા આશિર્વાદ

## પિતા દિવંગત વિજયભાઈ રૂપાણીના પગલે પુત્ર ઋષભ રૂપાણીના ધર્માનુરાગી પ્રવૃત્તિઓથી સંતોએ રાજીપો વ્યક્ત કર્યો



**અબતક, રાજકોટ**

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીના પુત્ર વૃષભભાઈ રૂપાણી પિતા ના પગલે ધર્મનુરાગી અભિગમ સાથે દેવસ્થાનોની આસ્થાભેર મુલાકાતો લઈ રહ્યા છે, તેમણે જણાવ્યું હતું કે મારા પિતા વિજયભાઈ રૂપાણી એ વાતને દ્રઢપણે માનતા હતા કે બીએપીએસ સંસ્થા એ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મ ના પ્રચાર, નું ભગીરથ કાર્ય કર્યું છે, મહંત સ્વામી મહારાજ આજે પણ એ જ યજ્ઞને આગળ વધારી રહ્યા છે.

ઋષભભાઈ રૂપાણીએ બ્રહ્મવિહારી સ્વામી,ઈશ્વર ચરણ સ્વામી, અપૂર્વમુની સ્વામી, જ્ઞાન વત્સલ સ્વામી, અક્ષર પ્રેમ સ્વામી સહિતના સંતો ના આશીર્વાદ મેળવી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં માથું ટેકવી ધન્યતા પ્રાપ્ત કરી હતી, અને તમામ સંતોએ વિજયભાઈ રૂપાણી ને સ્નેહ ભરી રીતે યાદ કરી સ્મરણાંજલિ આપી દિવંગત વિજયભાઈની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# રાજકોટથી રામચરિત માનસ મંદિરની પદયાત્રામાં ઉમટ્યો માનવ મહેરામણ



**અબતક, રાજકોટ**

મોરબી રોડ પર રતનપર ખાતે દર્શનીય યાત્રાધામ શ્રીરામચરિતમાનસ મંદિરમાં ભવ્ય ફૂલડોલ મહોત્સવ અંતર્ગત હરિચરણદાસજી મહારાજ ના શુભાશિષથી દર વર્ષની પરંપરા મુજબ રાજકોટથી રામચરિતમાનસ મંદિરની પદયાત્રાનું આયોજન થયું હતું. જેનો પ્રારંભ ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિર જંક્શન પ્લોટથી સવારે ૭-૦૦ કલાકે થયો હતો.


સિયારામ મંડળી આયોજિત શ્રમ, આરોગ્ય, શિક્ષણ અને અધ્યાત્મનો સંદેશો ફેલાવતી આ પદયાત્રામાં ભાવિકો, દર્શનાર્થીઓ જોડાયા હતા. ગીતા વિદ્યાલયથી વાજિંત્રો સાથે ધૂન-ભજન સત્સંગ તથા બ્રાહ્મણોના મંત્રોચ્ચાર તથા જયશ્રીરામના જયઘોષ સાથે ભાવપૂર્ણ પદયાત્રાનો પ્રારંભ થયો હતો. રામમંદિરના અધ્યક્ષ જયરામદાસજી મહારાજ સ્વયં માર્ગમાં પદયાત્રામાં જોડાયા હતા.

દરેક પદયાત્રીને આલ્ફા જવાહર નવોદય હોસ્ટેલ જસદણ તથા અન્ય દાતાઓના સહયોગથી આકર્ષક, ઉપયોગી સ્મૃતિભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ગૌરીદડ તથા રામમંદિરે પદયાત્રાનું માથે ઈંઢોણી લીધેલી કુમારિકાઓ દ્વારા ભાવભર્યું સામૈયું થયું હતું. પદયાત્રીઓએ લાવેલ ધ્વજાજી રણછોડરાયજીને ચડાવવામાં આવી હતી. આ પદયાત્રીઓએ રામચરિતમાનસ મંદિર ખાતે ધર્મસભામાં ભાગ લીધો હતો.

### વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા મહિલા દિનની વિશિષ્ટ ઉજવણી

# ગૃહિણીઓના લાઈફ સ્ટાઈલ સંબંધિત રોગો માટે જાગૃતિનો યોજાયો સફળ સેમિનાર

## વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાત તજજ્ઞોનું માર્ગદર્શન મહિલાઓ માટે બન્યું આશિર્વાદ



**અબતક, રાજકોટ**

ગુજરાતભરમાં મહિલાઓમાં લાઈફસ્ટાઈલ સંબંધિત રોગો ઝડપથી વધતા જતા હોવાના પરિપેક્ષ્યમાં વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આધુનિક વર્કિંગ વુમનમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર કેન્દ્રિત બે વિશેષ આરોગ્ય વર્કશોપનું આયોજન કરાયું હતું.

ગુજરાતમાં મહિલાઓમાં લાઈફસ્ટાઈલ સંબંધિત રોગોનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. અભ્યાસ મુજબ રાજ્યની અંદાજે ૧૨.૪% મહિલાઓ ડાયાબિટીસથી પીડિત છે, જ્યારે પોલીસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ (PCOS) જેવા હોર્મોનલ રોગો ભારતમાં પ્રજનનક્ષમ વયની લગભગ ૧૦ થી ૧૨% મહિલાઓને અસર કરે છે, જેમાં શહેરોની જીવનશૈલી જોખમ વધારતી હોવાનું માનવામાં આવે છે.

આ વધતી ચિંતાઓને ધ્યાનમાં રાખીને વોકહાર્ટ હોસ્પિટલ્સે વર્કિંગ વુમનની બદલાતી આરોગ્ય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ફિઝિશિયન, સાયકિયાટ્રિસ્ટ અને ડાયટિશિયનને સાથે રાખી બે ઈન્ટરએક્ટિવ વર્કશોપનું આયોજન કર્યું હતું.

પ્રથમ વર્કશોપ ‘‘બેલેન્સીંગ હોર્મોન્સ, માઈન્ડ એન્ડ મેટાબોલિઝમ - ધી મોર્ડર્ન વર્કિંગ વિમેન્સ સર્વાઈવલ ગાઈડ’’ વિષય પર આધારિત હતો, જેમાં વર્કિંગ વુમનમાં સામાન્ય હોવા છતાં ઘણીવાર અવગણાતા આરોગ્ય પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ફિઝિશિયન્સે થાઈરોઈડ ડિસઓર્ડર, PCOS, એનિમિયા, થાક અને લાઈફસ્ટાઈલ સંબંધિત મેટાબોલિક સમસ્યાઓ અંગે માર્ગદર્શન આપ્યું. સાઈકિયાટ્રિસ્ટે વ્યાવસાયિક અને વ્યક્તિગત જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવવાના કારણે સર્જાતા મૂડ સ્વિંગ્સ, ચિંતા અને બર્નઆઉટ જેવા માનસિક પ્રભાવ અંગે ચર્ચા કરી. ડાયટિશિયનોએ હોર્મોનલ સંતુલન માટે અનુકૂળ આહાર અને દૈનિક ઊર્જા સંતુલન જાળવવા માટેના પોષણ આધારિત ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

બીજો વર્કશોપ ‘‘સ્ટ્રેસ, સ્લીપ એન્ડ સુગર - ધી હિડન હેલ્થ ટ્રાઈએંગલ ઈન વર્કિંગ વુમન’’ વિષય પર યોજાયો, જેમાં તણાવ, ઊંઘમાં વિક્ષેપ અને મેટાબોલિક રોગો વચ્ચેના મજબૂત સંબંધ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વોકહાર્ટ હોસ્પિટલ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી ઝહાબિયા ખોરાકીવાલાએ જણાવ્યું હતું કે, આજની મહિલાઓ એક સાથે અનેક ભૂમિકાઓ અને જવાબદારીઓ નિભાવી રહી છે, જેમાં ઘણીવાર તેઓ પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતી નથી.

આ સાથે વોકહાર્ટ હોસ્પિટલ્સના ગ્રુપ એચઆર હેડ અમિયા સાહુએ જણાવ્યું હતું કે, મહિલાઓ કાર્યક્ષેત્રનો અગત્યનો ભાગ છે અને તેમની સુખાકારી પરિવાર, કાર્યસ્થળ અને સમાજ પર સીધી અસર કરે છે. આજના ઝડપી સમયમાં તણાવ સંચાલન, ઊંઘનું સ્વાસ્થ્ય અને મેટાબોલિક રોગો અંગે જાગૃતિ લાવવી અત્યંત મહત્વપૂર્ણ છે.

### સીસીઈની પરીક્ષા આપતા વિદ્યાર્થી માટે સુવર્ણ તક

# સૌરાષ્ટ્ર યુનિ. સીસીડીસી દ્વારા શનિવારે ‘મેથ્સ- રીઝનીંગ’ વિષયક વર્કશોપ

**અબતક, રાજકોટ**

કેરીયર એન્ડ કાઉન્સેલીંગ સેલ (સીસીસી) અને કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સીસીડીસી) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માધ્યમથી રાજ્ય અને કેન્દ્ર સરકારની જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી તાલીમશાળાઓ અને રેગ્યુલર કોચીંગ મારફત સફળતાપૂર્વક કરાવવામાં આવે છે. અનેક પરીક્ષાઓમાં સીસીડીસીના છાત્રોએ રેકોર્ડબ્રેક પરિણામો મારફત સીસીડીસીની કોચીંગ પદ્ધતિ ‘‘સચોટ‘‘ છે તેવું પ્રતિપાદિત કરેલ છે. આગામી સમયમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સી.સી.ઈ. ની ગૃપ-એ અને બી ની જૂનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક વગેરે માટેની પ્રાથમિક પરીક્ષાની તૈયારી કરતા છાત્રોને મેથ્સ અને રીઝનીંગ વિષયક સચોટ અને સ્માર્ટ ટીપ્સ સાથે વિનામૂલ્યે માર્ગદર્શન આપવાનું આયોજન સી.સી.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ છે.

આ નિઃશુલ્ક કાર્યશાળામાં જૂનિયર ક્લાર્કની તૈયારી કરતા છાત્રોને જાણીતા તજજ્ઞ સમીરભાઈ જાવીયા દ્વારા મેથ્સ અને રીઝનીંગની પરીક્ષાલક્ષી સ્માર્ટ ટીપ્સ આપવામાં આવનાર છે. જૂનિયર ક્લાર્કની તૈયારી કરતા તમામ છાત્રોને ઉપરોક્ત વિનામૂલ્યે યોજાનાર તાલીમ શાળામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ નીચે આપેલ ગુગલ ફોર્મની લીંક પરથી ફોર્મ ભરવાનું રહેશે. રજિસ્ટ્રેશનની છેલ્લી તા. ૧૩-૦૩-૨૦૨૬ રહેશે.

આ કાર્યશાળમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઈન નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે, વધુ માહિતી માટે વિદ્યાર્થીઓએ સી.સી.ડી.સી. કાર્યાલય, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે (ઓફિસ સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે. રજીસ્ટ્રેશન ગુગલ ફોર્મ લીંક https://forms.gle/L4aiYnGPvtcfXQMe9

### આંતરરાષ્ટ્રીય મહિલા દિને

# એડિશનલ કલેકટરની ઉપસ્થિતિમાં ૪૫૦ બહેનોએ રમત-ગમત સ્પર્ધામાં ગજવ્યું મેદાન




**અબતક, રાજકોટ:** ‘‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ‘‘ની ઉજવણી એથ્લેટીકસ મેદાન, રેસકોર્ષ, રાજકોટ ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં મુખ્ય અતિથિ એડિશનલ કલેકટર ઈલાબેન ગોહિલ હાજર રહેલ તથા મહિલા કોલેજના ફિઝિકલ ડાયરેકટર પુનમબેન,શિશુ મંદિર સ્કૂલના પ્રિન્સિપાલ પણ આ તબક્કે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ સિદ્ધિઓ મેળવેલ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ૪૫૦ બહેનોએ જુદી જુદી રમત સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ત્રણ વયજૂથ હતા.(૧)અંડર ૧૩ (૨) ૧૩ થી ૧૮ વર્ષ (૩) ૧૮ વર્ષથી ઉપરની બહેનો દ્વારા ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ અને રસ્સાખેંચ સ્પર્ધામાં ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ.

# ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજની મેઘા લીંબાસીયાની રાજ્ય કક્ષાની ‘યુથ પાર્લામેન્ટ’ માટે પસંદગી




**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) કાર્યક્રમ અંતર્ગત જીલ્લા કક્ષાના યુથ પાર્લામેન્ટનું આયોજન આર્ટ ગેલેરી ખાતે કરવામાં આવેલ હતું. જેમાં જીલ્લાની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તેમાં ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ - રાજકોટના વિદ્યાર્થીની મેઘા લીંબાસીયાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ હતું અને તેઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામી પ્રશંસનીય સિદ્ધિ મેળવેલ છે.

આ ગૌરવશાળી ક્ષણના ભાગરૂપે તેઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં કોલેજનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છે. આ ભવ્ય સફળતા બદલ કોલેજના આચાર્ય ડો.પરેશ રાવલ અને સમગ્ર સ્ટાફે તેને શુભકામનાઓ પાઠવી પ્રોત્સાહિત કર્યા છે.



## ગુજરાતમાં શહેરીકરણ હરણફાળ ભરી રહ્યું છે

# શહેરો પરનું ભારણ ઘટાડવા સેટેલાઇટ ટાઉન ઉભા કરવા સરકારે કમર કસી

## અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાને હવે તેના નજીકના સેન્ટરો સાથે હાઇ–સ્પીડ રેલ નેટવર્કથી જોડાશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત સરકારે શહેરી પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા માટે એક મોટી પહેલ હાથ ધરી છે, જેમાં અમદાવાદને તેની આસપાસના ઝડપથી વિકસતા વિસ્તારો સાથે જોડવા માટે રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆઈટીએસ) નું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત અમદાવાદને સાણંદ, કલોલ, મહેસાણા અને દહેગામ સાથે હાઇ–સ્પીડ રેલ નેટવર્કથી જોડવામાં આવશે.

### શું છે આઈઆરટીએસ?

રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ એ હાઇ-સ્પીડ, ઉચ્ચ ક્ષમતાવાળી કમ્યુટર રેલ સેવા છે, જે મેગા સિટીને તેની આસપાસના સેટેલાઇટ ટાઉન્સ સાથે ઝડપી અને આરામદાયક પરિવહન માટે જોડે છે.

### હીરાસરને સેટેલાઇટ ટાઉન તરીકે વિકસાવાશે

અગાઉ ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ દ્વારા કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હીરાસરને સેટેલાઇટ ટાઉન્સ તરીકે વિકસાવવા માટે નોટિફાય કરવામાં આવ્યા હતા. આ શહેરો તેમના મૂળ શહેરો સાથે મજબૂત આર્થિક જોડાણ ધરાવે છે અને વિકાસની ઉચ્ચ સંભાવનાઓ દર્શાવે છે. ત્યારે હવે આ નવા આરઆરટીએસ પ્રોજેક્ટ થકી આ સેટેલાઇટ ટાઉન્સમાં પરિવહન ઝડપી બનશે અને સ્થાનિક અર્થતંત્રને વધુ વેગ મળશે.

રાજ્ય સરકારના આગામી તબક્કાના શહેરી વિસ્તરણના ભાગરૂપે આ પ્રોજેક્ટને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો

### ક્યા શહેરોને ક્યાં નજીકના સેન્ટરો સાથે જોડાશે ?

અમદાવાદ સાણંદ, કલોલ, મહેસાણા, દહેગામ, સુરત નવસારી, બારડોલી, વલસાડ, વડોદરા આણંદ, નડિયાદ, ડભોઇ , રાજકોટ વાંકાનેર, ગોંડલ

(અનુ. આઠમા પાને)

**સરકારે અર્બન ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવાની જવાબદારી એનસીઆરટીસીને સોંપી**

# રેમ્યા મોહન રાજકોટ મહાપાલિકાના વહીવટદારઃ ૧૨મીએ ચાર્જ સંભાળે તેવી શકયતા

## અમદાવાદમાં મુકેશકુમાર, રાજકોટમાં રેમ્યા મોહન, જામનગરમાં આરતી કંવર, ભાવનગરમાં હર્ષદ પટેલ, સુરતમાં મિલિન્દ તોરવણે અને વડોદરામાં શાલિની અગ્રવાલને વહિવટદાર તરીકે મૂકાયા

## ભાવનગર,વડોદરા અને અમદાવાદમાં આજે અને રાજકોટ–સુરતમાં બુધવારે જયારે જામનગર મહાપાલિકામાં વર્તમાન બોડીની મૂદત ગુરૂવારે પૂર્ણ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યની છ મહાપાલિકાઓમાં ચૂંટાયેલી વર્તમાન બોડીની મૂદત આગામી ચાર દિવસમાં પૂર્ણ થઈ રહી છે. એસઆઈઆરની કામગીરીના કારણે ચૂંટણી યોજી શકાય નથી દરમિયાન રાજ્ય સરકાર દ્વારા સિનિયર આઈએએસની અલગ અલગ મહાપાલિકાઓમાં વહિવટદાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જયા સુધી નવી ચૂંટાયેલી બોર્ડ વિધિવત રીતે સત્તારૂઢ નહી થાય ત્યાં સુધી વહીવટદાર શાસન રહેશે. આજે સાંજે અમદાવાદ, ભાવનગર અને વડોદરા મહાપાલિકાની વર્તમાન બોડીની મૂદત પૂરી થઈ રહી છે. આગામી બુધવારે રાજકોટ અને સુરત મહાપાલિકાની જયારે સૌથી છેલ્લે અર્થાત ગૂરૂવારના રોજ જામનગર મહાપાલિકાની મૂદત પૂર્ણ થઈ રહી છે.મેયર, ડે.મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા, શાસક પક્ષના દંડક વિવિધ સમિતિઓનાં ચેરમેન સહિત ચૂંટાયેલા કોર્પોરેટરો નિવૃત થઈ જશે.





રાજય સરકાર દ્વારા ગત શનિવારે સાંજે રાજયની છ મહાપાલિકાઓ જેની વર્તમાન ચૂંટાયેલી બોડીની મૂદત આગામી સપ્તાહે પૂર્ણ થઈ રહી છે. તેના માટે વહીવટદારની નિમણુંક કરવામાં આવ્યા છે. અમદાવાદ મહાપાલિકાના વહીવટદાર તરીકે સિનિયર આઈએએસ મુકેશકુમારની નિયુકતી કરાય છે. તેઓ આવતીકાલે ચાર્જ સંભાળશે ભાવનગર મહાપાલિકાના વહીવટદાર તરીકે હર્ષદકુમાર પટેલની નિયુકતી કરાય છે. જયારે વડોદરા મહાનગરપાલીકાના વહીવટદાર તરીકે શાલીની અગ્રવાલની નિયુકતી કરાય છે. આ બંને આવતીકાલે ચાર્જ સંભાળી લેશે. રાજકોટ મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે પૂર્વ કલેકટર રેમ્યા મોહનની નિયુકતી કરાય છે. તેઓ આગામી૧૨મી માર્ચ ચાર્જ સંભાળશે. સુરત મહાનગરપાલીકાના વહીવટદાર તરીકે મિલિન્દ તોરવણેની નિયુકતી કરાય છે. જે ૧૨મી માર્ચ ચાર્જ સંભાળશે. જયારે જામનગર મહાપાલિકાના વહીવટદાર તરીકે રાજકોટના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર આરતી કંવરને મૂકવામાં આવ્યા છે. તેઓ ૧૩મી માર્ચ ચાર્જ સંભાળશે.

૨૦૨૧માં પણ કોરોનાના કારણે ચૂંટણી પાછી ઠેલાય હતી. જેના કારણે ઉકત છ મહાપાલિકાઓમાં અંદાજે ત્રણ માસના સમય ગાળા માટે વહિવટદાર શાસન રહ્યું હતુ. પરંતુ તે સમયે કોવિડમહામારીના કારણે સીનીયર આઈએએસને અલગ અલગ જિલ્લા અને મહાનગરોની જવાબદારી સોંપવામાં આવી હતી જેના કારણે તમામ છ મહાપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશનરને જ વહીવટદાર બનાવવામા આવ્યા હતા અને સ્ટેન્ડીંગ કમિટીના પણ પાવર આપવામા આવ્યા હતા.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પરિણામ બાદ જયાં સુધી નવા પદાધિકારીઓની વિધિવત વરણી કરવામાં નહી આવે ત્યાં સુધી વહીવટદાર શાસન અમલમાં રહેશે. રાજયની અમદાવાદ, ભાવનગર અને વડોદરા મહાપાલિકામા આવતીકાલથી જ વહીવટદાર રાજ આવી જશે. રાજકોટમાં ગુરૂવાર જયારે જામનગરમાં શુક્રવારથી વહીવટદાર રાજ આવશે.



# ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ આંબ્યોઃ આજથી ત્રણ દિવસ હિટવેવ

## રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, બોટાદ, ભાવનગર, અમદાવાદ અને કચ્છ સહિતના જિલ્લામાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીએ આંબી જવાની શકયતા

## રવિવારે 'રવિ' રહ્યા આકરાઃ રાજકોટ અને સુરેન્દ્રનગરમાં પારો ૪૦ ડિગ્રીએ આંબ્યો, આઠ શહેરોમાં તાપમાન ૩૯ ડિગ્રીને પાર

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં ઉનાળાના આરંભે જ સૂર્યનારાયણ આકાશમાંથી આગ ઓકી રહ્યા છે. રવિવારે દિવસે 'રવિ' થોડા ગરમ રહ્યા હતા. રાજકોટ અને સુરેન્દ્રનગરમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો હતો.જયારે આઠ શહેરોમાં પારો ૩૯ ડિગ્રીને પાર થઈ ગયોહતો. રાજયમાં આગામી ત્રણ દિવસ સુધી હિટવેવની આગાહી આપવામાં આવી છે. યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અનેક શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર થઈ જશે. ઉનાળાના આરંભે જ ઉંચા તાપમાનથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે.

રાજયમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ગઈકાલે રવિવારે આકરા તડકા પડયા હતા. સૌરાષ્ટ્ર જાણે અગન ભઠ્ઠીમાં શેકાયું છે. રાજકોટ અને સુરેન્દ્રનગર ૪૦ ડિગ્રી સેલ્સીયસ તાપમાન સાથે રાજયનાં સૌથી ગરમ શહેર રહ્યા હતા. ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું મહતમ તાપમાન ૩૯.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૮.૫ ડિગ્રી, દક્ષિણ ગુજરાતનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૯.૧ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, કચ્છના ભૂજનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૭ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૮ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં ભાવનગરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૮.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૯.૪ ડિગ્રી,પોરબંદરનું તાપમાન ૩૫ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રી, વેરાવળનું તાપમાન દિવનુંતાપમાન ૩૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી અને કેશોદનું મહતમ તાપમાન ૩૯.૨ ડિગ્રીએ આંબ્યું હતું.

આગામી ૩ દિવસ રાજયભરમાં હિટવેવની આગાહી આપવામાં આવી છે.રાજકોટ, અમરેલી, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, વડોદરા, સુરત સહિતના જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમૂક શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીએ આંબી જવાની પણ સંભાવના છે.

આ વર્ષે ઉનાળો આક્રો રહે તેવી દહેશત હવામાન વિભાગ અગાઉ જ કરી ચૂક્યો છે. દરમિયાન માર્ચ મહિનામાં ઉનાળાના આરંભ સાથે જ મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીનું પાર થઈ ગયો છે.આગામી ત્રણ દિવસની આગાહી આપવામાં આવી છે.રાજ્યના કેટલાક શહેરો મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર થઈ જાય તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

# વીજ ખાનગીકરણ સામે દેશવ્યાપી બ્યૂગલઃ કાલે પાવર એન્જિનિયરોનું 'આકસ્મિક આંદોલન'

## દેહરાદૂન ખાતે મળેલી ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન ની બેઠકમાં ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ સામે ઉગ્ર રોષ ગુજરાતના વીજ સંગઠનોએ પણ આપ્યો ટેકો



**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા ચાલુ બજેટ સત્ર દરમિયાન સંસદમાં ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ રજૂ કરવાના અહેવાલોને પગલે દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જિનિયરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ ગંભીર મુદ્દે ચર્ચા કરવા માટે ૦૮ માર્ચ ૨૦૨૬ના રોજ દેહરાદૂન ખાતે ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન () ની ફેડરલ એક્ઝિક્યુટિવની મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મક્કમ નિર્ણય મુજબ, જો સરકાર સંસદમાં આ બિલ રજૂ કરવાની કાર્યવાહી આગળ વધારશે, તો આગામી ૧૦ માર્ચ ૨૦૨૬ ના રોજ સમગ્ર દેશમાં 'આકસ્મિક

(અનુ. આઠમા પાને)

### પીજીવીસીએલમાં કામદાર એકતાનો વિજય

## મેનેજમેન્ટના આદેશ છતાં ૨૮૧ સબ ડિવિઝનમાં કેશ કલેક્શન સજ્જડ બંધ

### બળદેવભાઈ પટેલના આહવાનથી 'વર્ક ટુ રૂલ' આંદોલન સફળ રવિવારે પણ વિન્ડો કલેક્શન અને ડિશ–કનેક્શનની કામગીરી ઠપ્પ

માર્ચ મહિનાના કલેક્શન ટાર્ગેટ પૂરા કરવાના હેતુથી પીજીવીસીએલ મેનેજમેન્ટ દ્વારા રવિવારના રોજ કેશ કલેકશન વિન્ડો ખુલી રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જોકે, અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (AGVKS) દ્વારા વિવિધ પડતર માંગણીઓ મુદ્દે મેનેજમેન્ટને આપવામાં આવેલી આંદોલનની નોટિસ અન્વયે હાલ 'વર્ક ટુ રૂલ' આંદોલન કાર્યરત છે. આ આંદોલનના ભાગરૂપે સંઘના સિનિયર સેક્રેટરી જનરલ શ્રી બળદેવભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તમામ સર્કલના હોદ્દેદારોએ આપેલી હાકલને પગલે આજે પીજીવીસીએલના તમામ ૨૮૧ સબ ડિવિઝનોમાં કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

સમગ્ર પીજીવીસીએલ વિસ્તારમાં કેશ કલેકશન વિન્ડો અને ડિસ-કનેકશનની કામગીરી જડબેસલાક બંધ રહી હતી. મેનેજમેન્ટના આદેશને નકારીને કામદારોએ એકજુથ થઈને આંદોલનમાં સહભાગી થઈ પોતાની એકતાનો પરિચય આપ્યો હતો. સંઘ પ્રત્યે અતૂટ વિશ્વાસ વ્યકત કરવા બદલ અને રવિવારના દિવસે પણ આંદોલનને સો ટકા સફળ બનાવવા બદલ મધ્યસ્થ કાર્યાલય રાજકોટ દ્વારા સબ ડિવિઝનથી લઈ કોર્પોરેટ કચેરી સુધીના તમામ સભ્યો અને હોદ્દેદારોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો છે. ' જિંદાબાદ' અને 'કામદાર એકતા જિંદાબાદ'ના નારા સાથે કર્મચારીઓએ પોતાની માંગણીઓ માટે મક્કમતા દર્શાવી હતી.

# હવે રેલવેની ધણધણાટીઃ લક્ષ્મીનગર બ્રિજ પાસે ૩૫૦ દબાણોનો સફાયો

## રેલવેની જમીન પર ઝુંપટડા સહિતના દબાણો હટાવવા ૪૦૦થી વધુ પોલીસ જવાનોના ચુસ્ત બંદોબસ્ત અને ૨૦થી વધુ જેસીબી દ્વારા સવારથી ડિમોલીશનની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં તાજેતરમાં કોર્પોરેશન દ્વારા ૧૫૦૦ થી વધુ દબાણો દુર કરજામાં આવ્યા હતા. દરમિયાન હવે રેલવેએ ધણધણાવી બોલાવવાનું શરુ કર્યુ છે. શહેરના લક્ષ્મીનગર અન્ડર બ્રિજ પાસે આવેલા સીડીએસ બીપીન રાવત અન્ડર બ્રિજ પાસે રેલવેની જમીનમાં વર્ષોથી ખડકાયેલા દબાણો દુર કરવા આજે સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશનની કામગીરી શરુ કરવામાં આવી છે. કેટલાક લોકોએ પોતાના ઝુંપડા જાતે જ




તસવીરઃ શૈલેષ વાડોલિયા



સળગાવી નાખ્યા હતા. દબાણ હટાવની કામગીરી દરમિયાન થોડું ઘર્ષણ ઉભુ થતા પોલીસે કેટલાક લોકોને પકડીને દરુ કર્યા હતા.

શહેરના લક્ષ્મીનગર વિસ્તારમાં સીડીએસ બીપીન રાવત બ્રિજની ઉપર રેલવેની જમીન પર ખડકાયેલા ૩૫૦ થી વધુ દબાણો દુર કરવા માટે ગત ૧૧મી ફેબ્રુઆરીના રોજ દબાણકર્તાઓને અંતિમ નોટિસ આપવામાં આવી હતી. આજે સવારે રેલવેના અધિકારીઓ ૪૦૦ થી વધુ પોલીસ જવાનના ચુસ્ત બંદોબસ્ત ૨૦ થી વધુ જેસીબી ૫૦ થી વધુ ટ્રેકટર સહિતની મશીનરી સાથે ડિમોલીશન માટે ત્રાટકયા હતા. રેલવે પોલીસની સાથે આરપીએફના માલવીયાનગર પોલીસ સ્ટેશન, અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પણ જોડાયા હતા. ભકિતનગર રેલવે સ્ટેશનને આધુનિક બનાવવાનો પ્રોજેકટ હવે પુર્ણતાના આરે છે.

ત્યારે અહીં રેલવેની આશરે ૫ એકર જમીન પર ખડકાયેલા ૩૫૦ થી વધુ દબાણો દુર કરવા માટે ડિમોલીશનની કામગીરી શરુ કરવામાં આવી છે.

ડિમોલીશન શરૂ કરતાની સાથે જ દબાણકર્તાએ ઘર્ષણમાં ઉતર્યા હતા. દરમિયાન બંદોબસ્તમાં રહેતા પોલીસ જવાનોએ તેઓને હાથ પકડી પકડીને સ્થળ પરથી કાઢયા હતા.